# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

24 JUNE-2026 WEDNESDAY

વર્ષ-15 । અંક-221 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક






પેજ-08
નવાઝુદ્દીન સાથે ઈન્ટીમેટ સીનમાં અસહજ થઈ ગઈ હતી અભિનેત્રી!



પેજ-09
નાઈટ ક્લબ વિવાદ બાદ બેન સ્ટોક્સની કેપ્ટન તરીકે વાપસી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 29.00 |
| વડોદરા | 37.00 | 29.00 |
| સુરત | 32.00 | 27.00 |


પેજ 5




ભારતીય સ્ટાર્ટઅપ ફંડિંગમાં ૪૩%નો મોટો ઘટાડો

વોશિંગ્ટનમાં ભારતીય અપર્ણા રાજે ચૂંટણી જીત્યા




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76200.68 | ▼ | 893.39 |
| નિફ્ટી | 23824.10 | ▼ | 278.80 |
| સોનું | 146555.00 | ▼ | 1563.0 |
| ચાંદી | 226900.0 | ▼ | 7410.00 |

### ૬૫ હસ્તીઓને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવી : અલકા યાજ્ઞિક, મમ્મૂટી અને વિજય અમૃતરાજ પદ્મ ભૂષણથી સન્માનિત

# રાષ્ટ્રપતિના હસ્તે પદ્મ પુરસ્કારોનું વિતરણ







(એજન્સી) નવી દિલ્હી । તા. 23

રાષ્ટ્રપતિ ભવનમાં મંગળવારે આયોજિત એક ભવ્ય સમારોહમાં દેશની ૬૫ પ્રતિષ્ઠિત હસ્તીઓને પદ્મ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર મહાનુભાવોને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.પદ્મ પુરસ્કારોના આ બીજા તબક્કાના સમારોહમાં ૨ પદ્મ વિભૂષણ, ૭ પદ્મ ભૂષણ અને ૫૬ પદ્મ શ્રી પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

**સમગ્ર આયોજન :** વર્ષ ૨૦૨૬ માટે કુલ ૧૩૧ હસ્તીઓની પદ્મ પુરસ્કારો માટે પસંદગી કરવામાં આવી હતી. અગાઉ પ્રથમ તબક્કામાં મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત અને અભિનેતા ધર્મેન્દ્ર સહિત ૬૬ હસ્તીઓને સન્માનિત કરવામાં આવી હતી. આજના સમારોહમાં કેટલાક પુરસ્કારો સંયુક્ત રીતે પણ એનાયત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનના ગણતંત્ર મંડપમાં યોજાયેલો આ સમારોહ દેશની વિવિધતા અને સિદ્ધિઓને ઉજાગર કરતો રહ્યો. વિવિધ ક્ષેત્રોમાં દેશનું નામ રોશન કરનાર આ મહાનુભાવોનું સન્માન સમગ્ર દેશ માટે ગૌરવનો વિષય છે.

### 150 પાનાના રિપોર્ટમાં FIR અને ટ્રસ્ટને ફરીથી ગઠિત કરવાની ભલામણ

## રામમંદિર દાન ચોરીનો રિપોર્ટ SITએ સરકારને સોંપ્યો

(એજન્સી) અયોધ્યા । તા. 23

અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસમાં SITએ પોતાનો તપાસ રિપોર્ટ યુપી સરકારને સોંપી દીધો છે. મંગળવારે સવારે SIT ની ટીમ અપર મુખ્ય સચિવ (ગૃહ) સંજય પ્રસાદની ઓફિસે પહોંચી અને તેમને રિપોર્ટ સોંપ્યો. ટીમે જણાવ્યું કે આ હાલમાં પ્રારંભિક રિપોર્ટ છે. અમારી જે પણ ફાઈન્ડિંગ્સ હતી, તે આપી દીધી છે.રિપોર્ટ લગભગ 150 પાનાનો હોવાનું કહેવાય છે. તેમાં 150 લોકોની પૂછપરછની વિગતો છે. સૂત્રો અનુસાર, ટીમે આ મામલે FIR નોંધવા અને ટ્રસ્ટનું ફરીથી ગઠન કરવાની ભલામણ કરી છે. એવી પણ ભલામણ કરવામાં આવી છે કે કોઈ વરિષ્ઠ અધિકારીને મંદિરના CEO તરીકે નિયુક્ત કરવામાં આવે. વિગતવાર તપાસ માટે વધુ સમય આપવામાં આવે.સૂત્રો અનુસાર, SIT એ રિપોર્ટમાં છેલ્લા 5 વર્ષના ચઢાવાનો ઓડિટ કરાવવાની પણ ભલામણ કરી છે. આ ઉપરાંત, ચઢાવામાં અનિયમિતતા રોકવા માટે ઘણા સૂચનો આપવામાં આવ્યા છે, જેમ કે કર્મચારીઓની નવી ભરતી. હવે આ રિપોર્ટ પર સીએમ યોગી અંતિમ નિર્ણય લેશે. SIT એટલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમમાં લખનઉ કમિશનર વિજય વિશ્વાસ પંત (IAS), IG લખનઉ રેન્જ કિરણ શિવકુમાર અને યુપી ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ સર્વિસના વિશેષ સચિવ (નાણાં) નીલરતન કુમારનો સમાવેશ થાય છે. ટીમે રામ મંદિરની 6 દિવસ સુધી તપાસ કરી હતી. રામ મંદિર ટ્રસ્ટની ભલામણ પર સીએમ યોગીએ 14 મેના રોજ SITની રચના કરી હતી.રામ મંદિર ચોરી કેસમાં 5 આરોપીઓ લવકુશ, અવનીશ, અનુકલ્પ, કરુણે અને રામશંકર ઉર્ફે ટિન્નુની નિશાનદેહી પર અત્યાર સુધીમાં 2 કરોડ રૂપિયાની રિકવરી થઈ ચૂકી છે. આ ઉપરાંત, ચંપત રાયના નજીકના ટિન્નુના ઘરેથી સોનું પણ મળ્યું હતું. પ્રારંભિક અનુમાનો અનુસાર, આ ચોરી 200 કરોડ રૂપિયાથી વધુની હોઈ શકે છે.



**IAS વિજય વિશ્વાસ પંતે કહ્યું - આ ગુપ્ત તપાસ છે :** લખનઉ કમિશનર વિજય વિશ્વાસ પંતે કહ્યું- SIT રિપોર્ટ અમે અપર મુખ્ય સચિવ ગૃહ સંજય પ્રસાદને સોંપી છે. આ એક પ્રારંભિક રિપોર્ટ છે. તેમણે કહ્યું-આ ગુપ્ત તપાસ છે. અમારી જે ફાઈન્ડિંગ્સ હતી તે આપી દીધી છે.

**રામ મંદિરમાં પણ CEOની નિમણૂક થઇ શકે છે :** સૂત્રોએ દાવો કર્યો છે કે અયોધ્યા રામ મંદિરમાં કાશી વિશ્વનાથ મંદિરની જેમ (CEO)ની નિમણૂક થઈ શકે છે. સરકાર નાણાકીય પારદર્શિતા અને જવાબદારી મજબૂત કરવા માટે આ પગલું ભરી શકે છે. ટ્રસ્ટના વહીવટી અને નાણાકીય કાર્યોની દેખરેખ માટે વરિષ્ઠ IAS અધિકારીને CEO બનાવી શકાય છે. આ નિમણૂકથી દાન, હિસાબ-કિતાબ અને વહીવટી વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવવાનો પ્રયાસ છે. અંતિમ નિર્ણય લેતા પહેલા સરકાર અને ટ્રસ્ટ સ્તરે મંથન કરવામાં આવી રહ્યું છે.

## જયપુરમાં પુરપાટ ઝડપે કારે બાઈક સવારને ઉડાવ્યો

ઉછળીને 20 ફૂટ દૂર ફેંકાયો યુવક, હોસ્પિટલમાં દાખલ, ડ્રાઈવર ફરાર થયો; પોલીસ તપાસમાં લાગી

(એજન્સી) જયપુર । તા. 23

જયપુરમાં મંગળવારે સવારે એક ઝડપી કારે બાઈક સવારને ટક્કર મારી. ટક્કરથી યુવક બાઈક સહિત ઉછળીને 20 ફૂટ દૂર ફેંકાઈ ગયો. અકસ્માત બાદ ડ્રાઈવર થોડે દૂર કાર મુકીને ફરાર થઈ ગયો. નારાયણ વિહાર પોલીસ સ્ટેશને ઘાયલ યુવકને SMS હોસ્પિટલમાં દાખલ કરાવ્યો છે.એસઆઈ ધર્મેન્દ્રએ જણાવ્યું કે નારાયણ વિહારની કીર્તિ સાગર કોલોનીમાં મંગળવારે સવારે અકસ્માત થયો હતો. સવારે લગભગ 10:30 વાગ્યે મેઈન કોલોનીના ચાર રસ્તા પરથી બાઈક સવાર યુવક પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન એક ઝડપી સ્વિફ્ટ કારે બાઈકને ટક્કર મારી. બાજુમાંથી લાગેલી ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક સહિત યુવક લગભગ 20 ફૂટ દૂર ઉછળીને એક મકાનની દીવાલ સાથે અથડાયો હતો.

## ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું- કોકરોચ જનતા પાર્ટી ઉપદ્રવીઓની B ટીમ

- CJPએ NEET પેપર લીકને લઈને શિક્ષણ મંત્રીનું રાજીનામું માંગ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મંગળવારે કોકરોચ જનતા પાર્ટી (CJP)ને ઉપદ્રવીઓની B ટીમ ગણાવી. CJP NEET પેપર લીકનો વિરોધ કરી રહી છે અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી રહી છે.

મીડિયા સંસ્થા NDTVને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું- જેમને લોકશાહીમાં નકારી કાઢવામાં આવ્યા હતા, તેઓ વેશ બદલીને આવ્યા છે અને હવે સિસ્ટમની પાછળ પડ્યા છે. તેઓ એવા લોકો માટે નારા લગાવે છે જેઓ દેશને વિભાજીત કરવા માંગે છે. તેમની ઓળખ થઈ ગઈ છે.

જ્યારે રાહુલ ગાંધીની કોટામાં રેલીને લઈને પ્રધાને કહ્યું- વિપક્ષને સવાલ પૂછવાનો અધિકાર છે.

**પ્રધાનના ઈન્ટરવ્યૂની ખાસ વાતો...**

વિદ્યાર્થીઓની આત્મહત્યા પર રાજનીતિ- આત્મહત્યા કરનારા બાળકોના ફોટા લગાવીને રાજનીતિ કરવી એ કોંગ્રેસનું નીચલા સ્તરનું કામ છે. પરીક્ષાના 2-3 દિવસ પહેલા આત્મહત્યા કરનારા બાળકોની યાદી બહાર પાડે છે, આનાથી વધુ ઘૃણાસ્પદ કંઈ હોઈ શકે નહીં. રાહુલ ગાંધી કે કોંગ્રેસ તરફથી સિસ્ટમને સુધારવા માટે એક પણ સકારાત્મક સૂચન મળ્યું નથી.

અબુ ધાબી સેન્ટર વિવાદ પર- વિદ્યાર્થીના પિતાએ પોતે અબુ ધાબી સેન્ટર માંગ્યું હતું. જ્યારે આ મામલો સામે આવ્યો ત્યારે નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ થોડા જ કલાકોમાં કાર્યવાહી કરી અને સેન્ટર બદલીને નાગપુર કરી દીધું. NTA એ જ્યારે તથ્યો સામે આવીને જણાવ્યા ત્યારથી રાહુલ મોં છુપાવીને ફરી રહ્યા છે.

પહેલાની સરકારોએ જનતાનું શોષણ કર્યું- વડાપ્રધાને ભારત ઈનોવેટ્સ નામથી નવી પહેલ શરૂ કરી છે. તેનો ઉદ્દેશ્ય યુવાનોની પ્રતિભા અને દેશની જરૂરિયાતો અનુસાર શિક્ષણને આગળ વધારવાનો છે. પહેલાની સરકારોએ આ જરૂરિયાતોને અવગણી અને જનતાનું માત્ર શોષણ કર્યું. કેટલાક લોકો દેશને બદનામ કરવાની રાજનીતિ કરી રહ્યા છે, પરંતુ હવે જનતા તેમને ઓળખવા લાગી છે.

### ફાયર વિભાગના અધિકારીઓ કોચિંગની તપાસ કરી

## આગરાના આકાશ ઈન્સ્ટિટ્યૂટમાં શોર્ટ સર્કિટ, ધૂમાડો નીકળ્યો:100 વિદ્યાર્થીઓ દોડીને બહાર નીકળ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

આગ્રામાં મંગળવારે સવારે 11.15 વાગ્યે આકાશ ઈન્સ્ટિટ્યૂટમાં શોર્ટ સર્કિટ બાદ ધુમાડો નીકળ્યો. બેઝમેન્ટમાંથી નીકળેલા ધુમાડાને જોઈને વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગભરાઈ ગયા. અફરાતફરી વચ્ચે બધા તરત જ ભાગીને રસ્તા પર આવી ગયા. સદનસીબે કોઈ મોટી દુર્ઘટના થઈ નહીં. આ દરમિયાન 100થી વધુ વિદ્યાર્થીઓ કોચિંગમાં અભ્યાસ કરી રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, બેઝમેન્ટમાંથી અચાનક ધુમાડો નીકળતો દેખાયો. લોકો ચીસો પાડવા લાગ્યા. શિક્ષકોએ તાત્કાલિક તમામ વર્ગો ખાલી કરાવ્યા. ત્યારબાદ કોઈએ વીજળીની મેઈન લાઈન કાપી નાખી. પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી. ફાયર વિભાગના અધિકારીઓ કોચિંગ સેન્ટર પહોંચ્યા. તપાસ કરી.સોમવારે લખનઉના એક કોચિંગ સેન્ટરમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં 15 લોકોના જીવ ગયા હતા. મૃત્યુ પામેલાઓમાં મોટાભાગના 20 થી 30 વર્ષની ઉંમરના હતા. વિદ્યાર્થીની પૂનમે જણાવ્યું- અમારા ક્લાસ ચાલી રહ્યા હતા. અચાનક અમારા સ્ટાફ મેમ્બર્સ અને શિક્ષકો આવ્યા.

### મમતા બેનર્જી સાથે મારપીટ અને મતગણતરીમાં ગડબડીનો આરોપ: હાઈકોર્ટમાં હવે તપાસના એંધાણ

## ભવાનીપુર બેઠક વિવાદ: કલકત્તા હાઈકોર્ટે EVM અને VVPAT સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો

(એજન્સી) કોલકાતા । તા. 23

પશ્ચિમ બંગાળની ભવાનીપુર વિધાનસભા બેઠકના ચૂંટણી પરિણામોમાં કથિત ગેરરીતિના મામલે કલકત્તા હાઈકોર્ટે મંગળવારે મહત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે મતગણતરી સંબંધિત તમામ મહત્વના પુરાવાઓ, જેમાં EVM, VVPAT, અને CCTV ફૂટેજનો સમાવેશ થાય છે, તેને સુરક્ષિત રાખવાનો નિર્દેશ આપ્યો છે. જરૂર પડ્યે આ રેકોર્ડની તપાસ કરવામાં આવશે.ચૂંટણી પરિણામો બાદ મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો હતો.



**અદાલતની કાર્યવાહી :** હાઈકોર્ટે આ સમગ્ર મામલે તમામ સંબંધિત પક્ષોને પક્ષકાર બનાવવાના નિર્દેશ આપ્યા છે. જેમાં શુભેન્દુ અધિકારી, તેમના સલાહકાર સુબ્રત ગુપ્તા અને સુનીલ અગ્રવાલને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. અદાલતે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા જાળવી રાખવા માટે આ આદેશ આપ્યો છે.

**અત્યાર સુધીની પરિસ્થિતિ :** જસ્ટિસ ગૌરાંગ કાંતે મતગણતરી કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવાયેલી શેખાવટી મેમોરિયલ સ્કૂલની અંદર અને બહારના તમામ CCTV કેમેરાના ફૂટેજ સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ૧૯ જૂને ભવાનીપુર બેઠકના પરિણામને હાઈકોર્ટમાં પડકાર્યું હતું.

**જાણો સમગ્ર ઘટનાક્રમ :** મમતા બેનર્જીએ દાવો કર્યો હતો કે ૧૨ રાઉન્ડની મતગણતરી બાદ તેમને અને તેમના ઈલેક્શન એજન્ટને માર મારીને બહાર કાઢી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ૩ મેના રોજ મતગણતરીના એક દિવસ પહેલા મમતા બેનર્જી પોતે ૪ કલાક સુધી સ્ટ્રોંગરૂમમાં રહ્યા હતા, કારણ કે ભાજપના ઝંડાવાળી કારને તપાસ વિના પ્રવેશ આપવાના મુદ્દે ટીએમસી કાર્યકર્તાઓએ હોબાળો કર્યો હતો. આ બેઠક પર ભાજપના શુભેન્દુ અધિકારીએ ૧૫,૧૦૫ મતોથી વિજય મેળવ્યો હતો.

### પોલીસે સીસીટીવી ફૂટેજની તપાસ કરી; ધરપકડ

## દિલ્હીમાં 11 વર્ષની બાળકીનો રેપ-હત્યા: ફૂટપાથ પર સૂતી હતી, ટેક્સી ડ્રાઈવર ઉઠાવી ગયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

દિલ્હીમાં ફુગ્ગા વેચતી 11 વર્ષની બાળકી પર બળાત્કાર કર્યા બાદ તેની હત્યા કરી દેવામાં આવી. સોમવારે સવારે ફૂટપાથ પર સૂઈ રહેલી બાળકીને ટેક્સી ડ્રાઈવર ઉઠાવી ગયો હતો. ત્યારબાદ તેણે તેની પર બળાત્કાર કર્યો અને હત્યા કરીને લાશ મહેરૌલીના જંગલોમાં ફેંકી દીધી હતી.સોમવારે સવારે લગભગ 6 વાગ્યે પરિવારે PCR કોલ દ્વારા મહેરૌલી પોલીસ સ્ટેશનમાં બાળકી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ચાર કલાકમાં જ બબલુ નામના ટેક્સી ડ્રાઈવર આરોપીની ધરપકડ કરી લીધી. પોલીસે આરોપીના જણાવ્યા મુજબ બાળકીનો મૃતદેહ શોધી કાઢ્યો છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે આગળની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો છે.આરોપીએ પોલીસ પૂછપરછમાં જણાવ્યું કે, રસ્તા પરથી પસાર થતી વખતે તેણે સીડીઆર ચોક પાસે ફૂટપાથ પર બાળકીને સૂતેલી જોઈ હતી. તેણે ઊંઘમાં જ બાળકીને ઉઠાવી અને કારની પાછળની સીટ પર સુવાડીને મહેરૌલીના જંગલોમાં લઈ ગયો હતો.

### આજે જેઓ બંધારણને હાથમાં હલાવે છે; નક્સલવાદી હિંસા ચરમસીમા પર હતી ત્યારે તેમના હાથ ધ્રૂજતા હતા

## મોદીએ કહ્યું- દેશમાં નક્સલવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

પીએમ મોદીએ દેશમાં દાયકાઓથી ચાલી રહેલી નક્સલવાદી હિંસાને લઈને કોંગ્રેસ પર પ્રહાર કર્યા. તેમણે રાહુલ ગાંધીનું નામ લીધા વિના કહ્યું કે જે લોકો હવે બંધારણ બતાવી રહ્યા છે, તેમના હાથ ત્યારે ધ્રૂજી રહ્યા હતા, જ્યારે નક્સલવાદી હિંસા ચરમસીમા પર હતી. રિપબ્લિક ભારત ન્યૂઝ ચેનલના કાર્યક્રમને સંબોધિત કરતા પીએમએ સોમવારે કહ્યું કે અગાઉની કોંગ્રેસ સરકારોએ નક્સલ પ્રભાવિત વિસ્તારોને પછાત ક્ષેત્ર ગણાવ્યા હતા. પરંતુ NDA સરકારે તે વિસ્તારોને બદલવાનો પડકાર સ્વીકાર્યો, ત્યાંના લોકોને નિરાશામાંથી બહાર આવવામાં મદદ કરી અને તેમનામાં પ્રગતિની



આશાઓ જગાવી.પીએમએ આગળ કહ્યું કે સરકારો આવી અને ગઈ, પેઢીઓ આવી અને ગઈ અને એવું લાગ્યું કે હિંસાનું આ દુર્ભાગ્ય આમ જ ચાલુ રહેશે. પરંતુ અમે પરિસ્થિતિ બદલવા માટે 'રાષ્ટ્ર પ્રથમ'ના સંકલ્પ સાથે આગળ વધ્યા. આજે, દેશમાં માઓવાદી-નક્સલવાદ તેના છેલ્લા શ્વાસ ગણી રહ્યો છે.

### પીએમની સ્પીચ, 4 મોટી વાતો; કહ્યું- 'નેશન ફર્સ્ટ' જ સરકારનો મૂળ મંત્ર

૧. 'નેશન ફર્સ્ટ' અભિગમ: સ્વચ્છ ભારત, મેક ઈન ઈન્ડિયા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં સરકાર કામ કરી રહી છે. G-7 શિખર સંમેલનમાં પણ આ વાતની નોંધ લેવામાં આવી હતી.

૨. આર્થિક અને સ્વાસ્થ્ય રાહત: મધ્યમ વર્ગને ટેક્સમાં મોટી રાહત મળી છે. ૨૦૧૩-૧૪માં ૨ લાખની આવક પર ટેક્સ લાગતો હતો, જે હવે ૧૨ લાખ સુધી મુક્ત છે. જન ઔષધિ કેન્દ્રો દ્વારા સસ્તી દવાઓ મળવાથી જનતાના ૪૦ હજાર કરોડ રૂપિયાની બચત થઈ છે.

૩. માળખાગત સુવિધાઓમાં ઝડપી વધારો: દેશમાં મેટ્રો મુસાફરોની સંખ્યા ૨૮ લાખથી વધીને ૧.૨૮ કરોડ સુધી પહોંચી છે. વંદે ભારત, નમો ભારત જેવી ટ્રેનો અને એરપોર્ટની સંખ્યામાં બમણો વધારો થયો છે.

૪. આકાંક્ષી જિલ્લાઓ: જે ૫૦૦ થી વધુ બ્લોકો અને ૧૦૦ થી વધુ જિલ્લાઓને પછાત ગણીને અવગણવામાં આવ્યા હતા, તેમને સરકારે 'આકાંક્ષી જિલ્લો' અને 'આકાંક્ષી બ્લોક' નામ આપીને વિકાસની મુખ્યધારામાં સામેલ કર્યા છે.

### કોંગ્રેસ પર આકરા પ્રહાર

પીએમ મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધા વગર તેમના પર કટાક્ષ કરતા કહ્યું કે, જે લોકો આજે બંધારણની નકલ હાથમાં લઈને ફરે છે, જ્યારે નક્સલવાદી હિંસા ચરમસીમા પર હતી, ત્યારે તેમના હાથ ધ્રૂજતા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે અગાઉની કોંગ્રેસ સરકારોએ નક્સલ પ્રભાવિત વિસ્તારોને માત્ર 'પછાત ક્ષેત્ર' ગણાવીને છોડી દીધા હતા, પરંતુ વર્તમાન NDA સરકારે આ પડકાર સ્વીકારીને ત્યાંના લોકોમાં પ્રગતિની આશાઓ જગાવી છે. વડાપ્રધાને અંતમાં જણાવ્યું હતું કે, દેશમાં હિંસાનું દુર્ભાગ્ય આમ જ ચાલુ રહેશે તેવું માનવામાં આવતું હતું.

## હિમાચલના કિન્નૌરમાં બેલી-બ્રિજ તૂટ્યો, ડમ્પર સહિત નદીમાં પડ્યો

- મંત્રી બોલ્યા- ઓવરલોડથી પુલ તૂટ્યો, કાર્યવાહી કરીશું

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

હિમાચલ પ્રદેશના કિન્નૌર જિલ્લામાં નેશનલ હાઈવે-5 (NH-5) પર તાપરી-ચોલિંગ પાસે એક બેલી બ્રિજ તૂટી પડ્યો હતો. આ દરમિયાન પુલ પરથી પસાર થઈ રહેલો ડમ્પર પણ નીચે પડી ગયું. જેના કારણે ડમ્પર ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થઈ છે. આ અકસ્માત મંગળવારે સાંજે થયો હતો. આજે તેના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.

રાજ્યના મહેસૂલ મંત્રી જગત નેગીએ જણાવ્યું કે, ડમ્પર બેલી બ્રિજ પર તેની ક્ષમતા કરતાં વધુ વજન લઈને પસાર થઈ રહ્યું હતું, જેના કારણે બેલી બ્રિજ તૂટી ગયો. તેમણે કહ્યું કે ટ્રક ડ્રાઈવર સામે પણ કાર્યવાહી કરવામાં આવશે, કારણ કે આ બ્રિજ 10 મેટ્રિક ટનથી વધુ વજન માટે બનાવવામાં આવ્યો ન હતો.

તેમણે કહ્યું કે બ્રિજ તૂટવાથી કોઈ પણ ગામની કનેક્ટિવિટી તુટી નથી. વિસ્તારમાં વૈકલ્પિક રસ્તો છે. તેથી, ચિંતા કરવાની કોઈ વાત નથી. તેમણે કહ્યું કે જે બ્રિજ તૂટ્યો છે, તેને વૈકલ્પિક માર્ગ તરીકે ફરીથી બનાવવામાં આવશે.સ્થાનિક લોકોનું કહેવું છે કે પ્રશાસને થોડા સમય પહેલા જ આ પુલનું સમારકામ કરાવ્યું હતું.

### NH-5 પર લાંબો જામ, ટ્રાફિક ડાયવર્ટ

બેલી બ્રિજ તૂટ્યા બાદ નેશનલ હાઈવે-5 પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો. રસ્તાની બંને બાજુ વાહનોની લાંબી લાઈન લાગી ગઈ હતી. સ્થિતિને સંભાળતા પ્રશાસન અને સંબંધિત એજન્સીઓએ કેટલાક કલાકોની જહેમત બાદ વાહનોને વૈકલ્પિક (બીજા) રસ્તાઓથી મોકલવાનું શરૂ કર્યું. જણાવવામાં આવી રહ્યું છે કે ડમ્પરમાં કપચી ભરેલી હતી, જે બ્રિજ તૂટ્યા બાદ સતલુજ નદીમાં સમાઈ ગયું. પરંતુ ભારે વાહનોના કારણે પુલ હંમેશા જોખમમાં રહેતો હતો.

ચૈતર વસાવા કેસ..

**ચૈતર વસાવાને સજા બાદ આમ આદમી પાર્ટી આક્રમક**

# આદિવાસી સમાજના હકો માટે લડતા નેતાને સજા કેમ?

**ચૈતર વસાવા બિરસા મુંડાના વારસદાર**

(એજન્સી) અમદાવાદ | તા.23

આમ આદમી પાર્ટીના ડેડિયાપાડા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા કોર્ટના ચુકાદા બાદ આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પત્રકાર પરિષદ યોજી હતી. આ તકે મીડિયા સાથે વાત કરતાં ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતમાં આદિવાસી સમાજ વિવિધ પ્રકારના અન્યાય અને શોષણનો ભોગ બનતો આવ્યો છે. આદિવાસીઓની જમીનો વિવિધ સરકારી અને ખાનગી પ્રોજેક્ટોના નામે હસ્તગત કરવામાં આવતી રહી છે, આદિવાસી વિદ્યાર્થીઓના શૈક્ષણિક હકો સાથે અન્યાય થતો રહ્યો છે તેમજ આદિવાસી વિસ્તારોમાં અનેક પ્રકારની ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારના આક્ષેપો થતા રહ્યા છે. આવા સંજોગોમાં વર્ષ 2022ની વિધાનસભા ચૂંટણી દરમિયાન આદિવાસી સમાજ માટે આશાના કિરણ તરીકે ચૈતર વસાવા એક મજબૂત નેતા તરીકે ઉભરી આવ્યા હતા. વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ તેઓ ધારાસભ્ય તરીકે ગુજરાતભરના આદિવાસી સમાજના પ્રશ્નો અને સમસ્યાઓને લઈને સતત સંઘર્ષ કરતા રહ્યા છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આદિવાસી વિદ્યાર્થીઓની સ્કોલરશિપનો મુદ્દો હોય, જમીન અને જંગલ પરના અધિકારોનો પ્રશ્ન હોય, ગ્રામ પંચાયતોની સ્વાયત્તતા, અનુસૂચિત વિસ્તારોના અધિકારો, ખનન (માઈનિંગ) સંબંધિત પ્રશ્નો કે આદિવાસી બાળકોના શિક્ષણ અને દસ્તાવેજીકરણને લગતા મુદ્દાઓ હોય - દરેક વિષય પર ચૈતર વસાવાએ મજબૂતાઈથી અવાજ ઉઠાવ્યો છે. ચૈતર વસાવાએ આદિવાસી સમાજને ન્યાય અપાવવા અને તેમના બંધારણીય અધિકારોની રક્ષા માટે સતત લડત ચલાવી છે અને સમાજના હકો માટે અડગ રહીને કાર્ય કર્યું છે.



## ભાજપે વારંવાર ચૈતરભાઈ પર કેસો કર્યા અને તેમને જેલમાં મોકલ્યા: ઈસુદાન ગઢવી

આમ આદમી પાર્ટીના ડેડિયાપાડા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા કોર્ટના ચુકાદા બાદ આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આદિવાસી સમાજ માટે સંઘર્ષ કરતા ચૈતર વસાવા ભાજપને આંખના કણાની જેમ ખટકે છે અને એટલા માટે તેમના ઉપર વારંવાર કેસો કરવામાં આવે છે, વારંવાર જેલમાં નાખવામાં આવે છે. એક દિવસ એવું બને છે કે વન કર્મચારીઓ આદિવાસી સમાજની જમીનમાં રાત્રે બે વાગ્યે ઊભો પાક કાપી નાખે છે. સ્થાનિક લોકો પછી ચૈતર વસાવા પાસે જાય છે. ચૈતર વસાવા વન કર્મચારીઓ સાથે વાતચીત કરે છે અને કહે છે કે તમે રાત્રે બે વાગ્યે આ રીતે ઊભો પાક કાપો છો. જંગલ જમીનની બાબતમાં જે કાનૂન લાગુ પડે છે તે આદિવાસી સમાજના હિત માટે છે, છતાં ઊભો પાક તરત જ કાપી નાખવામાં આવે છે, અને એ પણ રાત્રે બે વાગ્યે. એવું શું કારણ હતું? ચૈતર વસાવાએ વન કર્મચારીઓ અને આદિવાસી સમાજ વચ્ચે જાગૃતિ લાવી અને ખેડૂતોની સમસ્યાનું નિરાકરણ કરાવ્યું. સમાધાન પછી નક્કી થયું કે આટલી રકમ ચૂકવવાની રહેશે. સમાધાન થયા બાદ ભાજપના કાર્યકરો ત્યાં પહોંચી જાય છે અને ચૈતર વસાવાને બોલાવીને ધમકાવે છે. ભાજપ તરફથી જાણે ચારેય બાજુથી દબાણ ઊભું કરીને, કેસો કરીને અને સજાઓ કરાવડાવીને તેમને રાજકીય રીતે દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આજે સરકારી મશીનરીનો ખોટો ઉપયોગ કરીને ખોટી એફઆઈઆર કરવામાં આવી. સરકારી પંચ, સરકારી વકીલ, સરકારી પોલીસ અને તમામ સરકારી તંત્રએ ભેગા મળીને ચૈતરભાઈ વસાવા સામે ખોટું પ્રપંચ ઊભું કર્યું. કોર્ટ દ્વારા 7 વર્ષની સજા સંભળાવવામાં આવી. આ અગાઉ ચૈતરભાઈને જેલમાં રાખવામાં આવ્યા અને જેલની અંદર પણ તેમને એવું કહેવામાં આવ્યું કે પક્ષપલટો કરી લો તો તાત્કાલિક બહાર આવી જશો. પરંતુ ચૈતરભાઈ વસાવા લડાયક માણસ છે. તેઓ આદિવાસી સમાજ અને ગુજરાતના લોકો માટે લડનારા માણસ છે, ઝૂકનારા નથી. જ્યારે તેમને જેલમાં રાખવામાં આવ્યા ત્યારે આદિવાસી સમાજે ચૈતરભાઈ વસાવા પર વિશ્વાસ વ્યક્ત કર્યો. આદિવાસી સમાજે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નર્મદા જિલ્લા પંચાયતમાં તેમને સમર્થન આપ્યું. તેનું કારણ એ હતું કે આદિવાસી સમાજે જોયું કે ચૈતરભાઈ વસાવાને દબાવવાની કોશિશ કરવામાં આવી રહી છે. વર્ષો પછી સમાજ માટે બોલનારો એક મજબૂત માણસ ઉભો થયો છે અને તેને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ વાત આદિવાસી સમાજે સમજી અને ચૈતરભાઈ વસાવાને ધારાસભ્યપદ સાથે સાથે જિલ્લા પંચાયતમાં પણ સમર્થન આપ્યું. જેના કારણે ભાજપમાં બેચેની વધી અને ત્યારબાદ અચાનક જ સજા આપવામાં આવી. સરકારી પંચ, સરકારી પોલીસ, સરકારી વકીલ, ફરિયાદી અને સરકારી સાક્ષીઓ - બધું જ સરકારી હતું. ચૈતરભાઈ વસાવાએ ગુજરાતમાં જ્યાં જ્યાં ભાજપના વિચારો સાથે અસહમતિ દર્શાવી છે, ત્યાં તેમણે લોકોના પ્રશ્નો ઉઠાવ્યા છે. પોલીસ સ્ટેશનમાં પણ લોકમત અને લોકોના પ્રશ્નોને લઈને રજૂઆતો કરવામાં આવી હતી. ચૈતરભાઈ વસાવા અલગ પ્રકારના નેતા છે, કારણ કે તેઓ ડરતા નથી, ગભરાતા નથી અને સતત લડત આપતા રહે છે. તેઓ વિધાનસભાથી લઈને સડક સુધી, ગામની ગલીઓથી લઈને સર્વોચ્ચ સ્તર સુધી આદિવાસી સમાજના પ્રશ્નો માટે અવાજ ઉઠાવતા રહ્યા છે. આજે આદિવાસી સમાજ નારાજ છે.

# "ચૈતર વસાવા જેટલા દબાશે, એટલા મોટા નેતા બનશે"

## કેજરીવાલની ભાજપને ચેતવણી



અમદાવાદ |આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે AAP ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા કોર્ટના ચુકાદા પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે કોર્ટ દ્વારા ચૈતર વસાવાને આજે સાત વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી છે. ચૈતર વસાવા ગુજરાતના આદિવાસી સમાજના મોટા નેતા છે અને ખૂબ લોકપ્રિય છે. તેઓ સમયાંતરે આદિવાસી સમાજ માટે સંઘર્ષ કરતા રહ્યા છે અને આદિવાસી સમાજના મુદ્દાઓ પર અવાજ ઉઠાવતા રહ્યા છે. તેઓ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય છે. આ પહેલાં પણ ઘણી વખત તેઓ ત્રણ-ત્રણ, ચાર-ચાર મહિના માટે આદિવાસી સમાજના હિત માટે જેલ જઈ ચૂક્યા છે. કહેવાય છે કે જે પૈસા આદિવાસી સમાજ માટે આવે છે, તે પૈસાને આદિવાસીઓ પર ખર્ચ કરવાની જગ્યાએ કેટલાક લોકો દ્વારા તેનો દુરુપયોગ કરવામાં આવે છે. તેના વિરુદ્ધ ચૈતર વસાવાએ અનેક વખત અવાજ ઉઠાવ્યો છે અને આદિવાસીઓનો હક બચાવવાનો પ્રયાસ કર્યો છે. આદિવાસીઓની જમીન છીનવાઈ જવાના મુદ્દે પણ તેમણે અવાજ ઉઠાવ્યો છે. મનરેગામાં પણ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો આરોપ લગાવીને તેમણે તેના વિરુદ્ધ લડત આપી છે. આદિવાસી સમાજ માટે તેમણે સતત સંઘર્ષ કર્યો છે. કહેવામાં આવે છે કે તેમની વધતી લોકપ્રિયતા અને તેમની કામગીરીને કારણે વિરોધ પક્ષ તેમને કાબૂમાં લઈ શક્યો નહીં. તેથી છેલ્લા કેટલાક મહિનાઓમાં તેમની સામે ષડયંત્ર રચીને ખોટો કેસ કરવામાં આવ્યો અને આજે તેમને સાત વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી છે.અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યું હતુ કે ED પાર્ટીને ખબર હતી કે આ વિસ્તારમાં જ્યાં સુધી ચૈતર વસાવા છે ત્યાં સુધી તેઓ અહીંથી પોતાનો ધારાસભ્ય જીતાડી શકતા નથી. એટલે તેમણે એવું ષડયંત્ર રચ્યું કે તેમને સાત વર્ષની સજા સંભળાવી દેવામાં આવે અને આ રીતે ચૈતર વસાવાને ધારાસભ્ય પદ પરથી હટાવી શકાય.

# News Brief

## અમદાવાદની રથયાત્રા માટે ભગવાનના સાત જોડી વિશેષ વાઘા તૈયાર, કાપડ ખાસ વૃંદાવનથી મંગાવાયું

અમદાવાદની ઐતિહાસિક જગન્નાથ રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે આગામી 16મી જુલાઈએ યોજાનારી 149મી રથયાત્રા માટે જગન્નાથ મંદિરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હાલ મંદિર પરિસરમાં ભગવાનના ત્રણેય રથનું સમારકામ, રંગરોગાન અને ઉપેણી બનાવવાનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. આ ઉત્સાહભર્યા માહોલ વચ્ચે મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે વિશેષ વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે રથયાત્રામાં જોડાનારા ગજરાજ, સુરક્ષા વ્યવસ્થા અને ભગવાનના વિશેષ વાઘા અંગે રસપ્રદ માહિતી આપી હતી.

મહંત દિલીપદાસજીએ જણાવ્યું કે, 'અમે વર્ષોની પરંપરા મુજબ જ તમામ તૈયારી કરી રહ્યા છીએ. ટ્રક, અખાડા અને ભજન મંડળીઓના એસોસિયેશનને જરૂરી સૂચના આપી દેવાઈ આવી છે.' આ દરમિયાન તેમણે રથયાત્રા પૂર્વેના ધાર્મિક ઉત્સવોની પણ માહિતી આપી હતી. જેમ કે...

જળયાત્રા મહોત્સવ: સાબરમતી નદીના આરેથી 108 કળશમાં ગંગાપૂજન કરી જળ લવાશે, જેનાથી ભગવાનનો જ્યેષ્ઠાભિષેક સ્નાન વિધિ થશે.

મોસાળાગમન અને નેત્રોત્સવ: સ્નાન યાત્રા બાદ ભગવાન મોસાળ જશે અને ત્યારબાદ નેત્રોત્સવ વિધિ યોજાશે. સોનાવેશ અને પ્રસ્થાન: અષાઢ સુદ એકમના રોજ ભગવાનના સોનાવેશના દર્શન થશે અને અષાઢી બીજના દિવસે વડાપ્રધાન કે મુખ્યમંત્રી દ્વારા પહિંદ વિધિ કરાયા બાદ રથયાત્રાનું પ્રસ્થાન થશે. ભંડારો: અમાસના દિવસે સંતો-મહંતો માટે વિશેષ ભંડારો, વસ્ત્રદાન અને દાલ-રોટીના પ્રસાદનું આયોજન છે. પરંપરા મુજબ 18 ગજરાજ અને ભજન મંડળીઓ જોડાશે.

## રાજકોટ ધોરીમાર્ગ પર ગુજરાત ગેસ પંપ પાસે એક કાર ખાડામાં ખાબકી જતાં ભારે દોડધામ



જામનગર | જામનગરની ભાગોળે રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા ગુજરાત ગેસ પંપ નજીક એક કાર અચાનક ખાડામાં ખાબકી જતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ કારચાલક અને તેમનો પરિવાર વાહનમાં સીએનજી ભરાવ્યા બાદ પંપ પરથી આગળ વધી રહ્યો હતો, ત્યારે અચાનક કારનો કાબૂ ગુમાવતાં વાહન રસ્તા કિનારે આવેલા ખાડામાં ખાબક્યું હતું. અકસ્માત સર્જાતા આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મદદ માટે એકત્ર થયા હતા. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું નથી. જોકે કારને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતનું ચોક્કસ કારણ શું હતું તે અંગે હજી સુધી સત્તાવાર માહિતી સામે આવી નથી. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં માર્ગ સુરક્ષા અને રસ્તા કિનારે ખુલ્લા ખાડાઓ અંગે પણ અનેક સવાલો ઊભા થયા છે.

## પેન્શન કાર્ડ વેરિફિકેશન માટે APK ઈન્સ્ટોલ કરવી ઠગે ચાંદખેડાના વૃદ્ધને લૂંટ્યા

અમદાવાદ | અમદાવાદમાં સાયબર ગુનેગારો હવે સિનિયર સિટિઝન્સ અને નિવૃત્ત કર્મચારીઓને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ત્યારે શહેરના ચાંદખેડા વિસ્તારમાં બેન્ક અધિકારીની ખોટી ઓળખ આપીને એક 70 વર્ષીય નિવૃત્ત વૃદ્ધ સાથે લાખો રૂપિયાની ડિજિટલ લૂંટ ચલાવવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ઠગે વૃદ્ધની ઉંમર અને ટેકનોલોજીની ઓછી જાણકારીનો ગેરલાભ ઉઠાવી, પેન્શન કાર્ડ વેરિફિકેશનના બહાને એપીકે (APK) ફાઈલ ઈન્સ્ટોલ કરાવીને તેમના બેન્ક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ 39.70 લાખ રૂપિયા સાફ કરી દીધા હતા. ચાંદખેડામાં રહેતા 70 વર્ષીય ચિરાગ સુતરિયા નિવૃત્ત જીવન જીવે છે. તેણે જીવનભરની કમાણી અને બચતના નાણાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ઓ.ડી. (Overdraft) તથા એફ.ડી. (Fixed Deposit) એકાઉન્ટમાં રાખ્યા હતા. ગત 18મી જૂનના રોજ સાંજે ચિરાગના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. ફોન કરનાર શખસે સેન્ટ્રલ બેન્કમાંથી બોલતો હોવાનું કહીને વિશ્વાસમાં લીધા હતા અને જણાવ્યું હતું કે તેનું પેન્શન કાર્ડ વેરિફિકેશન કરવાનું બાકી છે. આ પ્રક્રિયા માટે ઠગે ચિરાગના વોટ્સએપ પર 'PENSION CARD VERIFICATION.apk' નામની એક ફાઈલ મોકલી હતી અને તેને ઈન્સ્ટોલ કરવા કહ્યું હતું. ચિરાગે બેન્ક અધિકારી સમજીને જેવી આ ફાઈલ ડાઉનલોડ કરી, કે તુરંત જ તેમના મોબાઈલ સ્ક્રીન અને આખા ફોનનો રિમોટ એક્સેસ સાયબર ઠગના હાથમાં જતો રહ્યો હતો. ત્યારબાદ ચિરાગ કશું સમજે તે પહેલાં જ ઠગે તેના મોબાઈલમાંથી નેટ બેન્કિંગના આઈડી, પાસવર્ડ અને બેન્ક તરફથી આવતા ઓટીપી (OTP) ગુપ્ત રીતે મેળવી લીધા હતા.

# "ચૈતર વસાવા ફાઈટર છે, તેઓ ભાજપથી ડરવાના નથી": દુર્ગેશ પાઠકનો ભાજપ પર પ્રહાર



અમદાવાદ : આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા ચુકાદા મુદ્દે આમ આદમી પાર્ટી ગુજરાતના સહ-પ્રભારી દુર્ગેશ પાઠકે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે આદિવાસી સમાજના હીરો ચૈતર વસાવાને આજે ઈડી પાર્ટીએ પોતાના તંત્રની મદદથી સાત વર્ષની સજા સંભળાવી છે. ઈડી પાર્ટીને આ ખોટી સમજ છે કે આ દેશમાં દરેક વ્યક્તિ વેચાઈ જાય છે, દરેક વ્યક્તિ ડરે છે. ચૈતર વસાવા એક ફાઈટર છે, જે ખૂબ જ સામાન્ય પરિવારમાંથી આવે છે અને પોતાની મહેનત અને સંઘર્ષથી અહીં સુધી પહોંચ્યા છે. તેઓ ડરવાના નથી. આ બધી બાબતો, આ બધી સાજિશો, બધું ઉપરવાળો જોઈ રહ્યો છે. ઈડી પાર્ટીનો હવે ગુજરાતમાં અંત આવવાનો છે અને તેની શરૂઆત થઈ ગઈ છે. સમગ્ર ગુજરાતનો એક એક આદિવાસી ભારતીય જનતા પાર્ટી અને ઈડી પાર્ટીને આવતી ચૂંટણીમાં હરાવશે. એક પણ મત ઈડી પાર્ટી અથવા ભારતીય જનતા પાર્ટીને નહીં મળે.

# "બીજો ચૈતર વસાવા ન ઊભો થાય તે માટે ભાજપે લીધો આ નિર્ણય": મનોજ સોરઠીયા



અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ AAP ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા કોર્ટના ચુકાદા પર વાત કરતા જણાવ્યું હતું કે, આદિવાસી સમાજનો એક ભણેલો યુવાન, કે જેણે આદિવાસીઓના અધિકારો માટે, આદિવાસી વિસ્તારની અંદર થતા ભ્રષ્ટાચારની સામે અને આદિવાસીઓના વર્ષો જૂના પ્રશ્નો માટે અવાજ ઉઠાવ્યો, સરકારની સામે સંઘર્ષ કર્યો. આદિવાસી વિસ્તારની જનતાએ એ યુવાનને ભરપૂર સમર્થન આપ્યું અને આજે આદિવાસી સમાજમાં એકમાત્ર નેતા તરીકે ઊભરેલા ચૈતરભાઈ વસાવા ભાજપની સામે સતત સંઘર્ષ કરે છે. ભાજપની સામેના સંઘર્ષથી વારંવાર ભાજપે તેમને ઝુકાવવા માટે અનેક ઓફરો કરી. આ છતાં સમાજ માટે, પોતાના વિસ્તાર માટે, પોતાના પૂર્વજોએ આપેલા વારસા માટે લડતા ચૈતર વસાવાએ ભાજપની સામે ઝુકવાનું પસંદ ન કર્યું. આજે એટલા માટે ચૈતરભાઈ વસાવાને માત્ર ઉપજાવી કાઢેલા કેસમાં સાત વર્ષની સજા ફટકારવામાં આવી છે. ધારાસભ્ય તરીકે તેઓ પોતાના વિસ્તારના લોકોના પ્રતિનિધિ છે, આદિવાસી સમાજના પ્રતિનિધિ છે, પણ ભારતીય જનતા પાર્ટીએ સમાજને ઝુકાવવા માટે અને બીજો કોઈ ચૈતર વસાવા ઊભો ન થાય એના માટે આજે ચૈતર વસાવા ઉપર ખોટો કેસ કરી અને એમને સજા આપી છે. અમને ન્યાયતંત્ર ઉપર વિશ્વાસ છે. અમે ઉપર સુધી જઈશું, તમામ કોર્ટના દરવાજા ખટખટાવીશું અને ન્યાય મેળવીને રહીશું. સત્ય જે છે એ છેલ્લે જીતે જ છે, સત્યની હંમેશા જીત થાય છે.'આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતુ કે એક વાત ચોક્કસપણે ગુજરાતના લોકો અને આદિવાસી સમાજ સમક્ષ આવી છે કે વિપક્ષમાં રહીને અવાજ ઉઠાવનારા અને સત્તા સામે બોલનારા લોકોને દબાવવા, પરાજિત કરવા અને રાજકીય રીતે ખતમ કરવા માટે ભાજપ સતત પ્રયાસ કરતી રહી છે. એની પાસે કોઈ નીતિ નથી.

## મોખાણા ગામની સીમમાં દીપડો દેખાતાં ગ્રામજનોમાં ભયનો માહોલ

જામનગર | જામનગર તાલુકાના નવા મોખાણા ગામની સીમ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રાત્રિના આશરે 12.45 વાગ્યે વાડી વિસ્તારમાં એક સ્થળે દીપડો બેસેલો નજરે પડતા સ્થાનિકોએ તાત્કાલિક સાવચેતીના પગલાં લીધા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, દીપડો થોડો સમય સુધી વાડી વિસ્તારમાં જોવા મળ્યો હતો. ઘટનાસ્થળે હાજર એક સ્થાનિક વ્યક્તિએ પોતાના મોબાઈલ ફોનમાં દીપડાનો વીડિયો પણ કેદ કર્યો હતો, જે બાદ સમગ્ર વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું હતું. ઘટનાની જાણ સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનોએ વન વિભાગને કરતાં ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને દીપડાની હાજરી અંગે તપાસ શરૂ કરી હતી. વન વિભાગ દ્વારા આસપાસના વિસ્તારમાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે તેમજ દીપડાની હિલચાલ અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી.

# "ચૈતર વસાવાને ટાર્ગેટ કરવાનું સુનિયોજિત કાવતરું": ભાજપ પર હેમંત ખવાના આકરા પ્રહારો

અમદાવાદ: આમ આદમી પાર્ટીના લોકપ્રિય નેતા અને આદિવાસી સમાજની વેદનાને વાચા આપનારા ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા કરવામાં આવેલી સજા અંગે જામજોધપુર-લાલપુર વિસ્તારના ધારાસભ્ય હેમંત ખવાએ સત્તાધારી પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે અને આ કાર્યવાહીને રાજકીય દ્વેષભાવથી પ્રેરિત ગણાવી છે. ધારાસભ્ય હેમંત ખવાએ સત્તાપક્ષની ધમકીભરી નીતિઓની આકરી આલોચના કરતા જણાવ્યું છે કે, "આજે રોજ ચૈતર વસાવાને જે રીતે સાત વર્ષની સજા ફટકારવામાં આવી છે, તે માત્ર એક કાયદાકીય પ્રક્રિયા નથી પરંતુ વિપક્ષના મજબૂત અવાજને અને ખાસ કરીને આદિવાસી સમાજના હકો માટે લડતા લોકનેતાને રાજકીય રીતે ટાર્ગેટ કરવાનું સુનિયોજિત ષડયંત્ર છે. સત્તાપક્ષ હંમેશા એવા નેતાઓથી ડરે છે જેઓ જનતાના હક માટે રસ્તા પર ઉતરીને લડે છે."તેમણે વધુમાં ઉમેર્યું કે, શાસક પક્ષ ભલે



વિપક્ષના અને આદિવાસી સમાજના પ્રશ્નો ઉઠાવનારા નેતાઓનો અવાજ દબાવવાના ગમે તેટલા પ્રયત્નો કરી લે, પરંતુ લોકશાહીમાં જનતાનો અવાજ ક્યારેય દબાવી શકાતો નથી. જળ, જમીન અને જંગલની રક્ષા માટે તેમજ ગરીબોના કલ્યાણ માટે ચૈતર વસાવાએ જે લડત ઉપાડી છે, તેને કોઈ સજા કે જેલનો ભય રોકી શકશે નહીં. સત્તાના નશામાં ચૂર આ ભાજપના શાસકો એ ન ભૂલે કે લોકશાહીમાં જનતા જ ભાગ્યવિધાતા છે. આજે આદિવાસી સમાજ અને વિપક્ષને ડરાવવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે, તેનો જવાબ ગુજરાતની જનતા યોગ્ય સમયે આપશે. ન્યાયતંત્ર પર અમને પૂરો ભરોસો છે અને ઉચ્ચ અદાલતમાં કાયદાકીય લડત લડીને સત્યનો વિજય થશે જ. આમ આદમી પાર્ટીનો એક-એક કાર્યકર્તા અને નેતા આ અન્યાય સામે મક્કમતાથી ઊભો છે અને જનતાના અધિકારોની આ લડત ભવિષ્યમાં વધુ ઉગ્ર બનશે તેવી ચીમકી પણ ધારાસભ્ય હેમંત ખવાએ ઉચ્ચ સત્તાધીશોને આપી છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દાહોદમાં 1.57 લાખ બાળકોને શાળા પ્રવેશ કરાવશે

અમદાવાદ | મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવની ૨૪મી કડીના બીજા દિવસ બુધવાર, તા. ૨૪મી જૂને દાહોદ જિલ્લાના આદિજાતિ વિસ્તાર મોટી ખરજ ગામે બાળકોનું શાળા નામાંકન કરાવવામાં સહભાગી થશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૦૩થી શરૂ થયેલા શાળાપ્રવેશોત્સવ અન્વયે આ વર્ષે ૨૦૨૬નો શાળા પ્રવેશોત્સવ પ્રગતિનો પ્રવેશોત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રી આ પ્રવેશોત્સવ અંતર્ગત મોટી ખરજમાં ૬૭ બાળકોના આંગણવાડી પ્રવેશ સહિત કુલ ૩૧૮ બાળકોનો શાળા પ્રવેશ કરાવવાના છે. રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવની આ ૨૪મી કડીમાં સમગ્ર રાજ્યમાં 28 લાખ 58 હજાર જેટલા પ્રવેશપાત્ર બાળકો-વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ અપાવાનો છે. તદઅનુસાર, આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાના ૯ તાલુકાઓમાં ૭૭૮૨૧ કન્યાઓ સાથે કુલ ૧ લાખ ૫૭ હજાર ૯૪૮ વિદ્યાર્થીઓને આ ત્રિદિવસીય અભિયાનમાં શાળા પ્રવેશ કરાવવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ બુધવારે, તા.24 જૂનના રોજ સવારે ૧૦ વાગ્યે મોટી ખરજની પ્રાથમિક શાળામાં પહોંચીને પ્રવેશપાત્ર બાળકોને શાળામાં પ્રવેશ અપાવવાના જન ઉત્સવમાં જોડાશે.

# ગુજરાત લોકભવનમાં આયોજિત ઐતિહાસિક શ્રીરામકથાનો ત્રીજો દિવસ

**આચાર્ય શ્રી કુલદીપજી મહારાજે શ્રીરામ-જાનકી વિવાહનું અત્યંત ભાવપૂર્ણ વર્ણન કર્યું**

(એજન્સી) ગાંધીનગર । તા. 23

ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે આયોજિત ઐતિહાસિક શ્રીરામકથાના ત્રીજા દિવસે સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજે શ્રીરામ દ્વારા કરવામાં આવેલ યજ્ઞની રક્ષા, અહલ્યા ઉદ્ધાર અને શ્રીરામ-જાનકી વિવાહનું અત્યંત ભાવપૂર્ણ વર્ણન કર્યું હતું.કથાના પ્રારંભમાં આચાર્યશ્રીએ જણાવ્યું કે, મુનિ વિશ્વામિત્રના સિદ્ધ આશ્રમમાં શ્રીરામે અદભૂત પરાક્રમ દાખવીને રાક્ષસોનો સંહાર કર્યો. મારીચને પરાજિત કરી અને સુબાહુનો વધ કરીને તેમણે યજ્ઞની રક્ષા કરી. આચાર્યશ્રીએ અહલ્યા ઉદ્ધારનો પ્રસંગ વર્ણવતા કહ્યું કે, શ્રીરામના સાનિધ્યથી અહલ્યાનું જીવન ધન્ય થઈ ગયું. કથાના મુખ્ય આકર્ષણ સમાન શ્રીરામ-જાનકી વિવાહનો પ્રસંગ વર્ણવતા તેમણે જણાવ્યું કે, રાજા જનકની શરત પૂર્ણ કરીને શ્રીરામે



જ્યારે શિવધનુષ પર પ્રત્યંચા ચઢાવીને ખેંચી, ત્યારે શિવધનુષ તેમના બાહુબળ સામે તૂટી ગયું. આ દ્રશ્ય સાથે જ સમગ્ર વાતાવરણ સિયાવર રામચંદ્ર કી જયના નાદથી ગુંજી ઉઠ્યું હતું. આચાર્યશ્રીએ ગૃહસ્થાશ્રમના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, ચારેય આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે, કારણ કે આ આશ્રમ પર જ બાકીના તમામ આશ્રમોનો આધાર છે. જેનું ગૃહસ્થ જીવન સુધરે છે, તેનું બધું જ સુધરે છે. શ્રીરામ-સીતાજી, લક્ષ્મણ-ઉર્મિલા, ભરત-માંડવી અને શત્રુઘ્ન-શ્રુતકિર્તિના વિવાહ વૈદિક વિધિ-વિધાનથી સંપન્ન થયા હોવાનું આચાર્યશ્રીએ ઉમેર્યું હતું.

## હર્ષ સંઘવીની IPS અધિકારીઓ સાથે મોડી રાત સુધી બેઠક...

ગાંધીનગર । રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના સિનિયર IPS અધિકારીઓ સાથે મોડી રાત્રે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. બેઠકમાં રાજ્યની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ, પોલીસ કામગીરી તેમજ નાગરિક કેન્દ્રિત સેવાઓને વધુ અસરકારક બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રાજ્યના ચાર મહાનગરોના પોલીસ કમિશનરો સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

આ બેઠક મોડી રાત સુધી ચાલી હતી. રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા, ગુનાખોરી નિયંત્રણ, ટેક્નોલોજીના ઉપયોગ અને જનતાને ઝડપી તથા પારદર્શક સેવા મળી રહે તેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે જ વિવિધ શહેરોમાં ચાલી રહેલી પોલીસ કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

# મહોરમના તહેવાર નિમિત્તે રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા અર્થે વીડિયો કોન્ફરન્સ યોજાઈ

(એજન્સી) અમદાવાદ | તા.23

મહોરમના તહેવાર નિમિત્તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને આજે પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી.આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે તમામ શહેર, જિલ્લા, રેન્જ અને યુનિટના વડાશ્રીઓને મહોરમના જુલૂસ, તાજીયાના રૂટ્સ પર ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે કડક &★39;બંદોબસ્ત સ્કીમ&★39; તૈયાર કરવા સૂચના આપી હતી.કોમી એકતા અને શાંતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક સ્તરે શાંતિ સમિતિઓ, મોહલ્લા સમિતિઓ, ધાર્મિક અગ્રણીઓ અને સમુદાયના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત બેઠકો યોજવા તાકીદ કરી હતી. તહેવાર દરમિયાન રાજ્યભરમાં સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતી સંખ્યામાં SRPF કંપનીઓ અને પ્લાટૂનની ફાળવણી કરવામાં આવી છે. બંદોબસ્તમાં તૈનાત તમામ પોલીસ કર્મચારીઓને ફરજ પર મોકલતા પૂર્વે તેમની જવાબદારીઓ, વિસ્તારની સંવેદનશીલતા અને ઈમરજન્સી પ્રોટોકોલ અંગે યોગ્ય બ્રીફિંગ આપવા આદેશ આપ્યા છે. સમગ્ર રાજ્યમાં



તાજીયા જુલૂસ સંદર્ભે આઈડેન્ટિફાઈડ ૯૧૯ જેટલા સંવેદનશીલ સ્થળો પર ટેકનોલોજીની મદદથી એક્સ્ટ્રા એલર્ટ રહેવા જણાવાયું છે. આ ઉપરાંત, છેલ્લા પાંચ વર્ષમાં મહોરમ દરમિયાન જે વિસ્તારોમાં નાની-મોટી ઘટનાઓ નોંધાઈ છે, ત્યાં રિસ્ક એસેસમેન્ટ કરવા તાકીદ કરાઈ છે. જાહેર જનતામાં સુરક્ષાનો અહેસાસ વધારવા માટે સંવેદનશીલ વિસ્તારોમાં ૮ થી ૧૦ પોલીસ કર્મચારીઓની ટીમ બનાવી સઘન ફૂટ પેટ્રોલીંગ કરવાના આદેશ અપાયા છે. ભીડ નિયંત્રણ અને પ્રિવેન્ટિવ પોલીસિંગ માટે ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવા તેમજ મોટા જનમેદની વાળા સ્થળો પર ડ્રોન અને સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવામાં ઉપરાંત પોલીસ કર્મચારીઓને ફરજ દરમિયાન બોડી-વોર્ન કેમેરા પહેરવા જણાવાયું છે.આ ઉપરાંત, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કોમી સૌહાર્દ બગાડે તેવા પોસ્ટ્સ, અફવાઓ, ખોટી માહિતી ફેલાવતા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સતત મોનિટરિંગ રાખવામાં આવશે. તે ઉપરાંત જુલુસ સ્થળોએ સામાન્ય જનતાને કોઈ મુશ્કેલી ન પડે તે રીતે ટ્રાફિક અને ક્રાઉડ મેનેજમેન્ટની વ્યવસ્થા કરવા આદેશ આપવામાં આવ્યા છે. આ બેઠકમાં રાજ્યના તમામ પોલીસ કમિશનરશ્રીઓ, રેન્જ વડાશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાશ્રીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## શિક્ષણનો ઉત્સવ સુરતમાં ઉજવાયો, કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ

# સુરતમાં શાળા પ્રવેશોત્સવનો હર્ષોલ્લાસભેર પ્રારંભ

(એજન્સી) સુરત । તા. 23

સુરત સહિત સમગ્ર ગુજરાતમાં શિક્ષણના નૂતન સત્રની શરૂઆત સાથે જ શિક્ષણનો ઉત્સવ 'પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬'નો હર્ષોલ્લાસભેર પ્રારંભ થયો છે. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં નવા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક લગાવી, ફૂલોની વર્ષા સાથે અને શુભ પગલાં પાડીને આવકારવામાં આવ્યા હતા. નાના ભૂલકાઓના હાથ પકડીને તેમને શિક્ષણની નવી દુનિયામાં પ્રવેશ કરાવતા દ્રશ્યો ખૂબ જ ભાવુક અને આનંદદાયક રહ્યા હતા.

### શાળા પરિસરમાં સેલ્ફી ઝોનનું આકર્ષણ

આ વર્ષે પ્રવેશોત્સવમાં સૌથી અનોખી પહેલ તરીકે શાળા પરિસરમાં ખાસ 'સેલ્ફી ઝોન' ઉભા કરવામાં આવ્યા હતા. ધોરણ-૧ માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે આ દિવસ માત્ર શૈક્ષણિક પ્રક્રિયાનો ભાગ ન રહેતા એક યાદગાર પ્રસંગ બની ગયો હતો. નવા યુનિફોર્મમાં સજ્જ બાળકોએ પોતાના વાલીઓ, શિક્ષકો અને પધારેલા મહાનુભાવો સાથે ફોટોગ્રાફ્સ પડાવ્યા હતા. અનેક શાળાઓમાં બાળકોને કુમકુમના પગલાંની યાદગીરી સાથે સેલ્ફી લેવાની



સુવિધા આપવામાં આવી હતી, જેના કારણે વાતાવરણ ઉત્સાહભર્યું બની ગયું હતું.

પ્રથમ દિવસે શહેરના ૮૭ ભવનોમાં આવેલી ૧૧૮ પ્રાથમિક તેમજ ૨૫ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર, રાજ્યસભાના સાંસદ, ધારાસભ્યો, નગરસેવકો અને શિક્ષણ સમિતિના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શિક્ષણની સાથે અન્ય ગુણોને પ્રોત્સાહન આપવા માટે, વર્ષ દરમિયાન ૧૦૦ ટકા હાજરી નોંધાવનારા વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શૈક્ષણિક ક્ષેત્રે અને બોર્ડની પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ મેળવનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી અભિનંદન આપવામાં આવ્યા હતા. શિક્ષણ સમિતિના જણાવ્યા મુજબ, આવા સન્માનથી વિદ્યાર્થીઓમાં નિયમિતતા અને સ્પર્ધાત્મક ભાવના જાગે છે, જે શિક્ષણની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થાય છે. પ્રવેશોત્સવની ઉજવણીને વધુ સાર્થક બનાવવા માટે ઘણી શાળાઓમાં વૃક્ષારોપણના કાર્યક્રમો પણ યોજાયા હતા. મહાનુભાવો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને વૃક્ષારોપણ કર્યું હતું, જેનો હેતુ બાળકોમાં નાનપણથી જ પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને પ્રેમ કેળવવાનો છે. એક વૃક્ષ વાવીને તેમણે હરિયાળા અને સ્વચ્છ પર્યાવરણનો સંદેશ આપ્યો હતો.

આમ, સુરતની શાળાઓમાં યોજાયેલો આ પ્રવેશોત્સવ માત્ર એક પ્રવેશ વિધિ ન રહેતા, એક સામાજિક ઉત્સવ બની રહ્યો છે. શિક્ષણ પ્રત્યેની જાગૃતિ અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના ઉમદા આશય સાથે શરૂ થયેલો આ મહોત્સવ આવનારી પેઢીના ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ શિક્ષણ જગત વ્યક્ત કરી રહ્યું છે.

## વડોદરામાં દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન વેપારીઓ અને કોર્પોરેશનના કર્મચારીઓ વચ્ચે રકઝક



વડોદરા | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર નડતરરૂપ અને ગેરકાયદેસર દબાણો દૂર કરવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં વેપારીઓ અને કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ વચ્ચે ઘર્ષણ અને રકઝકના દ્રશ્યો પણ સર્જાયા હતા. તંત્રની કાર્યવાહી સામે વેપારીઓએ ભારે અસંતોષ અને નારાજગી વ્યક્ત કરી હતી. ગઈકાલે દબાણ શાખાની ટીમોએ શહેરના ખંડેરાવ માર્કેટના ફૂલ બજાર વિસ્તારમાં ઝુંબેશ હાથ ધરી હતી, જ્યાં રસ્તા પર રાખવામાં આવેલા ફૂલના પોટલા અને કેરેટ જપ્ત કરવાની કાર્યવાહી દરમિયાન વેપારીઓ સાથે કર્મચારીઓની તીખી રકઝક થઈ હતી. આ ઉપરાંત, રેલવે સ્ટેશન નજીક આવેલા કડક બજાર વિસ્તારમાં પણ પાથરણાં, શેડ અને અન્ય દબાણો દૂર કરવામાં આવતા પથારાધારકોએ વિરોધ નોંધાવ્યો હતો અને કેટલાક વેપારીઓએ હોબાળો મચાવ્યો હતો. કોર્પોરેશનની દબાણ શાખાએ વોર્ડ નંબર-૧૮ અને ૧૪માં આક્રમક કાર્યવાહી કરી છે.

## ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકે યાર્ડ રિમોડેલિંગ કાર્ય દરમિયાન સલામતીને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપે છે



(એજન્સી) વડોદરા । તા. 23

પશ્ચિમ રેલ્વેનું વડોદરા ડિવિઝન વડોદરા રેલ્વે સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ કાર્ય હાથ ધરી રહ્યું છે જેથી કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો થાય અને મુસાફરોને વધુ સારી સુવિધાઓ મળે. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ સ્થળની મુલાકાત લીધી અને ચાલુ કાર્યનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન, તેમણે ગુણવત્તાયુક્ત કાર્ય, સલામતી ધોરણો અને નિર્ધારિત સમયમર્યાદાનું પાલન કરવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે અધિકારીઓને કાર્ય દરમિયાન રેલ કામગીરી પર ઓછામાં ઓછી અસર થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો.આ યાર્ડ રિમોડેલિંગ કાર્ય હેઠળ, લાઇન 7 ને મુખ્ય લાઇન સાથે સીધી કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી રહી છે. પૂર્ણ થયા પછી, મુખ્ય લાઇનથી પ્લેટફોર્મ 6 સુધી ટ્રેનની અવરજવર સરળ અને ઝડપી બનશે. અગાઉ, પ્લેટફોર્મ 6 સુધી પહોંચવા માટે ટ્રેનોને ઘણા બિંદુઓ અને ક્રોસઓવરમાંથી પસાર થવું પડતું હતું, જેમાં સમયનો ઉમેરો થયો હતો. નવી સિસ્ટમ કાર્યક્ષમતામાં સુધારો કરશે અને ટ્રેનની અવરજવરને વધુ વ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવશે.વધુમાં, પ્લેટફોર્મ 4 અને 5 ની લંબાઈ વધારવામાં આવી રહી છે, જેનાથી આ પ્લેટફોર્મ પર 22-કોચવાળી ટ્રેનોનું સંચાલન શક્ય બનશે. હાલમાં ૪૯૮ મીટર લાંબુ પ્લેટફોર્મ ૪, ૫૯૨ મીટર સુધી લંબાવવામાં આવશે. તેવી જ રીતે, પ્લેટફોર્મ ૫ ને તેના વર્તમાન ૪૯૮ મીટરથી ૫૬૮ મીટર સુધી લંબાવવામાં આવશે.આ યાર્ડ રિમોડેલિંગ અને પ્લેટફોર્મ વિસ્તરણ વડોદરા સ્ટેશનની કાર્યકારી ક્ષમતાને વધુ મજબૂત બનાવશે અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે વધુ સારી અને વધુ કાર્યક્ષમ રેલ સેવાઓ પૂરી પાડવામાં મદદ કરશે.



## વડોદરા: રાવપુરાના કલ્પતરુ ફ્લેટમાં બિલ્ડરની બેદરકારીથી રહીશો પરેશાન

(એજન્સી) વડોદરા । તા. 23

વડોદરાના રાવપુરા વિસ્તારમાં કોઠી ચાર રસ્તાથી સલાટવાડા તરફના માર્ગ પર આવેલા કલ્પતરુ ફ્લેટના રહીશો છેલ્લા ઘણા સમયથી બિલ્ડરની બેદરકારી અને અધૂરા બાંધકામને કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં ફ્લેટ ખરીદનાર રહીશોનું કહેવું છે કે, બિલ્ડરે બાંધકામ સમયે લિફ્ટ સહિતની પાયાની સુવિધાઓ આપવાની બાંહેધરી આપી હતી, પરંતુ ૯ વર્ષ વીતી જવા છતાં આજે પણ આ સુવિધાઓ અધૂરી છે. સ્થાનિક રહેવાસી રાહુલ બારોટે જણાવ્યું હતું કે, બિલ્ડરે લિફ્ટ માટે ફાળવેલી જગ્યાને ખુલ્લી છોડી દીધી છે, જે હવે અકસ્માતનું કારણ બની શકે તેમ છે. આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. વળી, ઈમારતના અન્ય ભાગોમાં પણ બાંધકામ અધૂરૂં હોવાથી રહીશોને પાયાની સુવિધાઓ માટે વલખાં મારવા પડે છે. આ ફ્લેટના પ્રોજેક્ટમાં ત્રણ અલગ-અલગ સર્વે નંબર અને ત્રણ માલિકો સંકળાયેલા હોવાને કારણે અહીં વારંવાર વિવાદો સર્જાય છે. એટલું જ નહીં, ફ્લેટને અડીને અન્ય એક ગેરકાયદેસર ઈમારત પણ ઉભી કરી દેવામાં આવી હોવાના રહીશોએ આક્ષેપ કર્યા છે. રહીશો જ્યારે બિલ્ડરને કામગીરી પૂર્ણ કરવા માટે રજૂઆત કરે છે, ત્યારે વિપુલ નામના એક પોલીસ કર્મચારી દ્વારા તેમને ધમકાવવામાં આવતા હોવાનો ગંભીર આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

## સુરત: પાટીદાર અનામત આંદોલન સમયના વધુ બે કેસ પરત ખેંચાયા, કોર્ટે તમામ આરોપીઓને કર્યા મુક્ત

(એજન્સી) સુરત । તા. 23

પાટીદાર અનામત આંદોલન દરમિયાન સુરતમાં નોંધાયેલા કેસોના સંદર્ભમાં ન્યાયતંત્ર દ્વારા વધુ એક મહત્વપૂર્ણ રાહત આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૮માં આંદોલન સમયે વરાછા પોલીસ મથકમાં ટ્રાફિક જામ અને જાહેર માર્ગ પર અવરોધ ઉભો કરવાના મુદ્દે નોંધાયેલા બે મહત્વના કેસ પરત ખેંચવાની સુરત કોર્ટે મંજૂરી આપી દીધી છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જીતેન્દ્રસિંહે સરકારની 'કેસ વિથડ્રો' કરવાની અરજીનો સ્વીકાર કરીને હાર્દિક પટેલ, અલ્પેશ કથીરિયા સહિતના તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરવાનો હુકમ કર્યો છે.

### શું હતો વર્ષ 2018નો સમગ્ર મામલો?

આ મામલો જાન્યુઆરી ૨૦૧૮નો છે, જ્યારે આંદોલનના કેટલાક કાર્યકરો લાજપોર જેલમાંથી મુક્ત થઈને બહાર આવ્યા હતા. તેમના સ્વાગતમાં 'પાસ' (PAAS) ના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરોએ વાહનો તથા બાઈક રેલી યોજી હતી. આ રેલી વરાછા વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર કરવા માટે નીકળી હતી. રેલી દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હોવાના કારણે વરાછા પોલીસે હાર્દિક પટેલ, અલ્પેશ કથીરિયા, ધાર્મિક માલવિયા, અશોક જીરાવાલા સહિત ૧૫૦ થી ૨૦૦ કાર્યકરો વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

સરકારપક્ષે કોર્ટમાં અરજી કરીને જણાવ્યું હતું કે આ કેસ જાહેર હિતમાં પરત ખેંચવા યોગ્ય છે. પોલીસે સ્પષ્ટતા કરી હતી કે, જેમને ટ્રાફિકમાં અડચણ થઈ હતી તેવી કોઈ વ્યક્તિએ ફરિયાદ કરી નહોતી, પરંતુ પીઆઈએ ફરિયાદ નોંધાવી હતી. વધુમાં, આરોપીઓનો કોઈ ગુનાહિત ઈરાદો જણાતો નથી અને ટ્રાફિક અવરોધની કલમો સમાધાનપાત્ર છે. આ દલીલોને ધ્યાને લેતા કોર્ટે કાનૂની જોગવાઈઓ અને રેકોર્ડ પરના પુરાવા તપાસ્યા બાદ નોંધ્યું હતું કે, આ કેસ ચલાવવો જાહેર હિતમાં નથી. પરિણામે, બંને કેસો પરત ખેંચવાની સરકારની માંગને કોર્ટે સ્વીકારી લીધી છે. આ નિર્ણયથી પાટીદાર આંદોલનકારીઓમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

## વડોદરા મ્યુનિ. કોર્પોરેશનમાં 72 આઉટસોર્સ કર્મચારીઓને છૂટા કરાતા વિરોધ પ્રદર્શન



વડોદરા | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગો અને વોર્ડ કચેરીઓમાં છેલ્લા નવ વર્ષથી પોતાની સેવાઓ આપતા ૭૨ આઉટસોર્સ કર્મચારીઓને અચાનક ફરજમુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવતા ભારે હોબાળો મચી ગયો છે. આ નિર્ણયના વિરોધમાં અસરગ્રસ્ત કર્મચારીઓએ આજે કમાટીબાગ ખાતે એકત્ર થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને પોતાની નોકરી પર પરત લેવા અથવા વૈકલ્પિક રોજગાર પૂરો પાડવા માંગ કરી હતી. કર્મચારીઓનું કહેવું છે કે, છેલ્લા નવ વર્ષથી તેઓ કોર્પોરેશનમાં આવક સ્વીકારવાની કામગીરી નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે. પરંતુ હવે ૩૦ જૂનથી તેમને ફરજમુક્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જેમના કારણે તેમના પરિવારોની આજીવિકા સામે મોટું સંકટ ઊભું થયું છે. કર્મચારીઓએ જણાવ્યું હતું કે આર્થિક અને સામાજિક રીતે તેઓ મુશ્કેલીમાં મુકાઈ જશે. આ અગાઉ તેમણે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સમક્ષ પોતાની સમસ્યા રજૂ કરીને સહાયની અપીલ પણ કરી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેનપાવર પૂરો પાડતી બેંક આધારિત સેવાઓ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

## સામાજિક લગ્નની અડચણથી પગલું

# સુરતની સરથાણા હોટલમાં દંપતીએ ઝેર પીતા મોત થયું



(એજન્સી) વડોદરા । તા. 23

સુરતના સરથાણા વિસ્તારમાં આવેલી એક હોટલમાં એક પ્રેમી યુગલ, જેમણે અગાઉ કોર્ટ મેરેજ કર્યા હતા, તેમણે સાથે મળીને ઝેર ગટગટાવી જીવનનો અંત આણ્યો હોવાની અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં પત્નીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા પતિએ પણ બીજા દિવસે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટનાને પગલે બંને પરિવારોમાં આભ તૂટી પડ્યું છે.

સરથાણામાં સીમાડા ખાતે બાપા સીતારામ ચોક નજીક આવેલી સિલ્વર બિઝનેસ હબની એક હોટલમાં સોમવારે બપોરે આ યુગલે રૂમ ભાડે લીધો હતો. હોટલના રૂમમાં બંનેએ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સ્ટાફને જાણ થતા તુરંત જ તંત્રને જાણ કરવામાં આવી હતી. ૨૩ વર્ષીય માનસી ઉમરેટિયા અને ૨૪ વર્ષીય અભય ત્રાડાને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરોએ માનસીને મૃત જાહેર કરી હતી, જ્યારે અભયને ગંભીર હાલતમાં આઈસીયુ (ICU) માં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ મંગળવારે સારવાર દરમિયાન તેનું પણ મોત થયું હતું.

સરથાણા પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે, માનસી અને અભય એકબીજાને પ્રેમ કરતા હતા અને બે વર્ષ પહેલા જ તેમણે કોર્ટ મેરેજ કરી લીધા હતા. તેમની વચ્ચેના સંબંધોને પરિવારની મંજૂરી પણ મળી હતી અને એક વર્ષ પહેલા બંનેની સગાઈ પણ થઈ હતી. પરિવારજનો આગામી સમયમાં ધામધૂમથી સામાજિક લગ્ન કરાવવાના હતા. જોકે, માનસીના પરિવાર દ્વારા લગ્નની તારીખ આપવામાં વિલંબ થતો હોવાથી, બંનેને એવી આશંકા સતાવી રહી હતી કે સામાજિક લગ્નમાં કોઈ મોટો અવરોધ આવી શકે છે. આ શંકા અને તણાવમાં જ તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાની પ્રાથમિક શક્યતા સેવાઈ રહી છે.

### પરિવારમાં શોકનું મોજું

મૃતક માનસી મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગીગાસણ ગામની વતની હતી. તેના પિતા રેતી-કપચીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. બીજી તરફ, અભય મૂળ જૂનાગઢના ભેંસાણનો વતની હતો અને તે મકાન દલાલીનું કામ કરતો હતો. બંનેના પરિવારો આ સમાચાર સાંભળી સ્તબ્ધ થઈ ગયા છે. બંને તેજસ્વી યુવાનોના અકાળે મોતને કારણે તેમના પરિવાર અને મિત્રવર્તુળમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે.

### પોલીસ તપાસ અને કાર્યવાહી

સરથાણા પોલીસ આ મામલે સઘન તપાસ કરી રહી છે. હાલ બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને ઘટના પાછળ અન્ય કોઈ કારણો કે દબાણ તો નથી ને, તે દિશામાં પણ નિવેદનો લેવાની પ્રક્રિયા ચાલી રહી છે.

## મંગળ બજારમાં પાર્કિંગની મુશ્કેલી, પે એન્ડ પાર્ક સંચાલકોની મનમાની

# વડોદરામાં પાર્કિંગની સમસ્યાથી લોકો ત્રાહિમામ

(એજન્સી) વડોદરા । તા. 23

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં મલ્ટી લેવલ પાર્કિંગ અને અત્યાધુનિક સુવિધાઓના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. શહેરના સીટી વિસ્તાર અને મંગળ બજાર જેવા વ્યસ્ત વિસ્તારોમાં નાગરિકો હજુ પણ પાર્કિંગની ગંભીર સમસ્યાથી પરેશાન છે. ખાસ કરીને શૈક્ષણિક સત્ર શરૂ થતાં શાળાકીય સામગ્રીની ખરીદી માટે નીકળતા વાલીઓ અને ગ્રાહકો માટે વાહન પાર્ક કરવું એ એક મોટી માથાકૂપ સાબિત થઈ રહી છે.

### ભીડ અને પાર્કિંગનો અભાવ

મંગળ બજારમાં બુટ, ચપ્પલ, યુનિફોર્મ અને અન્ય વસ્તુઓની ખરીદી કરવા માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. પાર્કિંગ માટે પૂરતી જગ્યાના અભાવે વાહનચાલકો રસ્તા પર જ વાહનો પાર્ક કરવા મજબૂર બન્યા છે, જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા રોજિંદી બની ગઈ છે. સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે કોર્પોરેશનના આયોજનમાં રહેલી ખામીઓને કારણે તેમને આ પ્રકારની હાલાકી ભોગવવી પડી રહી છે.

### પે એન્ડ પાર્કમાં ઉઘાડી લૂંટ

માત્ર પાર્કિંગની જગ્યાનો અભાવ જ નહીં, પરંતુ ઉપલબ્ધ સુવિધાઓમાં પણ ગેરરીતિઓ સામે આવી છે. પદ્માવતી શોપિંગ સેન્ટર નજીક આવેલા પે એન્ડ પાર્ક અંગે નાગરિકોએ ગંભીર ફરિયાદો કરી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અહીં કોન્ટ્રાક્ટર દ્વારા નિર્ધારિત દર કરતાં વધુ રકમની વસૂલાત કરવામાં આવી રહી છે. મનફાવે તેવી રીતે પૈસા ઉઘરાવવાની આ પ્રક્રિયાને નાગરિકોએ 'ઉઘાડી લૂંટ' ગણાવી છે. વહીવટી તંત્રના મૌન સામે હવે લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

### વહીવટી તંત્રની કામગીરી પર સવાલો

જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન સ્માર્ટ સિટીના દાવાઓ કરતી હોય, ત્યારે નાગરિકોની આ પાયાની સમસ્યાઓ હજુ કેમ વણઉકેલ છે? તેવો સવાલ ઉઠવો સ્વાભાવિક છે. ટ્રાફિક પોલીસ અને કોર્પોરેશનના સંબંધિત વિભાગો દ્વારા આ વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા માટે કડક પગલાં ભરવા જોઈએ તેવી માંગ ઉઠી છે. વધુ વસૂલાત કરનારા કોન્ટ્રાક્ટરો સામે કાયદાકીય કાર્યવાહી કરવી અત્યંત અનિવાર્ય છે.



શહેરના પ્રબુદ્ધ નાગરિકોનું માનવું છે કે સીટી વિસ્તારમાં પાર્કિંગની સુવિધા સુધારવા માટે વ્યવસ્થિત પ્લાનિંગની જરૂર છે. ટ્રાફિકના નિયમોનું પાલન થાય તે જોવાની સાથે સાથે સામાન્ય લોકોના ખિસ્સા પર બોજ ન પડે તે રીતે વાજબી દરે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ. હવે જોવું એ રહ્યું કે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન આ ફરિયાદોનો નિકાલ કરવા માટે કોઈ નક્કર પગલાં લે છે કે નહીં.

**15.45 લાખની મતા ચોરી, મંજુસર પોલીસની તપાસ શરૂ**

# વાસણા કોતરીયામાં ચોર ટોળકીનો તરખાટ

(એજન્સી) વડોદરા । તા. 23

વડોદરા નજીકના વાસણા કોતરીયા ગામમાં બાઈક પર આવેલા અજાણ્યા તસ્કરોએ બે મકાનોને નિશાન બનાવી લાખોની મતાની ચોરી કરતા ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. એક જ રાતમાં બે મકાનોના તાળા તૂટવાની આ ઘટનાએ સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા છે. આ ચોરીમાં કુલ ૧૫.૪૫ લાખ રૂપિયાથી વધુની મતા ગુમ થતા ચકચાર મચી ગઈ છે.

મંજુસર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગામના ઊંડા ફળિયામાં રહેતા શૈલેષ ગણપતભાઈ સોલંકી પોતાની નોકરીના કામે રાત્રે બહાર હતા. તેમના માતા-પિતા પણ ખેતરે સૂવા માટે ગયા હતા, જેના કારણે મકાન બંધ હતું. જ્યારે શૈલેષભાઈ નાઈટ શિફ્ટ પૂરી કરીને સવારે ઘરે પહોંચ્યા ત્યારે તેમને ઘરના દરવાજાની જાળીનો નકૂચો તૂટેલો હોવાનું જણાયું હતું. ઘરની અંદર સામાન વેરવિખેર હતો અને તિજોરીના તાળા પણ તૂટેલા હતા. તસ્કરોએ તિજોરીમાંથી ૧૩ લાખની કિંમતના ૧૦ તોલા સોનાના દાગીના, ૧.૭૫ લાખના ૭૦૦ ગ્રામ ચાંદીના દાગીના અને ૭૦ હજાર રોકડા મળી કુલ ૧૫.૪૫ લાખની મતાની ચોરી કરી હતી.

તસ્કરો માત્ર એક જ મકાન સુધી સીમિત ન રહ્યા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે પાડોશમાં રહેતા ભરત દેવજીભાઈ પરમારના મકાનના પણ તાળા તૂટ્યા હતા. આ મકાન લાંબા સમયથી બંધ હોવાથી ચોરીમાં કેટલી મતા ગઈ છે તેની સ્પષ્ટ વિગતો હજુ પ્રાપ્ત થઈ નથી, પરંતુ ચોર ટોળકીની સક્રિયતા ગામમાં ચર્ચાનો વિષય બની છે.

ઘટનાની જાણ થતા જ મંજુસર પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ગામના ચોકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં શંકાસ્પદ બાઈક સવાર ચોરોની ટોળકી જોવા મળી છે. પોલીસ હાલ આ ફૂટેજના આધારે તસ્કરોની ઓળખ મેળવવાના પ્રયાસો કરી રહી છે.

**6 લાખ વધુ પડાવ્યા હોવાનો ઘટસ્ફોટ**

# વિદેશમાં નોકરીના બહાને લાખોની ઠગાઈ બે નર્સ, બે લોકો પણ બન્યા શિકાર

(એજન્સી) વડોદરા । તા. 23

વિદેશમાં નોકરી અપાવવાના બહાને લોકો સાથે છેતરપિંડી કરનાર વડોદરાના બે એજન્ટ ભાઈઓની કરતૂત સામે આવી છે. ન્યુ વી. આઈ.પી. રોડ પર રહેતા જશવંત ચૌધરી અને દુષ્યંત ચૌધરીએ બે નર્સને વિદેશ મોકલવાના નામે ૧૦.૬૦ લાખ રૂપિયા પડાવ્યા હોવાનો કેસ નોંધાયા બાદ, તપાસમાં વધુ બે વ્યક્તિઓ પણ તેમના શિકાર બન્યા હોવાનું બહાર આવ્યું છે. આરોપીઓએ આ અન્ય બે લોકો પાસેથી પણ વિદેશ મોકલવાના નામે વધારાના ૬ લાખ રૂપિયા ખંખેર્યા હોવાનું પોલીસ તપાસમાં સ્પષ્ટ થયું છે.

### ઠગાઈનો માસ્ટરપ્લાન

આણંદ જિલ્લાના નાપા ગામની રહેવાસી નીકિતાબેન અને તેમની બહેનપણી સિમરનને નર્સ તરીકે વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી આરોપીઓએ ૧૦.૬૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. નોકરીના કોઈ સમાચાર ન મળતા અને પૈસા પરત ન મળતા આખરે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. વારસિયા પોલીસ સ્ટેશનના પી.આઈ. વાય.જી. મકવાણાએ જણાવ્યું છે કે, ફરિયાદ બાદ જશવંત ચૌધરીની ધરપકડ કરીને તેની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

### પોલીસ તપાસ અને શોધખોળ

આરોપીએ પડાવેલી રકમનું ક્યાં અને કેવી રીતે રોકાણ કર્યું છે, તે જાણવા માટે પોલીસ તપાસ કરી રહી છે. અત્યાર સુધીની તપાસમાં કુલ ૧૬.૬૦ લાખ રૂપિયાની છેતરપિંડીનો આંકડો સામે આવ્યો છે. આ ઠગાઈમાં મુખ્ય સૂત્રધાર જશવંતના ભાઈ દુષ્યંત ચૌધરીની શોધખોળ હાલમાં પોલીસ દ્વારા ચાલી રહી છે. વિદેશ જવાની લાલચમાં અનેક લોકો આવા ઠગ એજન્ટોની જાળમાં ફસાયા હોવાનું જણાય છે, ત્યારે પોલીસ હવે અન્ય પીડિતોની પણ ભાળ મેળવી રહી છે. આરોપીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. સ્વત6 રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે .

**વૃષભ : બ. વ. ઉ.**

કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે.

**મિથુન : ક. છ. ઘ.**

બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે.

**કર્ક : ડ. હ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**સિંહ : મ. ટ.**

તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો પરિવારના સભ્યો તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે.

**તુલા : ર. ત.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા.

**વૃશ્ચિક : ન. ય.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે.

**મકર : ખ. જ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક ક ર ના ર ા ઓ ની અવગણના કરો. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈઓ પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

## જન જાગૃતિ

### વન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઉપર હુમલા ના કારણે લોકોમાં જાગૃતિ લાવવા પેમ્પલેટ વિતરણ કરાયા





અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા પંથકમાં હાલમાં વધતા જતા વન્ય પ્રાણીઓ દ્વારા માનવ ઉપર છાશવારે હુમલા થતા જોવા મળી રહ્યા છે ત્યારે નાયબ વન સરક્ષણ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવા અમરેલી રેન્જ ફોરેસ્ટ ઓફિસર જે.એન. વાળા વનપાલ ઈનન્ચાર્જ એ.ડી.વાળા ફોરેસ્ટ ગાર્ડ ભુવા અને ક્ષેત્રીય મદદનીશ ટ્રેકર્સ ફિરોઝભાઇ ચૌહાણ તથા ભાવેશભાઈ ટીલાવત અને દિનેશભાઈ બગડા દ્વારા બગસરા તાલુકાના જેઠીયાવદર, સુડાવડ, તેમજ બગસરાના હુડકો વિસ્તારમાં અને મ બાયપાસના વાડી વિસ્તારમાં ખેડૂતો અને મજૂરોને વન્ય પ્રાણીઓ વિશે માહિતગાર કરી સમજૂતી આપવામાં આવી સાથે પેમ્પલેટ આપી વન્ય પ્રાણીઓ હુમલાઓ અટકાવવા પ્રયાસો હાથ કરવામાં આવ્યા..

### સંસ્કૃત ભાષા આપણા સાંસ્કૃતિક વારસાનું મૂળ છે

# આંકોલવાડી કન્યાશાળાને ગુજરાત સરકાર તરફથી સંસ્કૃત કક્ષની ભેંટ


| નરેન્દ્ર દવે | જૂનાગઢ

આંકોલવાડી કન્યા શાળામાં સંસ્કૃત ભાષાના સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે સતત વિવિધ શૈક્ષણિક તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. શાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રસ અને અભિરુચિ વિકસે તે માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ પ્રયત્નોની નોંધ લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા આંકોલવાડી કન્યાશાળાને રૂ. 50,000ની વિશેષ અનુદાનની રકમ ફાળવીને એક સુવિધાસભર સંસ્કૃત કક્ષ (Sanskrit Class room) મંજૂર કરવામાં આવ્યો છે. આ સંસ્કૃત કક્ષનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાના અભ્યાસને પ્રોત્સાહન આપવાનો, ભાષા પ્રત્યેની જિજ્ઞાસા વધારવાની તથા સંસ્કૃતના વ્યાપને વધુ વિસ્તૃત કરવાનો છે. આ સિદ્ધિ શાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતાના સતત પ્રયાસો, માર્ગદર્શન અને શાળાના આચાર્યશ્રી ભરતભાઈ ભોળાના સહયોગના પરિણામે શક્ય બની છે. ગુજરાત સરકાર તરફથી પ્રાપ્ત થયેલો આ સંસ્કૃત કક્ષ માત્ર શાળા માટે જ નહીં, પરંતુ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકા તથા આંકોલવાડી ગામ માટે પણ ગૌરવની બાબત છે. આ પ્રસંગે આજ રોજ આંકોલવાડી કન્યા પ્રાથમિક શાળા મુકામે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ મહોત્સવ અંતર્ગત એક સુંદર કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા નાયબ પોલીસ અધિક્ષકશ્રી-ગીરસોમનાથ શ્રી સી.સી. ખટાણા તેમજ લાઈઝન અધિકારીશ્રી સામતભાઇ રામ તેમજ ગામનાં સરપંચ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ, તાલુકા પંચાયત સદસ્યશ્રી, ડોક્ટર હડિયા તેમજ શિક્ષકો, બાળકો તેમજ ગામ લોકોની હાજરીમાં આજ રોજ ગુજરાત સરકાર દ્વારા તેમજ ગુજરાત સંસ્કૃત બોર્ડ અંતર્ગત સંસ્કૃત કક્ષનું વિશેષ આયોજન તેમજ સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે થયું. જેમાં સંસ્કૃત કક્ષનાં ઉદ્ઘાટનમાં આંકોલવાડી કન્યાશાળાની બાલિકાઓ દ્વારા સંસ્કૃત શ્લોક બોલવામાં આવ્યા,તેમજ સંયોજક શ્રી નિશાંતભાઈ મહેતા દ્વારા સંસ્કૃત કક્ષ વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી. સાહેબશ્રી દ્વારા સંસ્કૃત કક્ષ માટેનો અદ્ભૂત પ્રતિસાદ પ્રાપ્ત થયો,તેમજ શિક્ષણ વિભાગ, ગ્રામજનો તેમજ સમગ્ર શાળા પરિવારે આ સિદ્ધિ બદલ આનંદ વ્યક્ત કરી શાળાના શિક્ષકો, આચાર્યશ્રી અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. સંસ્કૃત ભાષાના વિકાસ અને સંવર્ધન માટે આ સંસ્કૃત કક્ષ ભવિષ્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. " " – સંસ્કૃત ભાષા આપણા સાંસ્કૃતિક વારસાનું મૂળ છે; તેના સંવર્ધન માટેનો આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે.

## શ્રીકષ્ટભંજનદેવ દાદાને મોરની ડિઝાઇન વાળા જરદોશી વર્કવાળા વાઘા અને ડ્રાયફ્રુટનો ભવ્ય અન્નકૂટ ધરાવાયો, સિંહસને ફૂલોનો દિવ્ય શણગાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર સ્થિત શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે



આજે તારીખ ૨૩ જૂન ૨૦૨૬ના રોજ મંગળવાર નિમિત્તે દાદાને મોરની ડિઝાઇન વાળા જરદોશી વર્કવાળા વાઘા ધરાવવામાં આવ્યા હતા. મંગળા આરતી સવારે ૫:૩૦ કલાકે તથા શણગાર આરતી સવારે ૭:૦૦ કલાકે મંદિરના પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. દાદાના સિંહાસનને રંગબેરંગી ગુલાબ, ઓર્કિડ અને લિલીના સુગંધિત મિક્સ ફૂલો વડે મનોહર શણગાર થી સજાવવામાં આવ્યું છે. આ સાથે જ દાદાના ચરણોમાં વિવિધ પ્રકારના ડ્રાયફ્રૂટ્સ કાજુ, બદામ, અખરોટ, પિસ્તા, કિસમિસ અને અંજીરનો 'ડ્રાયફ્રૂટ અન્નકૂટ' ધરાવવામાં આવ્યો છે. જેમાં અનેક હરિભક્તોએ ઓનલાઈન તેમજ પ્રત્યક્ષ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## સાંગાસર ગામે યુવાન પર 7 શખ્સનો લાકડી પાઈપ વડે હુમલો

ભાવનગર : ધોલેરા તાલુકાના સાંગાસર ગામે સાત શખ્સે ધીમા અવાજે વાત કરો તેમ કહી યુવાનની કારને અન્ય કાર વડે ટક્કર મારી કારની તોડફોડ કરી યુવાનને લાકડી વડે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ધોલેરા તાલુકાના સાંગાસર ગામના વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતા કિશોરભાઈ દયાળભાઈ પરમાર અને તેના સાળા અજયભાઈ તથા મિત્ર હર્ષદભાઈ ગામની હનુમાનજી મંદિર પાસે આવેલ ગામ તળાવની પાળ પાસે બેઠા હતા તે વખતે હરેશ હસુભાઈ ઠેભાણી તથા અરવિંદ ઘનશ્યામભાઈ ઠેભાણીએ આવી કહેલ કે તમો ધીમા અવાજે વાતો કરો તેમ કહી બોલાચાલી ઝઘડો કરી ફોન કરી તેના શખ્સને બોલાવ્યા હતા. અને કિશોરભાઈ સહિત ત્રાસ લોકો કારમાં બેસી નિકળ્યા ત્યારે પાછળથી બીજી કારે ટક્કર મારી મોટરસાયકલ ઉપર હરેશ તથા અરવિંદએ કાર આગળ બાઈક આડુ કરી કાર ઉભી રખાવી વિજય ભીમાભાઈ ઠેભાણી તથા અન્ય ચાર અજાણ્યા શખ્સ તથા હરેશ તથા અરવિંદએ એક સંપ થઈ હાથમાં લાકડી અને લોખંડની પાઈપ જેવા મારક હથિયાર ધારણ કરી ગેરકાયદે મંડળી રચી અમારી તરફ આવતા અજયભાઈ દોડી જતા રહેલ અને કિશોરભાઈ અને હર્ષદભાઈ ગાડીમાં બેસી જતા હતા.તેવામાં સાતેય શખ્સે ગાળો બોલી કાર ગા ઉપર લાકડી અને પાઈપથી આડેધડ ઘા મારી ગાડીના કાચ ફોડી તથા બોડીના પતરાનું રૂ.૧૦,૦૦૦ નું નુકશાન કર્યું હતું.કિશોરભાઈને ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

## ભાવનગરમાં ગાજવીજ સાથે ધોધમાર 2 ઈંચ વરસાદ, રસ્તા પાણીમાં ડૂબ્યા

ભાવનગર/જેસર - ભાવનગર શહેરમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસી જતાં રસ્તાઓ પાણીમાં ડૂબ્યા હતા. માત્ર બે ઈંચ વરસાદમાં અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થતાં જનજીવન ઉપર અસર થઈ હતી. ચોમાસાના પ્રારંભે જ મનપા તંત્રની પ્રો-મોન્સૂન કામગીરીની પોલ ખુલી પડતા નગરજનોમાં રોષ ફેલાયો હતો.શહેરમાં આજે સોમવારે બપોરે વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ આકાશમાં વીજળીના બિહામણાં અવાજ શરૂ થયા હતા. ત્યારપછી પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થતાં માત્ર દોઢથી બે કલાકમાં જ બે ઈંચ જેટલું ૪૭ મિ.મી. પાણી વરસી ગયું હતું. મોસમની આ પ્રથમ શ્રીકાર વર્ષાના એક તરફ નગરજનોએ વધામણાં કર્યા હતા. તો બીજી તરફ કાળિયાબીડ, કરચલિયા પરા સહિતના અનેક વિસ્તારોમાં જાણે પાંચ-છ ઈંચ વરસાદ પડયો હોય તેમ રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જતાં વાહનચાલકોની હાલત કફોડી બની હતી. પાણી ઓસરવામાં કલાકો વિતતા રાહદારીઓ ભય વચ્ચે રસ્તો ઓળંગવા મજબૂર બન્યા હતા.જેસર પંથકમાં પણ બપોરે દોઢ વાગ્યા આસપાસ વીજળીના કડાકા-ભડકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. પોણો ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહી હોય તેમ ચાર કલાકથી વધુ સમય સુધી વીજળી ડૂલ રહી હતી.

### કોલેજના વિદ્યાર્થીઓ જીવના જોખમે રોડ પર ચાલવા મજબૂર

## લુણાવાડામાં કોટેજ ચોકડીથી પી. એન. પંડ્યા કોલેજ રોડ પર આડેધડ પાર્કિંગનો ત્રાસ



| જગદીશ ત્રિવેદી લુણાવાડા

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા શહેરમાં આવેલી જાણીતી પી. એન. પંડ્યા કોલેજ તરફ જતા મુખ્ય માર્ગ પર આડેધડ પાર્કિંગની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. કોટેજ ચોકડીથી લઈને પી. એન. પંડ્યા કોલેજ સુધીના રોડ પર મોટા વાહનો અને અન્ય વાહનોના આડેધડ ખડકાયેલા સામ્રાજ્યને કારણે કોલેજ જતા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રસ્તા પર વાહનો ગમે તેમ પાર્ક કરી દેવામાં આવતા હોવાથી ફૂટપાથ કે ચાલવાની જગ્યા બચી નથી. પરિણામે, વિદ્યાર્થીઓ અને રાહદારીઓને મુખ્ય રોડની વચ્ચે ચાલવું પડે છે, જે અત્યંત જોખમી છે. આ માર્ગ પરથી પસાર થતા ભારે વાહનો અને સ્પીડમાં આવતા બાઈક ચાલકો વચ્ચે, રોડ પર ચાલતા વિદ્યાર્થીઓ માટે ગમે ત્યારે મોટી દુર્ઘટના ઘટવાનો ભય સતત મંડરાતો રહે છે.

તંત્ર પાસે તાકીદની માંગણીઓ:

૧. નો-પાર્કિંગ ઝોન જાહેર કરાય: કોટેજ ચોકડીથી કોલેજ સુધીના માર્ગને પીક-અવર્સ (કોલેજના સમયે) દરમિયાન નો-પાર્કિંગ જાહેર કરવામાં આવે.

૨. પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે: ટ્રાફિક પોલીસ દ્વારા આ રોડ પર નિયમિત હાજરી રાખવામાં આવે અને આડેધડ પાર્કિંગ કરનારા વાહનો સામે દંડાત્મક કાર્યવાહી થાય.

૩. દબાણો દૂર કરવામાં આવે: રસ્તાની આસપાસ થયેલા ગેરકાયદેસર દબાણો અને લાંબા સમયથી પડી રહેલા વાહનોને તાત્કાલિક હટાવવામાં આવે.

સ્થાનિક રહીશો અને કોલેજ પ્રશાસન વતી તંત્રને નમ્ર અપીલ છે કે કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલાં આ ગંભીર સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે.

### દાતાશ્રીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો

## ગંગેટ પ્રાથમિક શાળામાં "પ્રગતિ પ્રવેશોત્સવ-2026"ની ભવ્ય ઉજવણી





| નિતીન ઠાકર ચાણસ્મા

ગંગેટ પ્રાથમિક શાળા, ગંગેટ તા. ચાણસ્મા, જિ. પાટણ ખાતે આંગણવાડી, બાળવાટિકા, ધોરણ-1, ધોરણ-9 અને ધોરણ-11 ના બાળકોનો શાળાપ્રવેશ "પ્રગતિ પ્રવેશોત્સવ-2026" અંતર્ગત ઉત્સાહભેર કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રવેશ પામનાર તમામ બાળકોને કંકુ તિલક કરી શાળામાં આવકાર આપવામાં આવ્યો હતો તેમજ નવા શૈક્ષણિક વર્ષ માટે બેગ અને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન શાળાના દાતાશ્રીઓના સહયોગથી વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા.નિવૃત્ત શિક્ષક મંડળ તરફથી બાલવાટિકાના તમામ બાળકોને બેગ. બાળદત્તક યોજના અંતર્ગત સભ્યો તરફથી મા-બાપ વિનાના બાળકોને શૈક્ષણિક કીટ.કાર્યક્રમમાં ધોરણ-3 થી 8 ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એચ. એસ. સૈયદ સાહેબ તેમજ દેસાઈ સુજલ અને અસ્મિ ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.મુખ્ય મહેમાન શ્રીમતી વીણાબેન આઈ. પટેલે પોતાના ઉદબોધનમાં શાળામાં ચાલતી વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ તથા શાળાના સફળ સંચાલનની પ્રશંસા કરી હતી.ગંગેટ પ્રાથમિક શાળા પરિવાર દ્વારા તમામ મહેમાનો, દાતાશ્રીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો 'હતો

## રાજુલા શહેરમાં પી.જી.વી.સી.એલ.ની બેદરકારીથી રોજીંદા વીજધાંધીયાં

રાજુલા : રાજુલા શહેરમાં પી.જી.વી.સી. એલ.ના અધિકારીઓની અણઆવડત અને બેદરકારીના કારણે રોજીંદી વીજધાંધીયાની રામાયણ જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ મહિનાથી દરરોજ દિવસ દરમિયાન વીજપુરવઠો ગુલ થઈ જાય છે જેથી વેપાર ઉદ્યોગને ભારે નુકશાન થઈ રહ્યુ છે. રાજુલામાં તંત્રવાહકોની લાપરવાહીથી વીજ પુરવઠાની હાલત દયનીય બની ગઈ છે. વેપારીઓએ આક્ષેપ વ્યકત કરી જણાવ્યુ હતુ કે, છેલ્લા બે મહિનાથી એકપણ દિવસ એવો પસાર થયો નથી કે, રાજુલામાં લાઈટ ન ગઈ હોય. કન્ટ્રોલ ઓફિસમાં લાઈટ આવે અને જાય તેની જાણ કરવા માટે ફરજ પરના કર્મચારીઓ પણ ફોન ઉપાડવાની તસ્દી લેતા નથી તેવુ લોકોમાં આક્રોશભેર ચર્ચાઈ રહ્યુ છે.ઉચ્ચ અધિકારીઓ ફિલ્ડના નામે ગાયબ જ રહે છે. જયારે ગ્રાહક ઓફિસમાં પુછવા જાય ત્યારે એક જ જવાબ અપાય છે કે, આજે તત્વજયોતિ ફીડર ફોલ્ટમાં છે.

## પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ચેકીંગ કરી રૂ.૨૯,૩૦૦/-નો દંડ વસૂલ કરવામાં આવ્યો

| નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્ય સરકારની 'સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત' ઝુંબેશને વેગ આપવાના ભાગરૂપે તા:૨૨/૦૬/૨૦૨૬ના રોજ જુનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં એક સઘન પ્રતિબંધિત પ્લાસ્ટિકની ઝુંબેશ ચલાવી ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન સેનિટેશન વિભાગના અધિકારીઓ અને સુપરવાઈઝરો અને એસ આઈ ની ટીમે વિવિધ બજારોમાં જઈને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સ્થાનિક વેપારીઓ,નાના દુકાનદારો તેમજ લારી-ગલ્લાવાળાઓને કાયદાકીય જોગવાઈઓ ની સમજ આપી હતી અને ભવિષ્યમાં પ્લાસ્ટિક બેગ કે અન્ય પ્રતિબંધિત સામગ્રીનો ઉપયોગ ન કરવા અને કાપડ ની થેલી નો ઉપયોગ કરવા માટે કડક સૂચના આપી ચેતવણી આપી હતી.આ સાથે જ ટીમ દ્વારા શહેરના દરેક વોર્ડમાં આવેલી દુકાનો અને વ્યાપારી એકમોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું આકસ્મિક અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું,જેમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા આસામીઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરીને સ્થળ પર જ અલગ અલગ વેપારીઓ પાસેથી ૯ કિલોગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરી કુલ રૂ. ૨૯,૩૦૦/- ની વસૂલાત કરવામાં આવી હતી. મહાનગર પાલિકા દ્વારા જુનાગઢના તમામ પ્રબુદ્ધ નાગરિકો,વેપારી મંડળો અને શાકભાજી- ફળોના વિક્રેતાઓને પર્યાવરણના રક્ષણ માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો બહિષ્કાર કરવા અને જુનાગઢને પ્લાસ્ટિક મુક્ત, સ્વચ્છ અને ગ્રીન સિટી બનાવવામાં સંપૂર્ણ સહયોગ આપવા ખાસ અપીલ કરવામાં આવી છે.

### ભાજપના નવનિયુક્ત મંડળ હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું

# નખત્રાણા નગર ખાતે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસે પુષ્પાંજલિ કાર્યક્રમ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ભારતીય જનસંઘના સ્થાપક, "એક દેશ, એક નિશાન અને એક વિધાન"ના પ્રણેતા તથા પ્રખર રાષ્ટ્રવાદી નેતા શ્રદ્ધેય ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીજીના બલિદાન દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, નખત્રાણા દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણી, તાલુકા મહામંત્રી હરીસિંહ રાઠોડ, નખત્રાણા નગરપાલિકા પ્રમુખ વસંતભાઈ વાઘેલા, તાલુકા બક્ષીપંચ મોરચા પ્રમુખ મુકેશભાઈ રાણવા સહિત ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ ડૉ. મુખર્જીજીના ચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્રપ્રેમ, ત્યાગ અને રાષ્ટ્રની એકતા માટેના યોગદાનને યાદ કર્યું હતું.આ પ્રસંગે પાર્ટીના નવનિયુક્ત મંડળ હોદ્દેદારોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ચંદનસિંહ રાઠોડ, દમયંતીબેન સેંઘાણી, જાગૃતિબેન ઠક્કર, મયુરભાઈ વાઘેલા, ચેતનભાઈ ઠક્કર, લક્ષ્મણસિંહ સોઢા, અંજનાબેન મકવાણા, મહેશભાઈ રબારી, ભીખાભાઈ રબારી, મામદભાઈ ખત્રી, દેવશીભાઈ પંચાલ, મનોજ પિત્રોડા, પરેશભાઈ સાધુ, કાનજી કાપડી, નયનાબેન પટેલ, હિરેનભાઈ ભટ્ટ, લાલજીભાઈ રામાણી, મંગળાબેન વાઘેલા, વેણીભાઈ પટેલ, જીતુભા જાડેજા, ડાહ્યાભાઈ સેંઘાણી, લાખાભાઈ રબારી અને





નિર્મલાબેન લીંબાણી સહિતના હોદ્દેદારોનો સમાવેશ થતો હતો.આ પ્રસંગે તાલુકા બક્ષીપંચ મોરચા પ્રમુખ મુકેશભાઈ રાણવાએ જણાવ્યું હતુ કે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીજીનું સમગ્ર જીવન રાષ્ટ્રસેવા અને અખંડ ભારતના સ્વપ્નને સમર્પિત રહ્યું હતું. તેમના વિચારો અને આદર્શો આજે પણ કાર્યકર્તાઓને રાષ્ટ્રહિત માટે કાર્ય કરવાની પ્રેરણા આપે છે. તેમણે કાર્યકર્તાઓને સંગઠનને વધુ મજબૂત બનાવી સમાજસેવા અને રાષ્ટ્રનિર્માણના કાર્યોમાં સક્રિય રહેવા અનુરોધ કર્યો હતો.કાર્યક્રમ રાષ્ટ્રભક્તિના વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો.

## જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર દ્વારા GIDC અને જોષીપુરા વિસ્તારમાં ચાલતા રોડ રસ્તાના કામોનું પ્રત્યક્ષ નિરીક્ષણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢ વિસ્તારમાં નાગરિકોની સુવિધા સુખાકારી અને આંતરમાળખાકીય વિકાસના કાર્યોને વેગ આપવા માટે માન.કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા આજે વિવિધ વિસ્તારો માં ચાલી રહેલી રોડ રસ્તાની કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.જેમાં કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા આજે જી.આઈ.ડી.સી. (GIDC) વિસ્તારમાં ચાલી રહેલા રોડ રસ્તાના કામોની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ ઉપરાંત,GETCO દ્વારા દોલતપરામાં આવેલ દીપક પેટ્રોલ પંપથી જી.આઈ.ડી.સી. સુધીના માર્ગ પર કરવામાં આવેલા ખોદાણ બાદ, ત્યાં ચાલી રહેલી રોડ રિસરફેસીંગની કામગીરી, પાણી પુરવઠા અને ગટર લાઈનના કામો અન્વયે જ્યાં ખોદાણ કરવામાં આવ્યું હતું તેવા જોષીપુરા વિસ્તારના હનુમાનપરા અને એકતાનગર ખાતે પહોંચીને કમિશનરશ્રી દ્વારા રોડ રસ્તાના રિપેરિંગ અને નવીનીકરણ ના કામોનું નિરીક્ષણ કર્યું હતું.આ મુલાકાત દરમિયાન તેમણે સંબંધિત એજન્સીઓ અને અધિકારીઓને કામગીરી ગુણવત્તાસભર અને સમયસર પૂર્ણ કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.આ સ્થળ નિરીક્ષણ મુલાકાતમાં માન.કમિશનરશ્રી સાથે નાયબ કમિશનરશ્રી ડી.જે. જાડેજા,કાર્યપાલક ઈજનેરશ્રી દુષ્યંત પાનસુરીયા ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 10

# બ્રિટિશ રાજકારણમાં ભૂકંપ : 10 વર્ષમાં 6 વડાપ્રધાન બદલાયા

સ્ટારમરે તમામ ટોચના મંત્રીઓ, રાજકીય સલાહકારો, ઉદ્યોગપતિઓ, લેબર પાર્ટીની આલાકમાન, ટ્રેડ યુનિયનોના વડાઓ અને અન્ય લોકો સાથે મુલાકાતો કરી હતી. કોઈપણ સંજોગોમાં તેઓ સરકાર ચલાવી શકે અથવા બચાવી શકે તે સ્થિતિમાં હતા નહીં અને તેના પગલે તેમણે રાજીનામું આપ્યું : મહત્ત્વની વાત એ છે કે, બ્રિટન અત્યારે આર્થિક રીતે પછટાડ ભોગવી રહ્યો છે, તેનું અર્થતંત્ર ડગમગી ગયું છે, તેના ઉપર દેવાઓનો ખડકલો થઈ ગયો છે અને બીજી તરફ જિયોપોલિટિક્સમાં પણ અત્યંત પરિવર્તન દેખાઈ રહ્યું છે ત્યારે બ્રિટનમાં વડા પ્રધાન બદલવામાં આવે તે આંચકાજનક છે : સ્ટારમરની પહેલાં બીજા પાંચ પીએમ છે જેમણે એક જ દાયકામાં સત્તા ગુમાવી છે. કેમરૂનથી શરૂ કરીને રિશી સુનાક સુધી છ વડાપ્રધાન પણ બ્રેક્ઝિટથી શરૂ કરીને આંતરિક વિખવાદ અને પાર્ટી ગેટ તથા અન્ય કારણોસર સત્તા ગુમાવી બેઠા છે. બ્રિટનના વધુ એક વડાપ્રધાને પોતાના રાજીનામાની જાહેરાત કરી દીધી છે. કીર સ્ટ્રારમરે ડાઉનિંગ સ્ટ્રીટની બહાર પ્રેસ કોન્ફરન્સ યોજીને પોતાના પદ છોડવાની જાહેરાત કરી હતી. આ સાથે જ બ્રિટનમાં છેલ્લાં એક દાયકમાં છઠ્ઠા વડા પ્રધાને રાજીનામું આપ્યું હતું અથવા તો તેમનું પદ ગયું હતું. હવે સાતમા વડા પ્રધાનની રાહ જોવાઈ રહી છે. બ્રિટનના રાજકીય ઈતિહાસમાં આધુનિક સદીમાં આ પહેલો એવો દાયકો છે જેમાં બ્રિટનમાં રાજકીય ભૂકંપ આવ્યો છે અને તેના આંતરિક રાજકારણના વળતાપાણી શરૂ થયા છે. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન માટે દુનિયાભરમાં એવી છબી છે કે, ત્યાં કોઈપણ વડા પ્રધાન પોતાની સત્તાના પાંચ વર્ષ પૂર્ણ કરી શકતા નથી. હવે આ રાજકીય સ્થિતિ ધીમે ધીમે બ્રિટનની થઈ રહી હોવાનું જણાઈ રહ્યું છે. જાણકારોના મતે બ્રિટન દ્વારા એક દાયકા પહેલાં બ્રેક્ઝિટ માટેનો જે નિર્ણય લેવામાં આવ્યો ત્યારથી તેની રાજકીય, આર્થિક અને સામાજિક પડતીની શરૂઆત થઈ હોય તેમ ચર્ચાઈ રહ્યું છે. જાણકારોના મતે છેલ્લાં ઘણા સમયથી સ્ટારમર સરકારમાં આંતરિક વિખવાદ વધી ગયા હતા. તેના પગલે સ્ટારમર ઉપર રાજકીય દબાણ વધી ગયું હતું. જાણકારો તો એવું પણ માને છે કે, છેલ્લાં બે દિવસ દરમિયાન તેમણે તમામ ટોચના મંત્રીઓ, રાજકીય સલાહકારો, ઉદ્યોગપતિઓ, લેબર પાર્ટીની આલાકમાન, ટ્રેડ યુનિયનોના વડાઓ અને અન્ય લોકો સાથે મુલાકાતો કરી હતી. કોઈપણ સંજોગોમાં તેઓ સરકાર ચલાવી શકે અથવા બચાવી શકે તે સ્થિતિમાં હતા નહીં અને તેના પગલે તેમણે રાજીનામું આપ્યું. ઉલ્લેખનીય છે કે, સોમવારે બ્રિટિશ પીએમ કીર સ્ટારમરે પ્રેસ કોન્ફરન્સમાં ખૂબ જ ભાવુક થઈને પોતાના પદનો ત્યાગ કરવાની જાહેરાત કરી હતી જેથી નવા પીએમની પસંદગી અને જાહેરાત કરી શકાય. જાણકારોના મતે લેબર પાર્ટીમાં જ છેલ્લાં ઘણા સમયથી સ્ટારમર વિરુદ્ધ નારાજગી વધી ગઈ હતી. પક્ષમાં જ બે ભાગ પડી ગયા હતા. ઘણા મંત્રીઓ અને સાંસદો ઈચ્છતા હતા કે, સ્ટારમર સત્તા ઉપર રહે જ્યારે બીજો પક્ષ તેના વિરોધમાં હતો. પક્ષની આંતરિક વિસંગતતાના પગલે બ્રિટનના રાજકારણ ઉપર તેની મોટી અસર પડી રહી હતી. તેમાંય ૧૦૦ જેટલા સાંસદો દ્વારા સંસદમાં જ સ્ટારમર સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે, સ્ટારમરને આ બાબતનો અંદાજ હતો. તેમણે રાજીનામુ આપવા દરમિયાન પોતાની પીડા પણ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, મારા પક્ષને લાગે છે કે, હું તેમના દળનો નેતા બનવા માટે કે આ દેશને આગળ લઈ જવા માટે નેતૃત્વ પૂરું પાડી શકું તેમ નથી. આગામી ચૂંટણીમાં પણ હું તેમનું સફળ નેતૃત્વ કરી શકું તેવું તેમને લાગતું નથી. હું તેમની લાગણીનો સ્વીકાર કરું છું. મારી કામગીરી અને મારા નેતૃત્વ અંગે મારી પાર્ટીને સવાલો કરવામાં આવ્યા હતા અને તેના જવાબો મેં સાંભળ્યા છે. હું આ તમામ જવાબોનો સ્વીકાર કરું છું. મેં અત્યાર સુધી આ પદ ઉપર રહીને જે નિર્ણયો કર્યા છે તે મારા પ્રથમ પ્રેમ એવા મારા દેશને આગળ વધારવા માટે લીધા હતા. કદાચ પક્ષનું તેને સમર્થન નથી. તેના પગલે જ હું લેબર પાર્ટીના પક્ષના નેતા તરીકે અને દેશના પીએમ પદેથી પણ રાજીનામું આપું છું. જાણકારોના મતે સ્ટારમર હાલમાં તો દેશના પીએમ પદે ચાલુ રહેશે. તેમની જગ્યાએ એકાદ-બે દિવસ કે પછી અઠવાડિયામાં નવા વડા પ્રધાનની જાહેરાત કરાશે ત્યાં સુધી સત્તા તેમની પાસે રહેશે. બીજી તરફ એવો પણ મત છે કે, સ્ટારમરના સ્થાને સત્તા સંભાળી શકે તેવી વ્યક્તિની પસંદગી પહેલેથી કરી લેવાઈ છે.

# મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી ડૉ. હસમુખ અઢિયાની મહીસાગર જિલ્લાની મુલાકાત

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી ડૉ. હસમુખ અઢિયાએ મહીસાગર જિલ્લાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત અંતર્ગત તેમણે સંતરામપુર તાલુકાના મોટી સરસણ ગામે આવેલી યુ. આર. પટેલ હાઈસ્કૂલની પ્રત્યક્ષ મુલાકાત લઈને શાળાની શૈક્ષણિક અને માળખાગત કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના વિસ્તારોમાં શિક્ષણની સુવિધાઓ વધુ સુદ્રઢ બને તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ડૉ. અઢિયાએ યુ. આર. પટેલ હાઈસ્કૂલમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ, વર્ગખંડો અને શાળાના શૈક્ષણિક પર્યાવરણની ચકાસણી કરી હતી.આ શાળાની મુલાકાત દરમિયાન મુખ્ય સલાહકારશ્રીએ વિદ્યાર્થીઓ સાથે અત્યંત આત્મીયતાપૂર્વક સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને રસના વિષયો અંગે પૂછપરછ કરી, તેમને ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી ઘડતર માટે જરૂરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.આ ઉપરાંત, ડૉ. અઢિયાએ શાળાના આચાર્યશ્રી અને શિક્ષકગણ સાથે ખાસ બેઠક યોજીને શિક્ષણકાર્યની સમીક્ષા કરી હતી. તેમણે શિક્ષકોને શિક્ષણની ગુણવત્તામાં વધુ સુધારો લાવવા, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવા અને પરિણામલક્ષી શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ મુલાકાત દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નૈલેષ મુનિયા, સહિત શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરનો અનોખો બાળપ્રેમ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્ય સરકારના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં શિક્ષણના આ મહાપર્વની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજરોજ મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે લુણાવાડા ખાતે આવેલા વાવના મુવાડા (લુણાવાડા-૧) નંદ ઘરની મુલાકાત લીધી હતી અને ૧૯ જેટલા નાના ભૂલકાઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી નંદ ઘરમાં પ્રવેશ કરાવ્યો હતો.આ પ્રવેશોત્સવના પ્રસંગે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરનો બાળકો પ્રત્યેનો અનોખો બાળપ્રેમ અને સહજતા જોવા મળ્યા હતા. કલેક્ટરશ્રીએ બાળકો સાથે એકરૂપ થઈ, તેમની સાથે સીધા જમીન પર નીચે બેસીને અત્યંત આત્મીય સંવાદ સાધ્યો હતો. જિલ્લાના ઉચ્ચ અધિકારીને પોતાની વચ્ચે આટલી સહજતાથી ભળેલા જોઈને નાના ભૂલકાઓ પણ આનંદિત થયા હતા અને મુક્ત મને વાતો કરતા જોવા મળ્યા હતા.માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર મૂકતા કલેક્ટરશ્રીએ બાળકો અને ઉપસ્થિત વાલીઓ સાથે સ્વાસ્થ્ય અંગે પણ વિશેષ ચર્ચા કરી હતી. તેમણે બાળકોને સ્વસ્થ રહેવા માટેની પ્રાથમિક ટેવો વિશે સરળ ભાષામાં સમજ આપી સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કર્યા હતા.શિક્ષણના શ્રીગણેશ કરવા આવેલી આ ભાવિ પેઢીના ચહેરા પર શૈક્ષણિક કીટ મેળવીને અનેરો આનંદ છવાઈ ગયો હતો.

# મહીસાગર જિલ્લામાં હર્ષોલ્લાસ સાથે 'શાળા પ્રવેશોત્સવ'ની ઉજવણી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સમગ્ર રાજ્યની સાથે મહીસાગર જિલ્લામાં પણ 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' અત્યંત ઉત્સાહભેર ઉજવવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે લુણાવાડા સ્થિત સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ ખાતે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના નવપ્રવેશિત બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાળાના આદર્શ વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કલેક્ટરશ્રીએ શાળામાં પ્રથમ વખત કદમ મૂકનાર વિદ્યાર્થીઓને આવકારી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.આ તકે કલેક્ટરશ્રીએ 'ઉલ્લાસ' (ULLAS - નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ) અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા થયેલી કામગીરીની ખાસ નોંધ લીધી હતી. ઉપસ્થિતોને સંબોધતા તેમણે ગૌરવભેર જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ હેઠળ શાળાના બાળકોએ રાત્રિના સમયે પણ પોતાનો અમૂલ્ય સમય ફાળવીને ૪૮૦૦ જેટલા લોકોને અક્ષરજ્ઞાન આપ્યું છે, જેમાંથી ૪૦૦૦ લોકો પાસ પણ થયા છે. નાની ઉંમરે સમાજ પ્રત્યે જાગૃતતા દાખવી આ ભગીરથ કાર્ય કરવા બદલ કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓનો વિશેષ આભાર માની તેમની કામગીરીને બિરદાવી હતી.તેમણે વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે સચોટ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ અત્યારથી જ પોતાના ભવિષ્ય અને કરિયર વિશે વિચારવું જોઈએ. જીવનમાં કયા ક્ષેત્રમાં આગળ વધવું છે તેનો લક્ષ્યાંક નક્કી કરી, તે દિશામાં અત્યારથી જ સંશોધન અને મહેનત શરૂ કરવી જોઈએ, જેથી ભવિષ્યમાં ધારી સફળતા પ્રાપ્ત કરી શકાય.આ કાર્યક્રમ દરમિયાન કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો ઉત્તમ સંદેશ પૂરો પાડ્યો હતો.આ પ્રસંગે ડો. દાતાશ્રી આર. બી. પટેલ, સ્થાનિક કોર્પોરેટર શ્રી અમિતભાઈ ધોબી, શ્રીમતી ત્રિવેણીબેન માળી, સંસ્થાના પ્રમુખ શ્રી આર. ડી. પટેલ, આચાર્યશ્રી પી. આર. પટેલ સહિત મોટી સંખ્યામાં વાલીઓ, શિક્ષકો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# નિરોણામાં શાળા પ્રવેશોત્સવ સાથે સ્વચ્છતા અભિયાનને મળ્યો વેગ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નિરોણા ગામમાં રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી, બાલવાડી, ધોરણ-1 તથા ધોરણ-8ના વિદ્યાર્થીઓ સહિત કન્યા શાળા, કુમાર શાળા અને હાઈસ્કૂલના તમામ બાળકોને ઉત્સાહભેર શાળા પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના ચૌહાણ સાહેબ, જિલ્લા પંચાયત સભ્ય રાજેશભાઈ આહીર, તાલુકા પંચાયત સભ્ય જેસંગભાઈ આહીર, સરપંચ નરોત્તમભાઈ આહીર સહિત ગામના આગેવાનો, શિક્ષકો, વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.પ્રવેશોત્સવ દરમિયાન ગ્રામ પંચાયત દ્વારા ગામને સ્વચ્છ અને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મુજબ ગ્રામજનો તથા બાળકો પ્લાસ્ટિકનો કચરો ગ્રામ પંચાયતને આપશે તો તેના બદલામાં સ્ટીલનું વાસણ આપવામાં આવશે. આ પહેલથી બાળકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધે તેમજ સમગ્ર ગામ સ્વચ્છતા અભિયાનમાં જોડાય તેવો આશય વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ તકે સરપંચ નરોત્તમભાઈ આહીરે જણાવ્યું હતું કે, 'શિક્ષણ અને સ્વચ્છતા એ ગામના વિકાસના પાયાના સ્તંભો છે. નિરોણા ગામનો એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે ગામના આગેવાનો અને ગ્રામ પંચાયત સતત પ્રયત્નશીલ છે. સાથે સાથે સ્વચ્છ અને પ્લાસ્ટિકમુક્ત નિરોણાના નિર્માણ માટે દરેક ગ્રામજનની સહભાગિતા જરૂરી છે.'પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય રાજેશભાઈ આહીર, તાલુકા પંચાયત સભ્ય જેસંગભાઈ આહીર અને સરપંચ નરોત્તમભાઈ આહીરે જણાવ્યું હતું કે ગામનો કોઈપણ બાળક આર્થિક કારણોસર શિક્ષણથી વંચિત નહીં રહે. જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ ખર્ચની જવાબદારી તેઓ દ્વારા ઉપાડવામાં આવશે. કાર્યક્રમનું આયોજન નિરોણા કન્યા શાળા, કુમાર શાળા, તમામ આંગણવાડીઓ તથા હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ સાથે શિક્ષણ અને સ્વચ્છતાનો સંદેશ આપતો આ કાર્યક્રમ ગામમાં પ્રેરણાદાયી બન્યો હતો.

# મહીસાગર જિલ્લામાં હર્ષોલ્લાસ સાથે 'શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૬'ની ઉજવણી......

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત રાજ્યમાં ૨૩ જૂન થી ૨૫ જૂન ૨૦૨૬ દરમિયાન યોજાઇ રહેલા ૨૪માં 'કન્યા કેળવણી મહોત્સવ' અને 'શાળા પ્રવેશોત્સવ' અંતર્ગત મહીસાગર જિલ્લામાં નાના ભૂલકાઓના અવાજથી શાળાઓ ગુંજી ઉઠી છે. આજે મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વાવ્યો પ્રાથમિક શાળા તેમજ પી.એન. પંડ્યા સાર્વજનિક હાઈસ્કુલ ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સફીન હસનની પ્રેરક ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ બાલવાટિકાના બાળકોને માથા પર કુમકુમ તિલક કરી, મોઢું મીઠું કરાવી ઉત્સાહભેર શાળામાં આવકાર્યા હતા. પોતાના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરી નાના ભૂલકાઓને ઉજ્જવળ ભવિષ્ય અને ઉચ્ચ અભ્યાસ માટે આશીર્વાદ પાઠવ્યા હતા. રાજ્ય સરકારના આ મહત્વકાંક્ષી કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ ૧૦૦% નામાંકન થાય અને કન્યા કેળવણીને વધુ પ્રોત્સાહન મળે તે માટે તેમણે વાલીઓ અને ગ્રામજનોને ખાસ અપીલ કરી હતી.શ્રી સફીન હસને બાળકો સાથે અત્યંત પ્રેરણાદાયી સંવાદ સાધ્યો હતો. પોતાના સંઘર્ષ સમયના જીવન અને સફળતાના અનુભવો વર્ણવતા તેમણે જણાવ્યું હતું કે, 'શિક્ષણ જ સફળતાની એકમાત્ર ચાવી છે. બાળકોએ જીવનમાં હંમેશા મોટું લક્ષ્ય રાખવું જોઈએ અને ગમે તેવા સંઘર્ષમાં પણ હિંમત હાર્યા વિના સખત મહેનત કરવી જોઈએ.'બાળકો અને વાલીઓ સમક્ષ શિક્ષણમાં નિયમિતતા વિશે પ્રભાવશાળી ચર્ચા કરતા તેમણે ઉમેર્યું હતું કે, જો બાળક રોજ શાળાએ ન જાય તો તે ભણવામાં પાછળ રહી જાય છે. નિયમિત શાળાએ જવાથી રોજ નવું શીખવાની તક મળે છે અને વિષયોને સરળતાથી સમજી શકાય છે. રોજ સમયસર શાળાએ જવાથી બાળકમાં સમયપાલન અને શિસ્તના ગુણો કેળવાય છે, જે ઉત્તમ સંસ્કારોનું ઘડતર કરે છે.શિક્ષણનું વાસ્તવિક મૂલ્ય સમજાવતા શ્રી સફીન હસને સ્પષ્ટ કર્યું હતું કે, શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પરંતુ તે ગરીબી અને મુશ્કેલીઓમાંથી બહાર આવી પોતાના અને પરિવારના સપના સાકાર કરવાનું સૌથી મોટું હથિયાર છે.

# ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં યોજાયો પ્રવેશોત્સવ

વેળાવદર | ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળાનો પ્રવેશોત્સવ તા. 23 જૂનના રોજ યોજાઈ ગયો.ગુજરાત સરકારના ઉપક્રમે દર વર્ષે યોજાતા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત આજે ગારીયાધાર તાલુકાના વેળાવદરની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં નાયબ તાલુકા વિકાસ અધિકારી શ્રી રાજુભાઈ ભટ્ટના મુખ્ય મહેમાન પદે અને જિલ્લા ભાજપના અગ્રણી શ્રી ભરતભાઈ ધામેલીયાના અતિથિ વિશેષ પદે યોજાઈ ગયો. કાર્યક્રમને સંબોધિત કરતા શ્રી ભરતભાઈ ધામેલીયાએ કહ્યું કે વિદ્યાર્થીઓના જીવન અને કલ્યાણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. કોઈને કોઈ રીતે તે પથદર્શક બનીને સૌના ઉજવળ ભવિષ્ય માટે ચિંતા સેવે છે. તેથી જ આ પ્રકારના કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે. શિક્ષણ ચિંતક શ્રી તખુભાઈ સાંડસુરે કહ્યું કે નરેન્દ્રભાઈ



મોદીની દીર્ઘદ્રષ્ટિ અને રચનાત્મકતા એ ગુજરાતને પ્રવેશોત્સવ જેવો ઉત્તમ કાર્યક્રમ આપ્યો છે. તેના માધ્યમથી અનેક લોકો સુધી શિક્ષણની જ્યોત નું અજવાળું પથરાઈ રહ્યું છે. આજે હવે આ કાર્યક્રમ એ સિલ્વર જ્યુબેલી તરફ ગતિ કરી રહ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓને ગુણવત્તા યુક્ત શિક્ષણ માટે કમર કસવી પડશે.

કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી અશોકભાઈ જોગાણી,કન્યાશાળાના આચાર્ય શ્રી હિંમતગીરી અને માધ્યમિક શાળાના આચાર્ય શ્રી કૌશિકભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યાં હતા. બી.આર.સી શ્રી સોલંકી તથા તાલુકા પંચાયત સદસ્ય શ્રી કપિલભાઈ ખિમસુરિયા કનુભાઈ સાંડસુર, શ્રી અનકભાઈ બોરિચા, શ્રી કિશોરભાઈ કવા, ચંપૂભાઈ, સતારભાઈ, રણછોડભાઈ,નાજભાઈ સાંડસુર તથા વિશાળ સંખ્યામાં ગ્રામજનો,વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

આંગણવાડીથી શરૂ કરીને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને રંગે ચંગે પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળામાં 45 માધ્યમિક શાળામાં 41 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

## ડીસા તાલુકાના ગોગાઢાણી અનુપમ પ્રાથમિક શાળા ખાતે ભૂલકાંઓને શાળામાં ઉમંગભેર પ્રવેશ કરાવતા મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

પાલનપુર | શિક્ષણના મહાપર્વ સમાન ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ નો બનાસકાંઠા જિલ્લામાં ઉમંગભેર પ્રારંભ થયો છે. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર તથા ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ ડીસા તાલુકાના ગોગાઢાણી ગામ સ્થિત અનુપમ પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા, ધોરણ-૧ તેમજ ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરી શાળાપ્રવેશ કરાવ્યો હતો.આ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિઓને ઓળખી તેને યોગ્ય દિશા અને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે શિક્ષકો અને વાલીઓને અપીલ કરતાં જણાવ્યું હતું કે, બાળકોમાં રહેલી નવીન વિચારશક્તિને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તો તેઓ સ્ટાર્ટઅપ, સંશોધન અને નવી શોધો દ્વારા સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. તેમણે સમગ્ર જિલ્લામાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમની ક્ષમતાઓના વિકાસ માટે વિશેષ આયોજન કરવાની આવશ્યકતા વ્યક્ત કરી હતી.મંત્રીશ્રીએ શિક્ષણ સાથે સંસ્કાર અને આધ્યાત્મિક જ્ઞાનના મહત્વ પર ભાર મૂકતાં શાળાઓમાં 'બાળ સંસ્કાર કેન્દ્ર' શરૂ કરવાની ભલામણ કરી હતી. સાથે જ ગર્ભ સંસ્કાર કેન્દ્રો દ્વારા ભાવિ પેઢીમાં સારા સંસ્કારોનું સિંચન થાય તે માટે સમાજને આગળ આવવા અનુરોધ કર્યો હતો.

## ડીસા તાલુકાના માલગઢ પરબડી પ્રાથમિક શાળા ખાતે ભૂલકાંઓને શાળામાં ઉમંગભેર પ્રવેશ કરાવતા મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

પાલનપુર | શિક્ષણના મહાપર્વ સમાન ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ નો બનાસકાંઠા જિલ્લામાં ઉમંગભેર પ્રારંભ થયો છે. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર તથા ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ ડીસા તાલુકાના માલગઢ સ્થિત શ્રી મીરાબેન સોનાજી પરમાર પરબડી પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરી શાળાપ્રવેશ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ શાળામાં મધ્યાહન ભોજન સેડનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજ અને રાષ્ટ્રના વિકાસનું સૌથી શક્તિશાળી સાધન છે. સરકારશ્રી દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલા સતત પ્રયાસો, આધુનિક સુવિધાઓ અને વિવિધ વિદ્યાર્થીલક્ષી યોજનાઓના પરિણામે આજે શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો નહિવત્ બરાબર થયો છે. તેમણે જણાવ્યું હતું કે ગામના દરેક બાળકને શિક્ષણનો લાભ મળે અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે ગ્રામજનો, વાલીઓ, શિક્ષકો અને સ્થાનિક આગેવાનો સૌએ જનભાગીદારીના માધ્યમથી શિક્ષણ માટે સક્રિય યોગદાન આપવું જોઈએ. શિક્ષણ એ સંસ્કાર, વ્યક્તિત્વ નિર્માણ અને ઉજ્જવળ ભવિષ્યનું મજબૂત આધારસ્તંભ છે.

## થરાદની આનંદનગર પ્રાથમિક શાળા ખાતે પ્રભારી સચિવ શ્રી પી.ભારતી અને કલેકટર શ્રી મયુર મહેતાએ ભૂલકાંઓને શાળામાં પ્રવેશ અપાવ્યો

થરાદ | શિક્ષણના મહાપર્વ સમાન ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬નો વાવ - થરાદ જિલ્લામાં ઉમંગભેર પ્રારંભ થયો છે. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે વાવ - થરાદ પ્રભારી સચિવ શ્રી પી. ભારતી તથા જિલ્લા કલેકટર શ્રી મયુર મહેતાની ઉપસ્થિતિમાં થરાદ સ્થિત આનંદનગર પ્રાથમિક શાળા ખાતે ભૂલકાંઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. જેમાં મહાનુભાવોના હસ્તે ભૂલકાંઓને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવીને ઉત્સાહભેર શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.આ પ્રસંગે પ્રભારી સચિવ શ્રી પી.ભારતીએ ઉપસ્થિત વાલીઓ અને ગ્રામજનોને સંબોધતા શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ એ બાળકના સર્વાંગી વિકાસની ચાવી છે. રાજ્ય સરકારના સઘન પ્રયાસોને લીધે આજે સરકારી શાળાઓ ભૌતિક અને ડિજિટલ સુવિધાઓથી સજ્જ બની છે, ત્યારે વાલીઓએ પણ પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલી તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી થવું જોઈએ. તેમણે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી.આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી મયુર મહેતાએ શિક્ષણને રસપ્રદ બનાવવાની ગુરુચાવી આપતા જણાવ્યું હતું કે, શિક્ષણ ત્યારે જ સાચા અર્થમાં રસપ્રદ અને પ્રભાવી બને જ્યારે બાળકોને જ્યાં શિક્ષા મળે છે.

## આણંદપુરાની ધી શારદા હાઈસ્કૂલ ખાતે પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો




રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

આણંદપુરાની ધી શારદા હાઈસ્કૂલ ખાતે પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો. આ કાર્યક્રમમાં કુલ 53 નવા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો.કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ગુજરાત ગ્રામીણ બોર્ડના અંડર સેક્રેટરી ભાવિનીબેન પંડ્યા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે કાર્યક્રમની શરૂઆત થઈ હતી.આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ, ગામના સરપંચ, શાળાના દાતાશ્રીઓ અને અગ્રણીઓ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાનના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

## જાફરાબાદના લોર પ્રાથમિક શાળા અને લોર સરકારી માધ્યમિક હાઈસ્કુલ ખાતે શાળા પ્રવેશ ઉત્સવની ભવ્ય ઉજવણી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ એ રાજ્ય સરકારનો એક મહત્વપૂર્ણ વાર્ષિક કાર્યક્રમ છે. આ અભિયાનનનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો ખાસ કરીને દીકરીઓને સમયસર શાળાએ મોકલવા અને શિક્ષણ પ્રત્યે વાલીઓમાં જાગૃતિ લાવવાનો છે. આ મહાપર્વની શરૂઆત વર્ષ ૨૦૦૩ માં તાત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી ઉદેશ્ય પ્રાથમિક શાળાઓમાં બાળકોના પ્રવેશ દરને વધારવો અને શાળા છોડી દેતા અટકાવવા અને શિક્ષણ ગુણવત્તા સુધારણાના સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશ ઉત્સવની ઉજવણી ચાલુ હોય તે અનુસંધાને જાફરાબાદ તાલુકાના લોર ગામે પ્રાથમિક શાળા તેમજ લોર સરકારી હાઈસ્કુલ ખાતે પ્રવેશ ઉત્સવની ઉજવણી કરાઈ હતી.

## ભુજ-માંડવી હાઈવે પર 'સેફ્ટી કવચ': રોલર ક્રેશ બેરિયરનું કામ શરૂ, કલેક્ટરે નિરીક્ષણ કર્યું

મહેશ એલ. સોની નખત્રાણા

મુસાફરોની સુરક્ષા માટે કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભુજ-માંડવી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અત્યાધુનિક 'રોલર ક્રેશ બેરિયર' લગાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. કલેક્ટર શ્રી અનિલ રાણાવસિયાએ સોમવારે સ્થળ મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

અંબાજી અને સાપુતારા જેવા ડુંગરાળ માર્ગો પર સફળ સાબિત થયેલી આ ટેકનોલોજી હવે પ્રથમ વખત કચ્છમાં અમલમાં મૂકાઈ રહી છે. સામાન્ય બેરિયર કરતાં વધુ અસરકારક આ રોલર બેરિયર વાહનની ટક્કરની ગતિને શોષી લઈ તેને રોડ પર જ રાખે છે, જેથી ગંભીર અકસ્માતો અને જાનહાનિ અટકાવી શકાય છે.

હાલ કિ.મી. 5/400 થી 26/000 સુધીના સંવેદનશીલ વળાંકવાળા વિસ્તારો પૈકી પ્રથમ તબક્કામાં કિ.મી. 8/200, 9/200, 10/100 અને 11/000 પોઈન્ટ્સ પર કામગીરી પ્રગતિમાં છે. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, 'નાગરિકોની સલામતી અમારી પ્રાથમિકતા છે. આ પ્રોજેક્ટ ભુજ-માંડવી હાઈવેને અકસ્માત મુક્ત બનાવવાની દિશામાં મહત્વનું કદમ છે.

## ડાંગના સેંદવડ અને ગારખડી પંથકમાં ધોધમાર વરસાદથી પૂર્ણા નદી બે કાંઠે, નયનરમ્ય દ્રશ્યો સર્જાયા..

ડાંગ | ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુ જામતા જ કુદરત સોળે કળાએ ખીલી ઉઠી છે.તાજેતરમાં જિલ્લાના સુબિર તાલુકાના ગારખડી અને તેની ઉપરવાસમાં આવેલા સેંદવડના ગાઢ જંગલ વિસ્તારમાં મેઘરાજાએ આગમનની સાથે ધમાકેદાર બેટિંગ કરી છે. આ પંથકમાં પડેલા ધોધમાર વરસાદને પગલે સ્થાનિક નદી-નાળાઓમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, જેમાં ખાસ કરીને પૂર્ણા નદીમાં નવા નીરની વ્યાપક આવક થઈ છે.ડાંગ જિલ્લાના સેંદવડના ડુંગરાળ અને પહાડી જંગલ વિસ્તારમાંથી ઉદગમ સ્થાન ધરાવતી પૂર્ણા નદી, ગારખડી ગામ પાસેથી પસાર થાય છે. ઉપરવાસના ડુંગરાઓમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે આ નદીનું રૌદ્ર અને અદભુત સ્વરૂપ જોવા મળી રહ્યું છે.પાણીનો પ્રવાહ એટલો પ્રચંડ છે કે પૂર્ણા નદી હાલમાં બંને કાંઠે વહેતી થઈ ગઈ છે. નદીના ધસમસતા પ્રવાહને જોવા માટે સ્થાનિક લોકો તેમજ પ્રકૃતિપ્રેમીઓ ઉમટી પડ્યા છે.ડુંગરાળ ભૌગોલિક પરિસ્થિતિને કારણે આ વિસ્તારોમાં વરસાદી પાણી ખૂબ જ ઝડપથી નદીઓમાં વહી આવે છે, જેને પગલે પૂર્ણા નદીમાં જળસ્તર સપાટાબંધ વધી ગયું છે. વહીવટી તંત્ર દ્વારા પણ નદી કિનારાના નીચાણવાળા વિસ્તારો અને ગારખડી ગામના સ્થાનિક રહીશોને સાવચેત રહેવા તથા નદી કિનારે ન જવાની અપીલ કરવામાં આવી છે.

## ખૂનની કોશિશના ગુનામાં ૧૧ મહિનાથી નાસતા-ફરતા આરોપીની વઘઇ પોલીસ દ્વારા ધરપકડ ...

ડાંગ | ડાંગ જિલ્લાના વઘઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા દરડી ગામમાં અગિયાર મહિના પહેલાં બનેલી ખૂનની કોશિશની ઘટનામાં સામેલ અને ત્યારથી જ પોલીસને થાપ આપી નાસતા-ફરતા આરોપીને પકડી પાડવામાં વઘઇ પોલીસને મોટી સફળતા મળી છે.ડાંગ-આહવાના પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીની રાહબરીમાં વઘઇ પોલીસની ટીમે ટેકનિકલ અને હ્યુમન રિસોર્સિસની મદદથી આ વોન્ટેડ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ગત તારીખ ૩૧/૦૭/૨૦૨૫ ના રોજ વઘઇ તાલુકાના દરડી ગામના આંગણવાડી ફળિયામાં રહેતા સોમીબેન રામચંદભાઈ પવારે આ અંગે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાના દિવસે ભોગ બનનાર બિપીનભાઈ ગમનભાઈ ગામીતે આરોપી જુલ્કભાઈ ઉર્ફે આવજુભાઈ જલુભાઈ પવારને જમતી વખતે બોલવાની ના પાડી હતી, તેમજ રખડવા કે ભટકવાને બદલે સાથે રહેવા માટે સમજાવ્યો હતો. આ બાબતે ઉશ્કેરાઈ જઈને આરોપી જુલ્કભાઈએ બિપીનભાઈ સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલ, બહાદરપુર ખાતે આજે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલ, બહાદરપુર ખાતે આજે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો. આ પ્રસંગે ધોરણ 9 અને 11માં કુલ 293 નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો.કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ગુજરાત ગ્રામીણ બોર્ડના અંડર સેક્રેટરી ભાવિનીબેન પંડ્યાના હસ્તે આ મહોત્સવ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ, ગામના સરપંચ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભા પોલીસની સરાહનીય કામગીરી: ૫૦-૬૦ વર્ષ જૂના જમીન વિવાદનો આવ્યો સુખદ અંત, જેરામભાઈ અને છગનભાઈ વચ્ચે કરાવ્યું સમાધાન

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા

કહેવાય છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે જો સંવેદનશીલતા અને સમજાવટ ઉમેરાય, તો દાયકાઓ જૂના પ્રશ્નો પણ પળવારમાં ઉકલી જાય છે. આવો જ એક પ્રશંસનીય કિસ્સો અમરેલી જિલ્લાના ખાંભા પોલીસ સ્ટેશનમાં સામે આવ્યો છે, જ્યાં પોલીસે મધ્યસ્થી બનીને લાંબા સમયથી ચાલતા સગા ભાઈઓ ના વિવાદનો અંત લાવ્યો છે

ખાંભા તાલુકાના લાંસા ગામના બે સગા ભાઈઓ શ્રી જેરામભાઈ કોટડીયા અને શ્રી છગનભાઈ કોટડીયા વચ્ચે છેલ્લા ૫૦ થી ૬૦ વર્ષ જેટલા લાંબા સમયથી જમીન બાબતે ગંભીર વિવાદ ચાલી રહ્યો હતો. આ જમીન વિવાદ કાનૂની માર્ગે અને સામાજિક સ્તરે વધુ વણસે તે પહેલાં, બંને પક્ષો આ મામલે ખાંભા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા.ખાંભા પોલીસ સ્ટેશનના



પી.આઈ.શ્રી કે.વી. ચુડાસમા તથા તેમના પોલીસ સ્ટાફ દ્વારા આ બાબતને અત્યંત ગંભીરતાથી અને માનવતાવાદી અભિગમ સાથે હાથમાં લેવામાં આવી હતી. પોલીસે કાયદાકીય ગૂંચવણો વધારવાને બદલે, જેરામભાઈ અને છગનભાઈ સહિતના પરિવારજનોને સાથે બેસાડીને સમજાવટનો માર્ગ અપનાવ્યો હતો. પી.આઈ. ચુડાસમા અને સ્ટાફની યોગ્ય મધ્યસ્થી અને ન્યાયી સમજાવટ રંગ લાવી હતી અને બંને ભાઈઓ રાજીખુશીથી સમાધાન કરવા માટે સંમત થયા હતા લાંબા સમયથી ચાલી રહેલા આ આંતરિક વિવાદનો સુખદ અંત આવતા જ પોલીસ સ્ટેશનમાંજ ભારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. દાયકાઓથી અલગ રહેલા બંને સગા ભાઈઓ જેરામભાઈ અને છગનભાઈએ એકબીજાને ગળે લગાડીને જૂના વેરઝેર ભૂલી દીધા હતા અને એકબીજાનું મોં મીઠું કરાવી ખુશી વહેંચી હતી.આ સફળ અને શાંતિપૂર્ણ સમાધાન બદલ બંને ભાઈઓ તેમજ તેમના પરિવારે ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી. ચુડાસમા અને સમગ્ર પોલીસ સ્ટાફ નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# જાફરાબાદ તાલુકાના બાબરકોટ રોડ ઉપર રિક્ષા ચાલક ઉપર સિંહ નો હુમલો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના બાબરકોટ જતા રોડ ઉપર જતા રિક્ષા ચાલક ઉપર સિંહ નો હુમલો થતા રિક્ષા ચાલક દ્વારા હાકલા પડકારા કરતા મહામુસીબતે જીવ બચ્યો બાબરકોટ બાજુમાં અલ્ટ્રા ટ્રેક સિમેન્ટ કંપની આવેલ હોય આ રોડ ઉપર થી કંપનીઓમાં કામ કરતા મજૂરોની તથા બાબરકોટ ગામના લોકો ની અવરજવર રહેતી હોય રોડ ની આજુબાજુ માં દેશી બાવળો તેમજ ઝાડી ઝાંખરામાં હોવાથી અને આ રોડ ઉપર વનવિભાગ દ્વારા વન્યપ્રાણી અવરજવર હોય તે માટે બોર્ડ મારેલા પણ હોય છે. વાહન ચાલકો માટે સાવચેતી રાખવા માટે તેમજ વાહનો ધીમે ચલાવવા માટે વનવિભાગ દ્વારા સાવચેતીના ભાગરૂપે બોર્ડ લગાવવામાં આવ્યા છે. અહીં અગાઉ



પણ સિંહણ દ્વારા હુમલો થયો હતો તેમાં અનેક વાડી વિસ્તારના લોકો ઈજાગ્રસ્ત થયા હતા બાબરકોટ થી જાફરાબાદ બંદર સુધી સિંહો આવી ચડ્યા છે. અનેક વખત તો સિંહણ સિંહો ખોરાક ની શોધખોળમાં મચ્છીમારી સિઝન ચાલુ હોય ત્યારે પણ બંદર વિસ્તારમાં આવી ચડ્યા છે. બાબરકોટ જવા માટે તથા કંપની માં જવા માટે આ રોડ ઉપર થી રાતદિવસ ટુ વ્હીલર ચાલકો તથા ફોર વ્હીલર ટ્રકો ની મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોય છે. બાબરકોટ ગામના લોકો પણ રાત્રીના સમયે ટુ વ્હીલર લઈને અન્ય કામકાજ માટે આ રોડ ઉપર જતા હોય છે. પરંતુ આજે જે ઘટના ઘટી છે. તેના લીધે ગામજનો તથા કંપની માં જતા કર્મચારીઓ માં ભયનો માહોલ છવાયો છે. બાબરકોટ રોડ ઉપર આવેલ તપોવન ટેકરી કે જ્યાં દરરોજ શનિવારે લોકો પગપાળા દર્શન કરવા જતા હોય છે. આ ઘટના ને કારણે લોકો માં ભયનું વાતાવરણ સર્જાયું છે. પરંતુ માનવ વસાહત માં પણ સિંહો આવી ચડતા હોય છે. વનવિભાગ દ્વારા સાવચેતીના ભાગરૂપે પેટ્રોલિંગ જરૂરી છે. રિક્ષા ચાલક ઉપર હુમલો થતા આજુબાજુના વાડી વિસ્તારના લોકો તેમજ ત્યાંથી પસાર થતા રાહદારીઓ વાહન ચાલકો ઉભા રહી ગયા હતા આ હુમલો દિવસે થયો હતો રાત મધરાતે સિંહ હુમલો કર્યો હતો શું દશા થાત..?? તેવા અનેક સવાલો ઘટના સ્થળે ઉપજ્યા હતા આવી ઘટના ફરી ના બને તે માટે યોગ્ય કાર્યવાહી વનવિભાગ દ્વારા કરવામાં આવશે..?? તેવું અહીંના લોકો દ્વારા ચર્ચાઓ વહેતી થઈ છે.

# વિદ્યુતબોર્ડ વિદ્યાલય થર્મલ વણાકબોરી ખાતે 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬' ઉજવાયો

ખેડા | અશેષ વ્યાસ

ગુજરાત સરકારના 'ભણશે ગુજરાત, વધશે ગુજરાત' ના સંકલ્પને સાકાર કરવાના હેતુથી, ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં આવેલી વિદ્યુત બોર્ડ વિદ્યાલય થર્મલ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા - વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ) ખાતે 'પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી: ૨૦૨૬' ની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો, દીકરીઓના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધતા દર્શાવવાનો અને શાળામાં એક સુરક્ષિત, સંવેદનશીલ તથા પ્રેરણાદાયક વાતાવરણ પૂરું પાડવાનો છે.કાર્યક્રમ દરમિયાન મંચ પર ઉપસ્થિત રેવન્યુ ડીપાર્ટમેન્ટ ગાંધીનગર ના શ્રી જયાબેન મેકવાન,વણાકબોરી થર્મલ સંકુલ ના વડા પી.બી.પટેલ સાહેબ,થોમસ સાહેબ લાયઝન અધિકાર શ્રી હર્ષદભાઈ વણકર શાળાના આચાર્યશ્રી ધર્મેન્દ્રસિંહ સોલંકી સાહેબ,અને શિક્ષકગણ દ્વારા નવપ્રવેશી વિદ્યાર્થીઓ અને દીકરીઓને શૈક્ષણિક કીટ તેમજ ભેટ પુસ્તકો આપીને ઉત્સાહભેર શાળામાં આવકારવામાં આવ્યા હતા ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, શિક્ષણ દ્વારા જ ઉજવળ ભવિષ્યની રચના થઈ શકે છે અને 'ચાલો, દીકરી અને દીકરાઓ ને ભણાવીએ, ઉજ્જવળ અને સમૃદ્ધ ભારત બનાવીએ' ના નારાને સાર્થક કરીએ.

# નખત્રાણામાં ફૂડ વિભાગ દ્વારા નાસ્તાની દુકાનોનું ચેકિંગ, સેમ્પલ લેવાયા

મહેશ એલ.સોની નખત્રાણા

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા નખત્રાણા શહેરમાં ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

વિભાગની ટીમે બસ સ્ટેશનથી વથાણ સર્કલ સુધીના વિસ્તારમાં આવેલી નાસ્તાની લારીઓ અને દુકાનોની આકસ્મિક મુલાકાત લીધી હતી. આ દરમિયાન દાબેલી, વડાપાઉં, ભજીયા જેવા નાસ્તામાં વપરાતા તેલ, ચટણી અને બટાકાના માવા સહિતની સામગ્રીના સેમ્પલ લેવામાં આવ્યા હતા

ચેકિંગ દરમિયાન કેટલાક દુકાનદારોએ સ્વચ્છતા જાળવવા બાબતે વિભાગ દ્વારા આપવામાં આવેલી સૂચનાનું પાલન કર્યું ન હોવાનું ધ્યાને આવ્યું હતું. કેટલીક દુકાનો ચેકિંગ સમયે બંધ જોવા મળી હતી.

ફૂડ સેફ્ટી ઓફિસરે જણાવ્યું કે, 'ચોમાસામાં ખોરાક ઝડપથી બગડતો હોવાથી નાગરિકોના આરોગ્યની સુરક્ષા માટે આ રૂટિન ચેકિંગ કરવામાં આવ્યું છે. તમામ વેપારીઓને સ્વચ્છતા અને ગુણવત્તાના ધોરણો જાળવવા સૂચના આપવામાં આવી છે.'



# ડાકોર ખાતે કન્યા કેળવણી મહોત્સવ પ્રગતિ નો શાળા પ્રવેશોત્સવ યોજાયો

ખેડા | અશેષ વ્યાસ

પીએમસી મુખ્ય કુમાર શાળા ડાકોર અને બ્રાન્ચ કન્યા શાળા ડાકોરમાં તારીખ 23/ 6 /2026 ને મંગળવાર ના રોજ પ્રગતિનો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી . આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે આયુષ મેડિકલ ઓફિસર, ડાકોરમાંથી શિવાનીબેન ખંભોળજા,લાઈઝન અધિકારીતરીકે વિજયભાઈ પરમાર, ડાકોર નગરપાલિકા ઉપપ્રમુખ શ્રી તેજેન્દ્રસિંહ હાડા, ખેડા જિલ્લા બક્ષીપંચ પ્રમુખશ્રી રવિન્દ્રસિંહ પરમાર, SMC કમિટીના સભ્યશ્રીઓ અને આમંત્રિત મહેમાનો અને વાલીગણે કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો.

# રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં ફતેપુરા તાલુકાની વિવિધ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર કરાઈ ઉજવણી

દિપક રાવલ દાહોદ લીમખેડા

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દાહોદ જિલ્લામાં રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાએ ફતેપુરા તાલુકાના ગઢરા, પીપલારા અને પાટવેલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ આંગણવાડી, બાલવાટિકામાં કુલ ૩૯ અને ધોરણ - ૧ માં ૩૪ બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળામાં આવકાર્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, તેનું ભવિષ્ય ઉજ્જવળ બને અને તેનો સર્વાંગી વિકાસ થાય એ માટે સરકાર દ્વારા આ શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. . આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે. નવી પેઢી શિક્ષણના માધ્યમથી આત્મનિર્ભર બને અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે તે માટે દરેક બાળક અભ્યાસ કરી આગળ વધે એ જરૂરી છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા અને પરિવાર બંનેની સમાન જવાબદારી છે. દરેક બાળક નિયમિત રીતે શાળાએ આવે, અભ્યાસ પ્રત્યે રસ કેળવે અને પોતાના સપનાઓને સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે તે માટે વાલીઓએ પણ સક્રિય સહભાગી બનવું જોઈએ.

આ કાર્યક્રમ દરમિયાન નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કીટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ગઢરા, પીપલારા અને પાટવેલ પ્રાથમિક શાળામાં બાલવાટિકાના કુલ ૩૯ બાળકો અને ધોરણ - ૧ માં કુલ ૩૪ જેટલા બાળકોનો મંત્રીશ્રીએ પ્રવેશ કરાવ્યો હતોઆ તમામ શાળાઓમાં પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવોએ વૃક્ષોનું વાવેતર કરી હરિયાળા અને સ્વચ્છ પર્યાવરણના નિર્માણ માટે સૌને પ્રેરિત કર્યા હતા.

# શ્રેયાંશી આદિત્ય અનડકટે ટ્રાન્સડાયગ્નોસ્ટિક, સિંગલ-સેશન પ્રિવેન્ટિવ ઇન્ટરવેન્શનનું નિર્માણ વિષયે પીએચ.ડી પુર્ણ કર્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩, આજના તનાવભર્યા સમયમાં માનસિક અસંતુલીતતા અને સમાધાન વિશે કેટલીક મહત્વપૂર્ણ બાબતો સતત તણાવ, ચિંતાઓ અને દબાણના કારણે માનસિક સ્વાસ્થ્ય પર પ્રભાવ પડે છે.તે ડિપ્રેશન, અને અન્ય માનસિક સમસ્યા ઓનું કારણ બની શકે છે.જીવનમાં અસંતુલીતતા ઊભી થવાથી મન શાંત રહેતું નથી અને આરામદાયક જીવન ખૂટે છે. જેનાં સમાધાન માટે માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ, નિયમિત ધ્યાન અને પ્રાણાયામ કરવાથી મન શાંત થાય છે. સકારાત્મક વિચારધારા અપનાવવી અને પોતાને સમય આપવો.

# વાયોર ગામના લોકો દ્વારા અલ્ટ્રાટેક કંપની સામે વિવિધ પ્રશ્નો ઉઠાવાયા, તાત્કાલિક નિરાકરણની માંગ

મહેશ એલ.સોની નખત્રાણા

અબડાસા તાલુકાના વાયોર ગામની બાજુમાં આવેલી અલ્ટ્રાટેક કંપનીના કારણે ગામલોકોને પ્રદૂષણ, રોજગારી, આરોગ્ય તેમજ પર્યાવરણ સંબંધિત અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મુદ્દે લોકલ મજૂર અને ટ્રક યુનિયન દ્વારા રજૂઆત કરી વિવિધ માંગણીઓ સાથે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે.યુનિયનના જણાવ્યા મુજબ કંપનીમાંથી નીકળતા ધૂળ, ધુમાડા અને કેમિકલયુક્ત પાણીના કારણે હવા, પાણી અને અવાજ પ્રદૂષણ વધી રહ્યું છે. જેના કારણે ખેતીની જમીન, પશુધન અને ગામલોકોના આરોગ્ય પર નકારાત્મક અસર પડી રહી છે. ખાસ કરીને શ્વાસ, એલર્જી તથા ત્વચાના રોગોમાં વધારો થયો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.રોજગારીના મુદ્દે સ્થાનિક યુવાનોને પૂરતી તક આપવામાં આવતી નથી અને બહારના લોકોને વધુ પ્રાથમિકતા આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગામના યુવાનો માટે તાલીમ અને કૌશલ્ય વિકાસની વ્યવસ્થા સાથે સ્થાનિકોને રોજગારીમાં પ્રાથમિક્તા આપવા માંગ ઉઠી છે. યુનિયન દ્વારા વધુમાં જણાવાયું છે કે અગાઉ કંપનીની હોસ્પિટલમાં ગામલોકોને મફત સારવાર અને દવાઓ મળતી હતી, પરંતુ હાલ આ સુવિધાઓમાં ઘટાડો થતાં સામાન્ય અને ગરીબ લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આરોગ્ય સેવાઓ ફરી શરૂ કરવા અને આરોગ્ય શિબિરો યોજવા માંગ કરવામાં આવી છે.રજૂઆતમાં કંપનીના બાજુમાં આવેલા ટાવર કેમ્પમાં ગેરકાયદેસર કબજાની ફરિયાદની નિષ્પક્ષ તપાસ કરવાની પણ માંગ કરવામાં આવી છે. સાથે જ અગાઉ પશુપાલકોને આપવામાં આવતો ઘાસચારો ફરી શરૂ કરવા, ભારે વાહનોના અવરજવરથી ખરાબ થતા રસ્તાઓનું સમારકામ કરવા અને અકસ્માતના જોખમને ઘટાડવા જરૂરી પગલાં ભરવા માંગ કરવામાં આવી છે.

# પીપાવાવ રામપરા બાજુમાં આવેલ આસ્થાનું કેન્દ્ર વૃંદાવન બાંગ આશ્રમમાં સ્વ લાલ બાપુ ની જગ્યા ના મહંત શ્રી રાજેન્દ્ર મહારાજ ના સાનિધ્ય માં એકતાનો પ્રતિક બન્યો છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પીપાવાવ રામપરા ગામે આવેલ વૃંદાવન બાંગ ના પૂજ્ય શ્રી રાજેન્દ્ર દાસ મહારાજ કે જે ઓ અખીલ ભારતીય સાધુ સમાજ ના પ્રમુખ અને નિર્મોહી અખાડાના મહામંત્રી છે. તેઓએ કોમી એકતા ની મશાલ જીવિત રાખી છે. તાજેતરમાં આ આશ્રમના મહંત શ્રી રાજેન્દ્ર દાસ મહારાજ ની જાફરાબાદ ના સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ ના અને વરિષ્ઠ પત્રકાર



એચ. એમ. ઘોરી તેમજ તુર્કી મુસ્લિમ સમાજના અગ્રણી અને સામાજિક કાર્યકર રફીકભાઈ કુરેશી રાજેન્દ્ર દાસ બાપુની સૌજન્ય મુલાકાત લીધી હતી અને ફુલ હાર તેમજ શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા અને તેઓએ રાજેન્દ્ર દાસ બાપુએ આશિર્વાદ પાઠવ્યા હતા અને રાજેન્દ્ર દાસ બાપુ હિન્દુ મુસ્લિમ કોમી એકતા ના પ્રતિક તરીકે કામ કરી રહ્યા છે. આ આશ્રમમાં સ્કૂલ ગૌશાળા મંદિર તેમજ ધાર્મિક તેમજ સામાજીક કાર્યક્રમો તહેવારો ની આસ્થા સાથે ઉજવણી થઈ રહી છે.

# લોકસભામાં જાદુઇ આંકડાથી એનડીએ કેટલી દુર

નવીદિલ્હી : દેશના રાજકારણમાં આજે પક્ષ બદલવાના અને રાજકીય સોદાબાજી ચરમસીમાએ છે. મહારાષ્ટ્રમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે)થી માંડીને પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ સુધી સાંસદોની તોડફોડ થઈ રહી છે. લોકસભા અને રાજ્યસભામાં એનડીએ પહેલા કરતા મજબૂત બની રહી છે. જોકે સૌથી અગત્યનો સવાલ એ છે કે શું એનડીએ સંસદમાં જાદુઇ આંકડાની નજીક પહોંચી રહ્યો છે, જેનાથી દેશની રાજકીય દિશા બદલાઈ શકે? ૧૭મી એપ્રિલે નરેન્દ્ર મોદીની સરકાર ૧૨ વર્ષમાં પહેલી વખત કોઈ બંધારણીય સુધારાનું બિલ પ્રસાર કરવામાં નિષ્ફળ રહી હતી. આ બિલમાં સાંસદોની સંખ્યા ૫૪૩થી વધારીને ૮૫૦ કરવાની તેમજ નવેસરથી સિમાંકન કરવાની વાત હતી. સિમાંકન માટે વસ્તી ગણતરીનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ પણ હતો. આ બિલ પસાર નહીં થયા પછી ભાજપના નેતાઓએ બીજા પક્ષના સાંસદોને તોડવાનું નક્કી કર્યું હતું. આપના ૭ સાંસદો પછી ટીએમસીના ૨૦ સાંસદો અને શિવસેનાના ૯ સાંસદો તોડવામાં ભાજપને સફળતા મળી હતી.

# નાગેશ્રી પોલીસ દ્વારા બીલ આધાર પુરાવા વગરના ઘઉં ચોખાના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરતી નાગેશ્રી પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઇ.જી.પી. સાહેબશ્રી આર.વી.અસારી સાહેબનાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બીલ આધાર પુરાવા વગર ચીજ વસ્તુ રાખતા ઈસમો સામે સત્વરે કાર્યવાહી કરી મુદ્દામાલ પકડી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત સાહેબનાઓએ બીલ આધાર પુરાવા વગર ચીજ વસ્તુ રખતા ઈસમો ને પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રી નયના ગોરડીયા સાહેબ રાજુલા વિભાગ, નાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે નાગેશ્રી પો.સ્ટે.ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી આર.આર. ગળચર સાહેબનાઓની સુચના મુજબ નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા પેટ્રોલીંગમા હોય તે દરમીયાન નાગેશ્રી ટોલનાકા પાસેથે એક બોલેરો પીક-અપ મા રાખેલ બિલ



આધાર પુરાવા વગરના ઘઉં ચોખા અનાજ સાથે એક ઈસમને પકડી પાડી બી.એન. એસ.એસ.ક.૩૫(૧(ઈ) તથા ૧૦૬ મુજબ ધોરણસર કાર્યવાહી કરતી નાગેશ્રી પોલીસ ટીમ

પકડાયેલ આરોપીઓની વિગત (૧) ઉવેશ હનીફભાઈ કાળવતર ઉ.વ.૨૨ ધંધો.ડ્રાઈવિંગ રહે. મહુવા તકવા મસ્જીદ પાસે જી.ભાવનગર પકડાયેલ મુદ્દામાલની વિગત (૧) મહીંદ્રા કંપની ની બોલેરો પીક-અપ જેના રજી.નં.GJ04AW8219 કી.રૂ.3,00,000/-

(૨) ઘંઉં ૬૩૭ કી.ગ્રા. કી. રૂ.૯૫૫૦/-(૩) ચોખા ૧૭૪૦ કી. ગ્રા. કી.રૂ.૩૪૮૨૦/- મળી કુલ કી.રૂ.૩,૪૪,૩૭૦/- ના મુદ્દામાલ સાથે એક વ્યક્તિ ને દબોચી લીધો હતો

આ કામગીરી નાગેશ્રી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી આર.આર.ગળચર તથા નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

# બાળકો ના મનપસંદ નાસ્તાઓ સમસ્યા બની જતા હોય છે

વેકેશન ખુલતા જ બાળકોની બુક્સ,ડ્રેસ,નોટ બુક્સ,બેગ વગેરે વગેરે ની ખરીદી તો સહેલાઈ થી થઈ જાય છે પણ બાળકો ના મનપસંદ નાસ્તાઓ સમસ્યા બની જતા હોય છે.આજકાલ ના પ્લે ગ્રુપ માં ભણતા બાળકો ની પણ નાસ્તા બાબતે ખાસ પસંદગી હોય છે. આ કારણોસર ડબ્બામાં નાસ્તા ની વિવિધ વેરાયટી મમ્મી ઓનાં માથા નો દુઃખાવો બની જતો હોય છે."એક ના એક નાસ્તો બાળકો ખાતા નથી એટલે ટિફિન ભરેલું પાછું લાવે છે" આ વાક્ય મોટાભાગ ના બાળકોની મમ્મી ઓનું હશે જ. બાળકો ને પિક અપ કરવા સ્કૂલ બસ, કાર કે રીક્ષા વગેરે સવાર ના ૮વાગ્યાની સ્કૂલ હોય તો ૬ વાગ્યાની આસપાસ આવી જતી હોય છે. બાળકો ને નીંદર માંથી જગાડવા થી લઈને ડ્રેસ અપ કરવા સુધી ના કામ માં મમ્મીઓ ની દોડભાગ રહેતી હોય છે. આ સમય દરમિયાન બાળકો ની સુપર મોમ બાળકો ના દૂધ નાસ્તા થી લઈને નાસ્તા ના ડબ્બાની પણ વ્યવસ્થા કરતી હોય છે. આટલી બધી સવાર ની દોડા દોડી માં પણ ક્યારેક નાસ્તા ના ડબ્બામાં કોરો નાસ્તો ના છુટકાનો ભરવો પડતો હોય છે.

મોટાભાગની મમ્મી ઓની ફરિયાદ હોય છે કે બાળકો પાછળ આટઆટલું કરવા છતાંય એનો શારીરિક ગ્રોથ ઉંમર પ્રમાણે કેમ દેખાતો નથી?

વર્તમાન સમયમાં બાળકોની રુચિ અનુસાર ચીઝ,બ્રેડ, જામ,પેકેજ માખણ,મેગી,પાસ્તા,વેચાતું પનીર, બિસ્કિટ્સ વગેરે વગેરે ફૂડ આપવાથી બાળપણના શરીર ને નુકશાની થાય છે. શરીરની મેદસ્વીતા વધી જાય અથવા તો કબજિયાત ની સમસ્યા વધતા બાળક નો શારીરિક ગ્રોથ ધીમો પડી જાય છે.મેંદો માંથી બનાવેલ ખાદ્ય પદાર્થો એ પેટના સૌથી ગંભીર રોગ કબજિયાત ને નિમંત્રણ આપે છે.અમદાવાદ ની કુલ વસ્તી માંથી ૨૫% વસતી ને પનીર નો લાભ મળવો મુશ્કેલ છે,કેમ? આટલા મોટા પ્રમાણ માં પનીર નું ઉત્પાદન થતું જ નથી બજાર માં વેચાતાં પનીર માં મોટાભાગ ના સિંથેટિક પનીર વેચતા હોય છે જે પેટ ના રોગો નું મુખ્ય કારણ સમજી શકાય છે. ચીઝ ની બનાવટ એક વખત નજર સમક્ષ નિહાળ્યા બાદ ક્યારેય ખાશો જ નહી.બાળકો ની બીમારીઓ, મોટાપા,ઓછો ગ્રોથ અને નબળાઈ માટે એના રૂટિન સવાર થી લઈને રાત સુધી નો ખોરાક છે.

સામન્ય માણસ થી લઈને અબજોપતિ માણસની વાત કરીએ તો ઘઉં,ચોખા, શાકભાજી,ફળો, ડ્રાયફ્રુટ,દૂધ,દહીં ઘી અને તેલ વગેરે ખાદ્ય પદાર્થો આદત બની ચૂકી છે. આ ખાસ આદત આજકાલ ની નથી યુગોથી આપણા પૂર્વજો ના નિયમિત સવાર સાંજ નું ભોજન થી લઈને નાસ્તો આ ખાદ્ય પદાર્થ માંથી બનતા હતા.આ બધા ખાદ્ય પદાર્થો નું નિયમિત સેવન કરતા હોવા છતાય એ સમયમાં ચાર ગામ એ એક વૈદ્ય હતા અને હોસ્પિટલો નું દૂર દૂર સુધી નામોનિશાન નહતું.ત્યારે બધાનું સરેરાશ આયુષ્ય ૧૦૦ આસપાસ નું હતું. આ પરથી એટલું સમજો કે બાળકો ની જીદ ને વશ થઈને એના રૂટિન નાસ્તા ભોજન માં નાનકડો પણ ફેરફાર કરશો નહી. બે વાર ટિફિન પાછું લાવશે પણ ભૂખ લાગશે તો ઓટોમેટિક ત્રીજા દિવસે પ્રેમ થી ખાઈ ને નાસ્તા ના વખાણ પણ કરશે. બાળક ને જેવી આદત પડશો એવી પડશે એટલે નાસ્તા અને ભોજન બાબતે સહેજ પણ નરમાશ રાખશો નહી.



ટિફિન ના નાસ્તા ઓની રેસીપી
- રુપાલી દવે

સાત વર્ષ નો દીકરા ની મમ્મી ની ફરિયાદ: છોકરા નું વજન અને લંબાઈ વધતી નથી કેટલું જમાડવા પ્રયત્ન કરું છું છતાંય જમવા સમયે જમતો નથી.ચોખા એને ખૂબ ભાવે છે પણ ચોખા કબજિયાત કરે એટલે આપતી નથી.મારો બેટો ભૂખ લાગે ત્યારે બિસ્કિટ ના પેકેટો ઠૂસ્યા કરે છે. આ બહેન ની ફરિયાદ માંજ એની ભૂલ અને ભૂલ નો ઉકેલ બન્ને છુપાયેલ છે.

મોટાભાગે લોકો સોશિયલ મીડિયા માં આવતી ફૂડ ને લગતી અનફ સનાફ રીલ્સ નિહાળી ને એનાથી આપણે બધા પ્રેરાઈ જતા હોઈએ છીએ. મિત્રો,બાળકો ની બાળપણ ની ફૂડ હેબિટ પૌષ્ટિક હશે તો એના શરીર નો સર્વાંગી વિકાસ થશે. બાળકો ના અભ્યાસ માં પ્રગતિ વધારે ફી વાળી ઊંચી સ્કૂલો ના લીધે થતો નથી હોતો. બાળક ના મગજ નો વિકાસ એ એની ચુસ્તી સ્ફૂર્તિ પર આધારિત હોય છે ચુસ્તી સ્ફૂર્તિ એ ત્રણ ચાર વખત પૌષ્ટિક આહાર થી જ મળે છે. પૌષ્ટિક આહારની શોધ એ ગૃહિણીઓ એ પોતાનાના કિચન માંથી કરવાની જરૂર છે. આપણા બધાનું કિચન એ અદભૂત જડીબુટ્ટીઓ નું સંગ્રહ સ્થાન હોય છે. પરિવાર ની તંદુરસ્તી ગૃહિણીઓ ના હાથ માં આમ જ થોડું કહેવાયું છે. પ્રોસેસ થયેલ ખાંડ,મેંદો,ચીઝ વગેરે ખાદ્ય પદાર્થો શરીર ને નુકશાન પહોંચાડી શકે છે એટલે બાળકો થી લઈને યુવાનોની પ્રથમ પસંદ પિઝા,નૂડલ્સ,કેક,બિસ્કિટ,પાસ્તા કાયમી જાકારો આપીને દેશી ભોજન અને નાસ્તા ની આદતો બાળકો માં વિકસાવવો.

સોમ થી શુક્ર સુધીની રેસિપીઓ

સોમવાર નો નાસ્તો :

બટેટા પૌંઆ કે ડુંગળી પૌંઆ : આ નાસ્તો એ બાળકો થી લઈને વયો વૃદ્ધ બધાના માટે અત્યંત પૌષ્ટિક માનવા માં આવે છે.બટેટા પૌંઆ બનાવવા માટે વપરાતા બટેટા માં વિટામિન સી અને પોટેશિયમ ઉપરાંત કાર્બોહાઈડ્રેટ અને સ્ટાર્ચ જેવા પોષક તત્વો ઉપલબ્ધ હોય છે. બાફેલા કે રાંધેલા બટાટા માંથી શરીર ને ત્વરિત ઉર્જા મળે છે ને ભોજન સરળતા થી પચી જાય છે. બટેટા પૌંઆ ની રેસીપી ની મુખ્ય આઈટમ પૈઆ લો કેલરી હોય છે એટલે એ વજન નિયંત્રણ માં રાખે છે ને શરીર માં ઉર્જા લાંબા સમય સુધી જાળવી રાખે છે. સવાર સવારે નીંદર માંથી ઊઠી ને શાળા એ ગયેલ બાળક સતત બે ત્રણ કલાક સ્કૂલ ની એક્ટીવીટી થી થાકી કંટાળી જતું હોય છે. નાસ્તા ના ડબ્બા માંના બટેટા પૌંઆ આરોગી ને બાળક નો થાક ઉતરતા પુનઃ ઉર્જા વાન બનતા એ રીસેસ બાદ નો બાકી ના બે કલાક નો સમય ખુશી ખુશી પસાર કરી શકશે. બટેટા પૌંઆ માં ગાજર,ટમેટા,ડુંગળી વગેરે ને બારીક સમારી ને પણ ઉમેરી શકો છો. આમ પણ નાના બાળકો ને રંગો નું આકર્ષણ વધારે હોય છે એટલે ટિફિન માં પૌંઆ ભર્યા બાદ સજાવવાનું ભૂલશો નહી.

નોંધ : પૌંઆ માંથી બીજી અનેક વાનગીઓ બની શકાય છે ને બટેટા ની માફક અન્ય કંદ શકરિયા,રતાળુ,કોળું વગેરે પણ બાળકો ના વિકાસ માટે અત્યંત ફાયદાકારક માનવામાં આવે છે.

રોટી રોલ :


રોટલી ના લોટ માં એક ચમચી ઘી અને સ્વાદ મુજબ નમક ઉમેરીને બાંધી લ્યો. એકદમ પતલી રોટલી વણી ને એને ગેસ ની ધીમી આંચ એ શેકો. ફુલકા રોટલી બનાવી ને એના પર ગાય નું દેશી ઘી લગાવી દ્યો. એક કડાઈ માં તેલ ગરમ કરી ને એમાં રાય હિંગ નો વઘાર કર્યા બાદ ઝીણી સમારેલી ડુંગળી,કોબી,ફ્લાવર, ગાજર માંથી પાણી કાઢી ને કડાઈ માં ઉમેરી ને સહેજ નમક અને ટમેટો સોસ નાખીને તવેથા વડે મિક્સ કરો. આ મિશ્રણ માં બાફેલું બટેટું મેશ કરીને નાખીને મિશ્રણ માં ભેળવી દ્યો. આ મિશ્રણ ઠંડું પડે ત્યારે એને બનાવેલ ફૂલકા રોટલી ની વચ્ચે ગોઠવીને રોલ બનાવો.રોટી રોલ ના ચપ્પુ કે કાતર થી બાળક હાથ માં લઈ ને ખાઈ શકે એ મુજબ ના નાના નાના પીસ કરો. આ રેસિપી બાળકો ને ખૂબ ભાવશે અને પૌષ્ટિક વધારે હોવાથી એને ફાયદો પણ થશે.

નોંધ : રોટી રોલ ની માફક ભાખરી પિઝા પણ બનાવી શકાય છે. ભાખરી પિઝા માં ચીઝ ના બદલે ટામેટા સોસ ની ઉપર ચણાના લોટ માંથી બનેલ નાયલોન સેવ પથરજો. રેડ અને યેલો કલર નજર સામે આવતા જ બાળક ની રુચિ ફુડ પ્રત્યે વધશે.

મિત્રો : પેપર ના બુધવાર ના આવતા અંકે બાળકો ના ટિફિનના વાર મુજબ ના પૌષ્ટિક નાસ્તાઓ ની રેસીપીઓ વિશે માહિતી મેળવશું.

# દુષ્કર્મી વિલનની ભૂમિકાએ રાજ બબ્બરને હીરો બનાવી દીધા!

## સ્મિતા માટે પત્ની-બાળકોને તરછોડ્યા, તેમના જ દીકરાએ છેડો ફાડ્યો; શાહરુખ ખાનને મસ્તીખોર બનાવ્યો...




(એજન્સી) મુંબઇ | તા 23

'મહાભારત' ટીવી સિરિયલ બનાવનાર બી.આર. ચોપરા તેના પહેલાં એક ફિલ્મ બનાવી રહ્યા હતા. નામ હતું 'ઈન્સાફ કા તરાઝુ'. કોઈ પણ મોટો એક્ટર ફિલ્મમાં વિલન રમેશ ગુપ્તા બનવા તૈયાર નહોતો, જેને ઝીનત અમાન પર દુષ્કર્મ આચરતો બતાવવાનો હતો. દરેક એક્ટરને ડર હતો કે, આ ભૂમિકા તેની છબી બગાડી નાખશે.

ત્યારે એક નવા એક્ટરે આ ભૂમિકા માટે હા પાડી દીધી. ફિલ્મ રિલીઝ થતા જ બ્લોકબસ્ટર બની ગઈ. તે નવા એક્ટરનો અભિનય એટલો દમદાર હતો કે, જ્યારે તે માતા સાથે ફિલ્મના પ્રીમિયર પર પહોંચ્યો, ત્યારે ફિલ્મ જોયા પછી દરેક વ્યક્તિ તેનાથી નફરત કરવા લાગી. રેપ સીનનો એવો પ્રભાવ પડ્યો કે, પ્રીમિયરમાં જ નારાજ લોકો મોઢા બગાડીને ગાળો આપવા લાગ્યા. આ બધું જોઈને માતા ત્યાં જ રડી પડ્યા અને કહ્યું, 'બેટા, અમે ઓછું ખાઈશું, પણ આવા કામ ન કર.' તે એક્ટર હતા, રાજ બબ્બર, જે આજે 74 વર્ષના થઈ ચૂક્યા છે. જન્મદિવસના ખાસ અવસરે જાણો તેમના જીવન અને કારકિર્દી સાથે જોડાયેલા કેટલાક વણકહ્યા કિસ્સાઓ...

### મુસ્લિમ ગર્લફ્રેન્ડનો ધર્મ પરિવર્તન કરાવવાની પરિવારની માંગને ઘસીને ના પાડી દીધી

રાજ બબ્બર અને નાદિરા ઝહીરની લવ સ્ટોરી રંગમંચથી શરૂ થઈને જીવનની મુશ્કેલ પરીક્ષાઓ સુધી પહોંચી. દિલ્હીના નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD)માં થયેલી પહેલી મુલાકાત ધીમે ધીમે ગાઢ પ્રેમમાં બદલાઈ ગઈ. તે સમયે નાદિરા, રાજ બબ્બરની સિનિયર હતા અને નાટકોનું ડિરેક્શન કરતા હતાં. નાદિરાએ લખેલા એક નાટકમાં રાજ બબ્બરે અભિનય કર્યો હતો.

નાદિરા, રાજ બબ્બરથી ચાર વર્ષ મોટા હતાં અને મુસ્લિમ પરિવારમાંથી હતાં, જ્યારે રાજ પંજાબી હિંદુ હતા. લગ્ન પહેલા પરિવાર તરફથી નાદિરાનું નામ અને ધર્મ બદલવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ રાજ બબ્બરે સ્પષ્ટ કહી દીધું, 'નાદિરા છે, તો નાદિરા જ રહેશે.'

### ફિલ્મ જોઈને માતા નારાજ હતા, ખુશીના આંસુ સમજીને રાજે પગે લાગી લીધું

રાજ બબ્બરનો જન્મ એક પંજાબી પરિવારમાં થયો હતો. તેમના દાદા અને પિતા બંને રેલવેમાં કામ કરતા હતા. પરિવારના વિભાજન પછી ઉત્તર પ્રદેશના આગ્રાના ટુંડલામાં આવીને વસ્યા હતા. બાળપણ ભાડાના મકાનોમાં વીત્યું. તેમણે આગ્રા કોલેજમાંથી અભ્યાસ પૂરો કર્યો અને 1975માં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD)માંથી સ્નાતક થયા. NSDમાં મેથડ એક્ટિંગની તાલીમે તેમને સ્ટ્રીટ થિયેટરથી લઈને મોટા પડદા સુધીનો માર્ગ બતાવ્યો.

ફિલ્મોમાં એક્ટિંગ કરવા મુંબઈ આવ્યા પછી શરૂઆતમાં તેમણે લગભગ 14 ફિલ્મોમાં ખૂબ નાના-નાના રોલ કર્યા હતા. તેમની પહેલી ફિલ્મ 'શારદા' હતી, જેમાં તેમનો ફક્ત એક ડાયલોગ હતો. તે જ સમયે, તેમને 1980માં બી.આર. ચોપરાની ફિલ્મ 'ઈન્સાફ કા તરાઝુ'થી મોટો બ્રેક મળ્યો. આમાં રાજ બબ્બરે રેપિસ્ટ રમેશ ગુપ્તાનો રોલ કર્યો. ફિલ્મમાં ઝીનત અમાન પર રેપનો સીન આજે પણ ચર્ચામાં છે.

ફિલ્મના પ્રીમિયરમાં રાજ બબ્બર માતા સાથે દિલ્હી ગયા. તે વિવાદાસ્પદ રેપ સીન જોઈને માતાની આંખોમાં આંસુ આવી ગયા હતા. રાજ બબ્બરે ટીવી શો 'આપ કી અદાલત'માં જણાવ્યું હતું કે, 'જ્યારે ફિલ્મનું પ્રીમિયર થયું, ત્યારે હું મારી માતા સાથે વિજ્ઞાન ભવન (દિલ્હી)માં તેને જોવા ગયો હતો. જ્યારે અમે ફિલ્મ જોઈને ઈન્ટરવલમાં બેઠા હતા, ત્યારે અમને કોઈએ ઓળખ્યા નહીં. અમે ફિલ્મ જોતા રહ્યા. ત્યારબાદ અંતમાં મને ખૂબ ગાળો પડી રહી હતી. ઈન્ટરવલમાં પણ દરેક માણસ મને ગાળો આપી રહ્યો હતો. ખાસ કરીને સ્ત્રીઓ ખૂબ ગાળો આપી રહી હતી.'

તેમણે આગળ કહ્યું હતું કે, 'તો મારી માતાને ખૂબ ખરાબ લાગ્યું. જ્યારે અમે ટેક્સીમાં બેસી ગયા, ત્યારે મારી માતા રડવા લાગી. મને લાગ્યું કે ખુશીના આંસુ આવી રહ્યા છે કે, તેમના દીકરાએ ફિલ્મમાં કામ કર્યું છે. મેં ખુશીમાં માતાના પગ સ્પર્શ કર્યા. ત્યારે તેમણે મારા માથા પર હાથ ફેરવતા કહ્યું, 'બેટા, અમે ઓછું ખાઈ લઈશું, પણ તું આવું કામ ન કર.'

એક્ટરે આગળ કહ્યું હતું કે, 'ત્યારે મને લાગ્યું કે મારી ડ્રામા સ્કૂલની ટ્રેનિંગ અને મારી પૂરી મહેનત સફળ થઈ ગઈ. માતાના આ શબ્દોથી મને લાગ્યું કે મને સફળતા મળી ગઈ. મારી માતાએ પણ સમજ્યું કે હું આવું જ કામ કરું છું. જો હું આવું ન કરું, તો હું મારા તે રોલમાં સફળ ન થયો.'

રાજ બબ્બરનો 'નિકાહ' (1982)માં સલમા આગા અને દીપક પરાશર સાથેનો રોલ યાદગાર રહ્યો. 'આજ કી આવાઝ' (1984)માં સ્મિતા પાટીલ સાથે પ્રોફેસરનો રોલ, જ્યાં તેઓ વિજિલન્ટે બની જાય છે, તેણે તેમને વિવેચનાત્મક પ્રશંસા (ક્રિટિકલ એક્લેમ) અપાવી. આ રોલ માટે તેમને ફિલ્મફેર બેસ્ટ એક્ટરનું નોમિનેશન મળ્યું.

રાજ બબ્બર પોતાની કારકિર્દીમાં ઘણી ફિલ્મોમાં વિલનના રોલમાં જોવા મળ્યા. તેમાં 'ઈન્સાફ કા તરાઝુ' (1980), 'સાજિશ' (1988), 'આંખેં' (1993), 'દલાલ' (1993), 'અંદાઝ' (1994), 'ધ ગેમ્બલર' (1995), 'યારાના' (1995), 'બરસાત' (1995), 'ઝિદ્દી' (1997), 'ગુંડાગર્દી' (1997), 'દાગ: ધ ફાયર' (1999) અને 'ઈન્ડિયન' (2001) જેવી ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે.



# 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' કયો શો છે, મને કંઈ ખબર નથી!

## સમય રૈનાના શોમાં આવવાના સવાલ પર બોબી દેઓલનો પ્રશ્નાર્થ; આલિયા-શર્વરી પહેલા એપિસોડમાં દેખાયા હતા

(એજન્સી) મુંબઇ | તા 23

ફિલ્મ 'આલ્ફા' 3 જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મના પ્રમોશનના ભાગરૂપે ફિલ્મની લીડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ 2'ના પ્રીમિયર એપિસોડમાં પહોંચી હતી.

ઈન્ડિયા ટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં 'આલ્ફા'માં જોવા મળેલા એક્ટર બોબી દેઓલને પૂછવામાં આવ્યું કે- શું તે પણ આલિયા અને શર્વરીની જેમ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ 2'માં દેખાશે?

આ સવાલના જવાબમાં બોબી દેઓલે કહ્યું, 'આ કયો શો છે? મને તો તેના વિશે ખબર પણ નથી.' પછી તે આગળ વધી જાય છે.

તાજેતરમાં 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ 2'ના પહેલા એપિસોડમાં આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ મહેમાન તરીકે સામેલ થઈ હતી. એપિસોડ દરમિયાન સમય રૈના અને આલિયા ભટ્ટે એકબીજા પર મજાકિયા અંદાજમાં કટાક્ષ અને રોસ્ટ કર્યા.

શોમાં સમય રૈનાએ આલિયા ભટ્ટનું સ્વાગત કરતા કહ્યું કે તેમને વિશ્વાસ જ નથી થઈ રહ્યો કે આલિયા શોના પહેલા એપિસોડમાં મહેમાન બનીને આવી છે. આ દરમિયાન આલિયાએ હસતા કહ્યું, 'મને હવે થોડો પસ્તાવો થઈ રહ્યો છે.' આના પર સમય રૈનાએ કટાક્ષ કરતા કહ્યું, 'મને પણ 'જિગરા' જોઈને પસ્તાવો થયો હતો.' સમયની આ વાત સાંભળીને આલિયા અને શર્વરી જોરથી હસવા લાગી. જોકે, આલિયાએ પણ મોડું કર્યા વિના હસતા હસતા જવાબ આપ્યો, 'ઓછામાં ઓછું તમે ફિલ્મ તો જોઈ.' આ પછી સમયે કહ્યું, 'તમારી પાસે બેસીને થોડો નર્વસ અનુભવી રહ્યો છું, કારણ કે હું તમારા પતિનો ખૂબ મોટો ચાહક છું.'

### કાન -લેટેન્ટની સરખામણી કરીને મજાક કરી

સમયે એમ પણ કહ્યું, "આલિયા જી, તમે આટલા મોટા એક્ટ્રેસ છો. તમારી ફિલ્મોએ 5000-6000 કરોડ રૂપિયાની કમાણી કરી છે. તમારી પાસે આટલા ફિલ્મફેર એવોર્ડ છે, નેશનલ એવોર્ડ છે, બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ છે. તો પછી તમે અહીં શા માટે આવ્યા છો? 'લેટેન્ટ'માં આવવાની શું જરૂર હતી? ક્યાં કાન, ક્યાં લેટેન્ટ પણ ચિંતા ન કરતાં અહીં બધા કેમેરા તમારા પર છે.'

પછી જવાબ આપતા આલિયાએ કહ્યું, 'ના-ના સમય, સાચું કહું તો બધા પૂરા વિશ્વાસ સાથે કહી શકીએ કે અમને હસાવવા બદલ અમે બધા કપિલ શર્માના ખૂબ આભારી છીએ.' પછી સમયે કહ્યું, 'વાહ! આલિયાજી, અહીં તમે ફની થઈ ગયા. ઝાકિર ભાઈ સાથે શું થયું હતું?'

શોમાં શર્વરી વાઘ પણ ગેસ્ટ તરીકે પહોંચી હતી. સમય રૈનાએ મજાકમાં તેમને ઓળખવાનો ઈનકાર કરી દીધો. જ્યારે શર્વરીને પૂછવામાં આવ્યું કે શું તેણે લેટેન્ટના એપિસોડ જોયા છે, જેના પર એક્ટ્રેસે કહ્યું, "મેં શોના વીડિયો ન્યૂઝ ચેનલો પર જોયા છે." ગયા વર્ષે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ને લઈને સમય રૈના વિવાદોમાં રહ્યા હતા. શોને લઈને તેમની વિરુદ્ધ કેસ દાખલ થયો હતો અને મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો.

# સિક્યોરિટીને થાપટ આપી જ્હોનને મળવા પહોંચ્યો ફેન!

## બોડીગાર્ડે પકડ્યો તો એક્ટરે રોકીને થોડીવાર વાત કરી, સોશિયલ મીડિયા યુઝર્સનો મિશ્ર પ્રતિસાદ

(એજન્સી) મુંબઇ | તા 23

બોલિવૂડ એક્ટર જ્હોન અબ્રાહમ ને મળવા માટે એક ફેન સ્ટેજ પર પહોંચી ગયો. આ ઘટના ત્યારે બની, જ્યારે રવિવાર એટલે કે 21 જૂને વર્લ્ડ મોટરસાયકલ ડે ના અવસરે તે બેંગલુરુમાં આયોજિત એક ઈવેન્ટમાં સામેલ થયો.

ઈવેન્ટ દરમિયાન જ્હોને બાઈક પર એન્ટ્રી લીધી અને ત્યાં હાજર લોકો સાથે બાઈક્સ પ્રત્યેના પોતાના લગાવ વિશે વાત કરી. ઈવેન્ટ દરમિયાન એક ફેન સિક્યોરિટીને ગોથે ચડાવી સ્ટેજ પર જ્હોનને મળવા પહોંચી ગયો. સામે આવેલા વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે ફેનના સ્ટેજ પર પહોંચતા જ એક બોડીગાર્ડે તેને પકડીને નીચે લઈ જવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન જ્હોન અબ્રાહમે બોડીગાર્ડને રોકવાનો પ્રયાસ કર્યો અને ફેન સાથે થોડીવાર મુલાકાત કરી.

આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર લોકોની અલગ-અલગ પ્રતિક્રિયાઓ સામે આવી છે. ઘણા યુઝર્સે જ્હોનના વર્તનની ખૂબ પ્રશંસા કરી. એક યુઝરે લખ્યું, 'જ્હોન ખરેખર જમીન સાથે જોડાયેલા વ્યક્તિ છે.' બીજાએ લખ્યું, 'જ્હોન ખૂબ સારો વ્યક્તિ છે.' અન્ય એક યુઝરે કોમેન્ટ કરી, 'તમે માનવતા, દયા અને તમારા ચાહકો પ્રત્યેના પ્રેમનું ઉદાહરણ છો. તમે તમારા ચાહકનો દિવસ બનાવી દીધો.'

જોકે, કેટલાક યુઝર્સે તેને પેઈડ પીઆર સ્ટંટ ગણાવ્યો. એક યુઝરે લખ્યું, 'મને આમાં કંઈપણ અસલી લાગ્યું નહીં, આજકાલ પીઆર ટીમો ખૂબ જ ક્રિએટિવ બની ગઈ છે.' જ્યારે બીજાએ કમેન્ટ કરી, 'ખબર નથી આ એક્ટ માટે કેટલા પૈસા આપવામાં આવ્યા. હવે બધું જ લાઈક્સ, વ્યૂઝ અને ચર્ચા માટે કરવામાં આવે છે.'



વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, જ્હોન અબ્રાહમ છેલ્લે 'તેહરાન' ફિલ્મમાં જોવા મળ્યા હતા, જે ગયા વર્ષે 14 ઓગસ્ટે OTT પર રિલીઝ થઈ હતી.

આ પહેલા તેઓ 'ધ ડિપ્લોમેટ' ફિલ્મમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મ 14 માર્ચ 2025ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મનું કુલ બજેટ લગભગ 20 કરોડ રૂપિયા હતું. જ્યારે, વિશ્વભરમાં તેની કુલ કમાણી લગભગ 51.46 કરોડ રૂપિયા રહી હતી.

હવે તે રોહિત શેટ્ટીના પ્રોડક્શનમાં બની રહેલી રાકેશ મારિયાની બાયોપિકમાં જોવા મળશે, જે આ વર્ષે રિલીઝ થવાની અપેક્ષા છે. આ ઉપરાંત તે હર્ષવર્ધન રાણે સાથે 'ફોર્સ 3' પર પણ કામ કરી રહ્યા છે, જેનું શૂટિંગ ચાલુ છે.

# 'સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં કરન ઔજલાનો હાથ છે...'

## રેપરના પંજાબી સિંગર પર ગંભીર આરોપ, કહ્યું- 'પહેલાં હત્યારાને પૈસા આપ્યા, પછી શ્રદ્ધાંજલિનું ગીત ગાયું'

(એજન્સી) મુંબઇ | તા 23

પંજાબના રેપર સુલતાને વીડિયો જાહેર કરીને દાવો કર્યો છે કે, 'સિંગર સિદ્ધુ મૂસેવાલાને મરાવવા પાછળ સિંગર કરન ઔજલાનો હાથ હતો.' સુલતાને કહ્યું કે, 'ઔજલાના ઘરે ગોળીઓ ચાલી હતી. તેને લાગતું હતું કે તેના ઘરે સિદ્ધુએ ગોળીઓ ચલાવી છે. સિદ્ધુને મરાવવા માટે મને જાણવા મળ્યું છે કે, કરન ઔજલાએ પણ પેમેન્ટ કર્યું હતું.'

તેણે કહ્યું કે, 'પહેલા તેને મરાવવા માટે માણસો શોધતો હતો. હવે તેને શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. સિદ્ધુના મૃત્યુ પછી તેની ટીમ તોડી નાખી. આ વાત પણ સાચી છે કે હું ભાંગ પીઉં છું, પણ જૂઠું બોલતો નથી. જે છે તે હું લોકો સામે બોલું છું. લોકોને પણ ખબર પડવી જોઈએ કે કલાકારો શું કરે છે.'

રેપર સુલતાન અને અમૃતસરના સિંગર પ્રેમ ઢિલ્લોન તેમના 19 જૂને રિલીઝ થયેલા નવા ગીતોને લઈને પણ એકબીજા સાથે ભીડાયા છે. રેપર સુલતાને 19 મેના રોજ રિલીઝ થયેલા ગીતમાં પ્રેમ ઢિલ્લોન પર કહ્યું કે, 'તારા કરતાં સારા સૂરમાં તો ગધેડો ગાઈ લે છે.' એ જ રીતે 19 જૂને જ રિલીઝ થયેલા પોતાના રેપમાં પ્રેમ ઢિલ્લોને કહ્યું કે, 'દુશ્મની પણ કાઢી લેજો, પણ પહેલા જન્મ તો લો.' દિવંગત સિંગર સિદ્ધુ મૂસેવાલાનો ઉલ્લેખ કરતા સુલ્તાને ઈન્ડસ્ટ્રીના ઘણા કલાકારો પર નિશાન સાધ્યું. તેણે કહ્યું કે, 'મારા અને સિદ્ધુ વચ્ચે ભૂતકાળમાં મતભેદ હતા, પરંતુ મેં સિદ્ધુના મૃત્યુ પછી ક્યારેય તેના નામે ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કર્યો નથી.'



સુલ્તાને પ્રેમ ઢિલ્લોન પર સીધો હુમલો કરતા કહ્યું- 'આ બધા લોકો ટ્રિબ્યુટ અને પોસ્ટ નાખીને લોકોની સિમ્પથી (સહાનુભૂતિ) મેળવી રહ્યા છે. પ્રેમ પોતાને સિદ્ધુનો 'ચંડિયા' (ચેલો) કહે છે, જ્યારે હકીકતમાં તે તેનો સૌથી મોટો દુશ્મન હતો. આ બધા ફક્ત પોતાના ગીતો ચલાવવા માટે ખોટી વાર્તાઓ બનાવી રહ્યા છે.'

# '₹370 બિરયાની' પર કોમેડિયન-વેબ ડેવલપરને માફી ન મળી

## પોલીસ મહિલા આયોગ પાસે પહોંચી, કહ્યું- કોમેડીના નામે અપમાનજનક કન્ટેન્ટ સહન નહીં કરાય


(એજન્સી) મુંબઇ | તા 23

ગુરુગ્રામમાં સ્ટેન્ડ-અપ કોમેડી શો દરમિયાન મહિલાઓ પર કરવામાં આવેલી '370ની બિરયાની' ટિપ્પણીના મામલે રાષ્ટ્રીય મહિલા આયોગે કોમેડિયન પ્રણીત મોરે અને વેબ ડેવલપર હિમાંશુ જાંગડાની માફી સ્વીકારવાનો ઈનકાર કર્યો. સોમવારે સાંજે ACP વિષ્ણુ પ્રસાદ બંને આરોપીઓને લઈને દિલ્હી સ્થિત મહિલા આયોગની કાર્યાલયે પહોંચ્યા. સુનાવણી દરમિયાન આયોગના અધ્યક્ષ વિજયા કિશોર રાહટકરે કહ્યું કે મહિલાઓ પ્રત્યે અપમાનજનક સામગ્રીને કોમેડીના નામે પ્રોત્સાહન આપવું સ્વીકાર્ય નથી. તેમણે કેસના ત્રણેય આરોપીઓ- પ્રણીત મોરે, હિમાંશુ જાંગડા અને મધુર વિરલીને આગામી સુનાવણીમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો.

ઉપરાંત, ACP વિષ્ણુ પ્રસાદે જણાવ્યું, 'અમને 22 જૂને આયોગ તરફથી આરોપીઓને રજૂ કરવાના નિર્દેશ મળ્યા હતા. અમે ઈમેલ દ્વારા તેમને સમયસર જાણ કરી દીધી હતી. બધાને આયોગ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. આ સંબંધમાં DLF ફેઝ-2 પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. કેસની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે, તેથી થોડો સમય આપો.'

12 એપ્રિલે ગુરુગ્રામમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરેનો એક લાઈવ ક્રાઉડ-વર્ક કોમેડી શો યોજાયો હતો. શો દરમિયાન દર્શકો સાથે વાતચીત કરતા વેબ ડેવલપર હિમાંશુ જાંગડાએ પોતાના એક ડેટિંગ અનુભવનો ઉલ્લેખ કર્યો.

હિમાંશુએ કહ્યું હતું કે તેણે એક મહિલા સાથે ડેટ પર લગભગ 360-370 રૂપિયાની બિરયાનીનો ખર્ચ કર્યો હતો. આ પછી તેણે મહિલા વિશે અપમાનજનક શબ્દો કહ્યા. હિમાંશુની આ ટિપ્પણી પર કોમેડિયન પ્રણિત મોરે હસી પડ્યા. તેમણે તેને 'પીક ગુરુગ્રામ કન્ટેન્ટ' ગણાવ્યું અને મજાકીયો જવાબ આપવા બદલ હિમાંશુને ઈનામની રકમ પણ આપી. શોનો આ વીડિયો બાદમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો.



# નવાઝુદ્દીન સાથે ઈન્ટીમેટ સીનમાં અસહજ થઈ ગઈ હતી અભિનેત્રી!

(એજન્સી) મુંબઇ | તા 23

બોલિવૂડની ગ્લેમરસ અભિનેત્રીઓમાંની એક ચિત્રાંગદા સિંહે પોતાની કારકિર્દીમાં અનેક યાદગાર ભૂમિકાઓ ભજવી છે. જોકે, તેની કરિયરમાં એક ફિલ્મ એવી પણ રહી છે, જેનો અનુભવ તેના માટે અત્યંત કડવો અને માનસિક રીતે પરેશાન કરનારો સાબિત થયો હતો. ફિલ્મ 'બાબુમોશાય બંદૂકબાઝ'ના શૂટિંગ દરમિયાન સેટ પર પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે ચિત્રાંગદાએ આખરે આ પ્રોજેક્ટને અધવચ્ચે જ અલવિદા કહી દીધું હતું. અભિનેત્રીએ ડિરેક્ટર કુશાન નંદી પર જબરદસ્તીથી ઈન્ટિમેટ સીન કરાવવા અને અપમાનજનક વર્તન કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો.

ચિત્રાંગદા સિંહ સાથે બનેલી આ આખી ઘટનાનો ઉલ્લેખ એક પોડકાસ્ટમાં કર્યો હતો. સેટ પર ડિરેક્ટરે અભિનેત્રી સાથે કરેલી ગેરવર્તણૂક અંગે વિગતો આ પોડકાસ્ટમાં કરવામાં આવી હતી. પોડકાસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ચિત્રાંગદા ફિલ્મ 'બંદૂકબાઝ'માં નવાઝુદ્દીન સિદ્દીકી સાથે શૂટિંગ કરી રહી હતી. સ્ક્રિપ્ટ મુજબ તેણે નવાઝ સાથે એક બેડ સીન અને કિસિંગ સીન શૂટ



કરવાનો હતો. ચિત્રાંગદા પોતે એક ખૂબ જ બોલ્ડ અને મેચ્યોર અભિનેત્રી છે, તે સિંગલ મધર છે અને દુનિયાથી સારી રીતે વાકેફ છે. આમ છતાં, તે સીન એટલો અસહજ કરી મૂકનારો હશે કે તે તેને શૂટ કરી શકી નહોતી.

આ વિશે વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, 'વારંવારના પ્રયાસો છતાં સીન ઓકે ન થતાં ડિરેક્ટર કુશાન નંદી પોતાનો પિત્તો ગુમાવી બેઠા હતા. તેમણે સેટ પર હાજર તમામ લોકોની સામે બૂમો પાડતા અત્યંત વાંધાજનક શબ્દોમાં કહ્યું, 'અરે ચાલ, હીરો ઉપર ચઢી જા.' આ પ્રકારની ભાષા અને અપમાનજનક વર્તન સાંભળીને ચિત્રાંગદા સ્તબ્ધ થઈ ગઈ હતી અને તેણે તાત્કાલિક શૂટિંગ બંધ કરીને ફિલ્મ છોડવાનો નિર્ણય કરી લીધો હતો.

આ વિવાદ અંગે ચિત્રાંગદા સિંહે પણ ભૂતકાળમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં સત્તાવાર ખુલાસો કર્યો હતો. તેના જણાવ્યા અનુસાર, નવાઝુદ્દીન અને તેની વચ્ચેના ઈન્ટિમેટ સીન્સ પહેલેથી જ યોગ્ય રીતે શૂટ થઈ ચૂક્યા હતા. તેમ છતાં ડિરેક્ટર કુશાન નંદી સંતુષ્ટ નહોતા. તેઓ એ કિસિંગ સીનને વધુ 7 સેકન્ડ લાંબો ખેંચવા માંગતા હતા અને ફરીથી શૂટ કરવાનો આગ્રહ રાખતા હતા.

અભિનેત્રીએ આરોપ લગાવ્યો હતો કે ડિરેક્ટરે તેના પર નવાઝુદ્દીનની ઉપર બેસીને સીન આપવાનું દબાણ કર્યું હતું અને આ દરમિયાન તેમની વચ્ચે ગાળાગાળી પણ થઈ હતી. આ આખા ઘટનાક્રમથી માનસિક રીતે કંટાળીને ચિત્રાંગદાએ ફિલ્મથી અંતર જાળવી લેવું વધુ યોગ્ય સમજ્યું હતું. ચિત્રાંગદાના ફિલ્મ છોડ્યા બાદ મેકર્સે આ રોલ માટે અભિનેત્રી બિદિતા બાગને કાસ્ટ કરી હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# આં.રાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ પર ICC અધ્યક્ષ જય શાહનો સંદેશ

**● રમતગમતની એકતા પર ભાર, આઈસીસી અધ્યક્ષ જય શાહનો ઉત્સાહ**

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ નિમિત્તે આઈસીસી (ICC) ના અધ્યક્ષ જય શાહે રમતગમતની દુનિયામાં એકતા અને



સ્વાસ્થ્યના સંદેશને પ્રોત્સાહન આપ્યું છે. તેમણે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) ના તે અભિયાનને સંપૂર્ણ સમર્થન આપ્યું છે જેનો ઉદ્દેશ્ય રમત દ્વારા લોકોના સ્વાસ્થ્ય, સુખાકારી અને સામુદાયિક જોડાણને મજબૂત કરવાનો છે. જય શાહે તેમના અધિકૃત સોશિયલ મીડિયા પર આ દિવસની ઉજવણી કરતા કહ્યું કે રમતગમત એ વિશ્વને જોડવાનું એક શક્તિશાળી માધ્યમ છે.

આઈસીસી અધ્યક્ષે ક્રિકેટના પ્રભાવ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, "ક્રિકેટના ૨ અબજથી વધુ ચાહકો વિશ્વભરમાં ફેલાયેલા છે. આ રમત પાસે લોકોને જોડવાની, પ્રેરિત કરવાની અને સશક્ત બનાવવાની અપાર શક્તિ છે. ઓલિમ્પિક દિવસની ભાવના આપણને સતત આગળ વધવા અને રમવા માટે પ્રોત્સાહિત કરે છે." આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ દર વર્ષે ૨૩ જૂનના રોજ ઉજવવામાં આવે છે, જે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની સ્થાપના અને આધુનિક ઓલિમ્પિક રમતોના પુનરુત્થાનની યાદ અપાવે છે.

આ દિવસના મહત્વની સાથે સાથે ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવા માટે પણ મહત્વના પગલાં લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ 'નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન કોન્ક્લેવ ૨૦૨૬' માં ભાગ લીધો હતો. આ કોન્ક્લેવમાં ૩૭ રાષ્ટ્રીય રમત ફેડરેશનના પ્રતિનિધિઓ એકત્રિત થયા હતા, જેમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬, એશિયન ગેમ્સ ૨૦૨૬ અને ૨૦૨૮ ના ઓલિમ્પિક્સ માટે ભારતની તૈયારીઓ અને ભવિષ્યના સ્પોર્ટીંગ રોડમેપ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# આઈસીસી મહિલા ક્રિકેટ ગાઈડલાઈન

## પ્રેગનેન્ટ ખેલાડીઓ માટે નવી રાહત, મહિલા ક્રિકેટર કમબેક માટે આશા

(એજન્સી) દુબઈ । તા. 23



આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા મહિલા ક્રિકેટરોના વ્યાવસાયિક જીવન અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જાળવવા માટે એક અત્યંત પ્રગતિશીલ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે માતા બનનારી મહિલા ક્રિકેટરોની કારકિર્દી પર પૂર્ણવિરામ નહીં મુકાય. આઈસીસીએ ગર્ભાવસ્થા બાદ ખેલાડીઓની મેદાન પર મજબૂત અને સલામત વાપસી માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે, જે ૧૬ અઠવાડિયાના સુનિયોજિત પ્લાન પર આધારિત છે. આઈસીસીની આ નવી ગાઈડલાઈન ૬ તબક્કાના ખાસ '૬ આર' (6R) મોડલ પર તૈયાર કરવામાં આવી છે, જેમાં Ready (તૈયાર થવું), Review, Restore, Recondition, Return અને Refineનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયામાં ખેલાડીને ઉતાવળે મેદાનમાં ઉતારવાને બદલે વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર કરવામાં આવશે. દરેક ખેલાડી માટે એક ખાસ 'કેસ મેનેજર' ની નિમણૂક કરવામાં આવશે, જે ડોક્ટર કે ફિઝિયોથેરાપિસ્ટ હશે. તેઓ ખેલાડીની શારીરિક પુનઃપ્રાપ્તિના દરેક તબક્કે સતત દેખરેખ રાખશે.

નવી માર્ગદર્શિકા મુજબ, ડિલિવરીના આશરે ૮ અઠવાડિયા બાદ ડૉક્ટરની સલાહ અને સ્નાયુઓની તપાસ પછી જ ખેલાડીને દોડવાની મંજૂરી મળશે. આ યોજનામાં માત્ર શારીરિક તૈયારી જ નહીં, પરંતુ બાળકની સંભાળ રાખવાની સુવિધા, ફીડિંગ માટે અલગ જગ્યા અને પ્રવાસ દરમિયાન સહાય જેવી વ્યવહારુ બાબતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આઈસીસી મેડિકલ એડવાઈઝરી કમિટીના નિષ્ણાતોના મતે, આ પગલું મહિલા ખેલાડીઓ માટે લાંબા ગાળાની કારકિર્દી બનાવવામાં મદદરૂપ થશે.

વેસ્ટ ઈન્ડિઝની જાણીતી ક્રિકેટર અફી ફ્લેચરે આ નિર્ણયનું સ્વાગત કરતા જણાવ્યું કે, એક માતા તરીકે મેદાન પર પાછા ફરવું પડકારજનક હોય છે, પરંતુ આવી મજબૂત સપોર્ટ સિસ્ટમ હોવાથી હવે મહિલાઓ આત્મવિશ્વાસ સાથે રમત સાથે જોડાઈ શકશે. આઈસીસીનો આ નિર્ણય માત્ર મહિલા ક્રિકેટરો માટે જ નહીં, પરંતુ સમગ્ર રમતજગત માટે સમાનતા અને સમાવેશીતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# ટીમ ઈન્ડિયાની જર્સી પર પોતાનું નામ જોઈ ભાવુક થયો વૈભવ સૂર્યવંશી

(એજન્સી) નવી દિલ્હી । તા. 23






ભારતીય ક્રિકેટ જગતના આકાશમાં એક નવા સિતારાનો ઉદય થયો છે. માત્ર ૧૫ વર્ષની કુમળી વયે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટી-૨૦ ટીમમાં સ્થાન મેળવીને વૈભવ સૂર્યવંશીએ ઈતિહાસ રચ્યો છે. જ્યારે આ યુવા બેટરને પોતાની સત્તાવાર ટીમ ઈન્ડિયાની જર્સી આપવામાં આવી અને તેના પર તેણે પોતાનું નામ અંકિત થયેલું જોયું, ત્યારે તે ભાવુક થઈ ગયો હતો અને તેના આંસુ છલકાઈ ગયા હતા. આ ક્ષણ માત્ર તેના માટે જ નહીં, પરંતુ તેના લાખો ચાહકો માટે પણ એક ઐતિહાસિક પળ બની રહી છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા શેર કરવામાં આવેલા એક હૃદયસ્પર્શી વીડિયોમાં વૈભવે પોતાના મનની વાત વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "ક્રિકેટ રમવાની શરૂઆત મેં જે દિવસે કરી હતી, ત્યારે જ મારું એકમાત્ર સપનું દેશની આ બ્લુ જર્સી પહેરવાનું હતું. આજે જ્યારે એ સપનું હકીકત બની ગયું છે, ત્યારે મને મારી આંખો પર વિશ્વાસ નથી આવતો." વૈભવ માટે આ ક્ષણ એટલી આશ્ચર્યજનક હતી કે તે ત્વરિત કોઈ પ્રતિક્રિયા પણ આપી શક્યો નહોતો.

આ સફળતા પાછળ વૈભવના વર્ષોના કઠોર પરિશ્રમ અને મેદાન પર વિતાવેલા કલાકોનું યોગદાન છે. યુવા ક્રિકેટરે જણાવ્યું કે, "જ્યારે મેં મારા નામવાળી જર્સી હાથમાં લીધી, ત્યારે મારા શબ્દો ખૂટી પડ્યા હતા. જે વસ્તુ માટે મેં બાળપણથી જ બેટ પકડ્યું હતું અને અનંત પ્રેક્ટિસ કરી હતી, તે આજે પૂરું થયું છે. હું આ ખુશીને શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી, આ બધું મને એક સપના જેવું જ લાગે છે."

વૈભવની આ સફર અને તેની આ પ્રામાણિક લાગણીઓએ દેશભરના રમતપ્રેમીઓનું દિલ જીતી લીધું છે. હવે સૌની નજર તેના આગામી પ્રદર્શન પર છે. ટીમના પસંદગીકારોને આશા છે કે આ યુવા ખેલાડી આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની પ્રતિભા સાબિત કરશે અને ભારતનું નામ વધુ રોશન કરશે. આ અત્યંત સંવેદનશીલ અને પ્રેરણાદાયી ઘટના સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ વાયરલ થઈ રહી છે.

# જો રૂટ તોડશે સચિન તેંડુલકરનો ટેસ્ટ રેકોર્ડ

(એજન્સી) લંડન । તા. 23





ઈંગ્લેન્ડના સ્ટાર ટેસ્ટ બેટર જો રૂટ હાલમાં ક્રિકેટના મેદાન પર રન અને સદીઓનો વરસાદ કરી રહ્યા છે. જે પ્રકારનું ફોર્મ અને ફિટનેસ જો રૂટ જાળવી રહ્યા છે, તે જોતાં હવે ક્રિકેટ જગતમાં એક જ ચર્ચા છે કે શું તેઓ સચિન તેંડુલકરના ૧૫,૯૨૧ ટેસ્ટ રનનો અજેય લાગતો વિશ્વ રેકોર્ડ તોડી શકશે? આ અંગે દિગ્ગજ ક્રિકેટરો અને આંકડાશાસ્ત્રીઓએ મોટી ભવિષ્યવાણી કરી છે.

### રૂટની અત્યાર સુધીની સફર અને આંકડા

જો રૂટે અત્યાર સુધીમાં ૧૬૫ ટેસ્ટ મેચોની ૩૦૨ ઈનિંગ્સમાં ૫૦.૮૧ની પ્રભાવશાળી સરેરાશથી ૧૪,૦૭૫ રન બનાવ્યા છે. તેમના નામે ૪૧ ટેસ્ટ સદી અને ૬૭ અડધી સદી નોંધાયેલી છે. રૂટ હાલમાં સચિન તેંડુલકરના સર્વકાલીન રેકોર્ડથી માત્ર ૧,૮૪૭ રન દૂર છે. માત્ર ૩૫ વર્ષની વયે આ સ્તરે પહોંચવું એ તેમના અપાર કૌશલ્ય અને ફિટનેસનું પ્રમાણ છે. રૂટ ૨૦૧૨માં ડેબ્યૂ કર્યા પછીથી ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમનો અનિવાર્ય હિસ્સો રહ્યા છે.

સ્કાય સ્પોર્ટ્સની ડેટા વિશ્લેષણ ટીમે આ બાબતે સઘન ગણતરી કરી છે. દિગ્ગજ પૂર્વ ક્રિકેટર માઈકલ એથરટને આ અંગે મહત્વની આગાહી કરતા જણાવ્યું છે કે, જો રૂટ પાસે સચિન તેંડુલકરને પાછળ છોડી દેવાની ૭૧.૩ ટકા શક્યતા છે. એથરટનના મતે, રૂટ ૨૦૨૮માં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણી અથવા ૨૦૨૮ના ભારત પ્રવાસ દરમિયાન આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી શકે છે. રૂટની વર્તમાન રમવાની ગતિ અને ટેસ્ટ ક્રિકેટ પ્રત્યેની તેમની એકાગ્રતા આ રેકોર્ડ તોડવા માટે પૂરતી હોવાનું માનવામાં આવે છે.

સચિન તેંડુલકર અને જો રૂટની રમતની સરખામણી કરવી એ રસપ્રદ વિષય છે. સચિન તેંડુલકર તેની કારકિર્દી દરમિયાન ત્રણેય ફોર્મેટમાં નિયમિત ખેલાડી હતા. તેમણે ૪૬૩ વનડે મેચોમાં ૧૮,૪૨૬ રન અને ૨૦૦ ટેસ્ટ મેચોમાં ૧૫,૯૨૧ રન બનાવ્યા હતા.

### શું રૂટ ઈતિહાસ રચી શકશે?

જો રૂટની ફિટનેસ જોતા તેઓ ૩૭ થી ૩૮ વર્ષની વય સુધી ટેસ્ટ ક્રિકેટ રમવાનું ચાલુ રાખી શકે છે. ટેસ્ટમાં તેમની બેટિંગની સ્થિરતા જોતા એવું લાગે છે કે ૧,૮૪૭ રનનું અંતર કાપવું તેમના માટે ઘણું સરળ છે. જો તેઓ ઈજાઓથી દૂર રહે છે અને હાલના ફોર્મમાં રમે છે, તો ૨૦૨૮ સુધીમાં આપણે ચોક્કસપણે એક નવો ઈતિહાસ લખાતો જોઈ શકીશું.

# ભારત-ઇંગ્લેન્ડ T20 સિરીઝ માટે ઇંગ્લેન્ડની મજબૂત ટીમ જાહેર



(એજન્સી) લંડન । તા. 23

આગામી સમયમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી રોમાંચક પાંચ મેચોની T20 સિરીઝ માટે ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે ૧૭ સભ્યોની પોતાની શક્તિશાળી ટીમને આખરી ઓપ આપી દીધો છે. આ સિરીઝનો પ્રારંભ ૧ જુલાઈથી ચેસ્ટર-લે-સ્ટ્રીટમાં થશે અને તેની અંતિમ મેચ ૧૧ જુલાઈએ સાઉથહેમ્પટનમાં રમાશે. આ સિરીઝ ખાસ કરીને ભારતીય ટીમના ૧૫ વર્ષીય યુવા સનસનાટી વૈભવ સૂર્યવંશીના પદાર્પણ અને તેમના પ્રદર્શન પર નજર રાખવા માટે ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્કંઠા જગાવી રહી છે. ઈંગ્લેન્ડના પસંદગીકારોએ આ વ્હાઈટ-બોલ સિરીઝ માટે અનુભવી સ્ટાર બેટર હેરી બ્રૂક પર ફરી એકવાર ભરોસો મૂકીને તેમને ટીમની કપ્તાની સોંપી છે. આ સ્ક્વોડમાં સૌથી મોટું આકર્ષણ ૨૨ વર્ષીય યુવા ઓલરાઉન્ડર જેમ્સ કોલ્સ છે, જેને પ્રથમ વખત રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું છે. જેમ્સ કોલ્સનું સિલેક્શન અત્યારે સમગ્ર ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યું છે. સસેક્સ વતી રમતા કોલ્સે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં ગ્લેમોર્ગન સામે અણનમ ૨૨૪ રનની તોફાની ઈનિંગ્સ રમીને પોતાની ક્ષમતાનો સચોટ પુરાવો આપ્યો હતો. જેમ્સ કોલ્સ ઉપરાંત ટીમમાં અનેક પ્રતિભાશાળી ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેઓ બેટિંગ અને બોલિંગ બંનેમાં ટીમનું સંતુલન જાળવી શકે તેમ છે.

# ફિફા વર્લ્ડ કપ 2026: લિયોનેલ મેસીએ રચ્યો ઈતિહાસ

(એજન્સી) ટેક્સાસ (યુએસ) । તા. 23

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસીએ ફૂટબોલની દુનિયામાં એક નવો ઈતિહાસ રચ્યો છે. ઓસ્ટ્રિયા સામેની નિર્ણાયક મેચમાં બે ગોલ ફટકારીને મેસી પુરુષોના ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગયા છે. આ સાથે જ તેમના વર્લ્ડ કપમાં કુલ ૧૮ ગોલ થઈ ગયા છે, જે જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના ૧૬ ગોલના અગાઉના રેકોર્ડ કરતાં બે વધુ છે. આ સિદ્ધિ તેમના ૩૯મા જન્મદિવસના એક દિવસ પહેલા પ્રાપ્ત થઈ છે.

મેસીએ આ મેચની ૩૮મી મિનિટે પ્રથમ ગોલ કરીને ક્લોઝના રેકોર્ડની બરાબરી કરી હતી અને ત્યારબાદ ઈન્જરી ટાઈમની ૯૫મી મિનિટે બીજો ગોલ કરીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ ટોચ પર અંકિત કર્યું હતું. મેસી હવે વર્લ્ડ કપના ઈતિહાસમાં સતત છ મેચમાં ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં જસ્ટ ફોન્ટેન અને જેયરઝિન્હોની સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને પહોંચી ગયા છે. આ ટૂર્નામેન્ટમાં પણ મેસી બે મેચમાં પાંચ ગોલ સાથે ટોપ સ્કોરરની યાદીમાં મોખરે છે.



મેચની શરૂઆત મેસી માટે થોડી નિરાશાજનક રહી હતી, કારણ કે ૬ઠ્ઠી મિનિટે તેમણે મળેલી પેનલ્ટી ગુમાવી હતી. જોકે, ટીમ મેનેજમેન્ટ અને મુખ્ય કોચ લિયોનેલ સ્કાલોનીની રણનીતિ તથા સબસ્ટિટ્યૂટ ખેલાડીઓના ફ્રેશ પગલાંએ આર્જેન્ટિનાને ફરી ગેમમાં પાછા લાવ્યું. ઓસ્ટ્રિયાના મજબૂત ડિફેન્સ સામે આર્જેન્ટિનાએ અંત સુધી ટકી રહીને ૨-૦થી જીત મેળવી. આ વિજય સાથે આર્જેન્ટિના ગ્રુપ-જેમાં ૬ પોઈન્ટ સાથે ટોપ પર પહોંચી ગયું છે અને લાસ્ટ ૩૨માં સ્થાન નિશ્ચિત કર્યું છે.

પોતાના આ રેકોર્ડ વિશે વાત કરતા મેસીએ અત્યંત વિનમ્રતાથી જણાવ્યું હતું કે, "હું અત્યારે જૂના રેકોર્ડ્સ વિશે નથી વિચારવા માંગતો. હું ખૂબ થાકેલો છું અને આ ક્ષણને મારા સાથી ખેલાડીઓ સાથે માણવા માંગુ છું. હું માત્ર એટલું જોવા માંગુ છું કે અમે સાથે મળીને કેટલે દૂર જઈ શકીએ છીએ." મેસીની આ સિદ્ધિએ તેમને ત્રણ અલગ-અલગ વર્લ્ડ કપમાં ૪ કે તેથી વધુ ગોલ કરનાર બીજા ખેલાડી પણ બનાવ્યા છે. ફૂટબોલ જગત માટે આ ક્ષણ કોઈ જાદુથી ઓછી નથી.

# ફિફા વર્લ્ડ કપમાં નોર્વેની આશા પર આર્લિંગ હાલેન્ડનું નિવેદન

## આર્લિંગ હાલેન્ડ નિવેદન થી ખળભળાટ

(એજન્સી) ઓસ્લો । તા. 23



ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં ફૂટબોલ જગતના સ્ટાર ખેલાડી આર્લિંગ હાલેન્ડની આગેવાની હેઠળની નોર્વેની ટીમે નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ કરીને સૌ કોઈને પ્રભાવિત કર્યા છે. જોકે, ટીમની સફળતા બાદ પણ હાલેન્ડે અત્યંત પરિપક્વતા અને સંતુલિત અભિગમ અપનાવ્યો છે. પોતાની ટીમના આગળના સફર અને કપ જીતવાની આશાઓ અંગે વાત કરતા તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, "ચાલો વાસ્તવિક બનીએ." હાલેન્ડનું આ નિવેદન દર્શાવે છે કે તેઓ જમીન સાથે જોડાયેલા રહીને આગળની મેચો માટે પોતાની રણનીતિ ઘડવા માંગે છે.

ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી નોર્વેએ જે રીતે પ્રદર્શન કર્યું છે, તેણે વિશ્વના ફૂટબોલ પ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે. હાલેન્ડની ગોલ કરવાની ક્ષમતા અને ટીમના સમૂહ પ્રયાસોને લીધે નોર્વેએ મુશ્કેલ ગ્રુપ સ્ટેજ પાર કરીને નોકઆઉટ તબક્કામાં સ્થાન મેળવ્યું છે. હાલેન્ડ માને છે કે ટૂર્નામેન્ટનો આગામી તબક્કો વધુ પડકારજનક હોઈ શકે છે, તેથી ટીમે દરેક મેચને અલગ રીતે જોવી પડશે. તેમના મતે, અત્યારે માત્ર આગામી પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવું એ જ સફળતાની ચાવી છે.

આર્લિંગ હાલેન્ડનું આ વલણ દર્શાવે છે કે તે ખૂબ જ ગંભીર છે અને ટૂર્નામેન્ટમાં કોઈપણ પ્રકારની અતિશય આશા કે દબાણ વગર પોતાની રમત રમવા માંગે છે. નોર્વેના ચાહકો માટે તેમની ટીમે જે રીતે વર્લ્ડ કપમાં વાપસી કરી છે તે ગૌરવની વાત છે. ફૂટબોલ નિષ્ણાતોનું માનવું છે કે હાલેન્ડનું આ વાસ્તવિક વલણ ટીમની અંદર આત્મવિશ્વાસ જાળવી રાખવામાં મદદરૂપ થશે. ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં હવે નોકઆઉટ મેચોનો ધમધમાટ શરૂ થવા જઈ રહ્યો છે, જ્યાં નોર્વેની ટીમ પોતાની ક્ષમતા સાબિત કરવા માટે પૂરેપૂરી તૈયાર જણાય છે. સમગ્ર ફૂટબોલ જગતની નજર હવે નોર્વેના આગામી પ્રદર્શન પર છે કે શું તેઓ આ આત્મવિશ્વાસ સાથે ટૂર્નામેન્ટમાં લાંબી મજલ કાપી શકશે કે નહીં.

તૈયારીઓ પૂર્ણ // પ્રો લીગ પ્રમોશન સાથે ભારત વિજેતા, એફઆઈએચ નેશન્સ કપમાં ભારતની જીત

# ભારતીય મહિલા હોકી ટીમે નેશન્સ કપ જીત્યો

(એજન્સી) ઓકલેન્ડ । તા. 23



ભારતીય મહિલા હોકી ટીમે ન્યુઝીલેન્ડના ઓકલેન્ડ ખાતે રમાયેલી એફઆઈએચ (FIH) હોકી વુમન્સ નેશન્સ કપમાં ઈતિહાસ રચતા ભવ્ય ટાઈટલ જીત્યું છે. રોમાંચક ફાઈનલ મુકાબલામાં ભારતે યજમાન ન્યુઝીલેન્ડને ૨-૦થી પરાજય આપીને વિજયનો ઝંડો લહેરાવ્યો હતો. આ ઐતિહાસિક જીત સાથે ભારતીય ટીમ માટે આગામી સીઝનની એફઆઈએચ પ્રો લીગમાં પ્રમોશનનો માર્ગ પણ મોકળો થયો છે.

ભારતીય ટીમ આ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અજેય રહી હતી. પૂલ સ્ટેજમાં અમેરિકા, જાપાન અને ઉરુગ્વે જેવી ટીમોને હરાવીને ભારતે પોતાની દમદાર રમતનું પ્રદર્શન કર્યું હતું. સેમીફાઈનલમાં ચિલીને પરાસ્ત કર્યા બાદ ફાઈનલમાં પણ ભારતનું વર્ચસ્વ જોવા મળ્યું હતું. ફાઈનલ મેચની શરૂઆતમાં જ ચોથી મિનિટે નવનીત કૌરે અને ૧૫મી મિનિટે સુનિતા ટોપ્પોએ ગોલ કરીને ભારતને મજબૂત સ્થિતિમાં મૂકી દીધું હતું. અંત સુધી આ લીડ જાળવી રાખી ભારતે ટાઈટલ પોતાના નામે કર્યું હતું. સ્ટ્રાઈકર લાલરેમસિયામીને તેની ઉત્કૃષ્ટ રમત માટે 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી, જ્યારે ડ્રેગ-ફ્લિકર દીપિકા છ ગોલ સાથે ટુર્નામેન્ટની સંયુક્ત ટોચની સ્કોરર બની હતી.

ટીમની આ શાનદાર સફળતાને બિરદાવતા હોકી ઈન્ડિયાએ ઈનામોની જાહેરાત કરી છે. દરેક ખેલાડીને ૩ લાખ રૂપિયા અને સપોર્ટ સ્ટાફના દરેક સભ્યને ૧.૫ લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

મુખ્ય કોચ સ્યોર્ડ મારિન આ જીતથી ખૂબ જ ઉત્સાહિત છે. તેમણે જણાવ્યું કે, "અમે પ્રથમ વખત એક ટીમ તરીકે ટુર્નામેન્ટ અને ફાઈનલ જીત્યા છીએ, જે અમારા માટે ખૂબ મહત્વનું છે. અમે વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં ઈંગ્લેન્ડ સામે મળેલી હાર બાદ ફાઈનલ કેવી રીતે જીતવી તે શીખ્યા છીએ. અમારો રક્ષણાત્મક વિભાગ ખૂબ જ મજબૂત અને વ્યવસ્થિત રહ્યો છે." કેપ્ટન સલીમા ટેટે ટીમના મનોબળ વિશે વાત કરતા કહ્યું કે, "અમે ટ્રોફી ઘરે લઈ જવાના સ્પષ્ટ લક્ષ્ય સાથે મેદાનમાં ઉતર્યા હતા. આ વિજયથી આગામી વર્લ્ડ કપ માટે અમારો આત્મવિશ્વાસ અનેકગણો વધી ગયો છે. પ્રો લીગમાં સ્થાન મેળવવું એ અમારું મુખ્ય લક્ષ્ય હતું, જે અમે સિદ્ધ કર્યું છે."

મેનેજમેન્ટની કામગીરી પર ઉઠ્યા સવાલ

# નાઈટ ક્લબ વિવાદ બાદ બેન સ્ટોક્સની કેપ્ટન તરીકે વાપસી

(એજન્સી) લંડન । તા. 23

ન્યૂઝીલેન્ડ સામેની મહત્વપૂર્ણ ત્રીજી ટેસ્ટ મેચ પૂર્વે ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમમાં ફરી એકવાર સુખદ સંચાર થયો છે. નાઈટ ક્લબ વિવાદમાં ક્લીન ચિટ મળ્યા બાદ કેપ્ટન બેન સ્ટોક્સ અને ફાસ્ટ બોલર ગસ એટકિન્સનનું ટીમમાં પુનરાગમન થયું છે. સ્ટોક્સ ફરી એકવાર ટીમની કમાન સંભાળશે અને ટ્રેન્ટ બ્રિજ ટેસ્ટમાં ઉપલબ્ધ રહેશે. જોકે, આ વાપસી સાથે જ ટીમ મેનેજમેન્ટ અને ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) ની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલો ઊભા થયા છે. આ સમગ્ર ઘટનાક્રમે મેનેજમેન્ટ અને ખેલાડીઓ વચ્ચેના અંતરને સ્પષ્ટ કરી દીધું છે. જ્યારે બીજી ટેસ્ટમાં સ્ટોક્સને બહાર કરાયા ત્યારે કોચ બ્રેન્ડન મેકકુલમે તેમની સ્થિતિને લઈને ચિંતા વ્યક્ત કરી હતી, પરંતુ તરત જ સ્ટોક્સનું કાઉન્ટી ક્રિકેટ રમવું એ એક મોટા આશ્ચર્ય સમાન હતું. પૂર્વ દિગ્ગજ કેપ્ટન એલિસ્ટર કુકે આ બાબતે પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે, બોર્ડનું નેતૃત્વ ક્યાં છે? જવાબદારી કોણ સ્વીકારશે? માઈકલ વોને પણ આકરા પ્રહારો કરતા કહ્યું છે કે બોર્ડમાં બેઠેલા શક્તિશાળી લોકો સ્ટોક્સની કેપ્ટનશીપથી ખુશ નહોતા.

### હાસ્યાસ્પદ બન્યો કર્ફ્યૂ વિવાદ



વિવાદનો સૌથી મોટો નબળો મુદ્દો 'કર્ફ્યૂ' નિયમો રહ્યા છે. બોર્ડ દ્વારા શરૂઆતમાં કર્ફ્યૂના ઉલ્લંઘનનો આરોપ મુકાયો હતો, પરંતુ બાદમાં ખુલાસો થયો કે ખેલાડીઓને આવા કોઈ લેખિત નિયમોની જાણ જ નહોતી! કોચ મેકકુલમે આ લાપરવાહીનો સ્વીકાર કરતા ભવિષ્યમાં વધુ પ્રોફેશનલ બનવાનું વચન આપ્યું છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરની ઈંગ્લિશ ટીમમાં વહીવટી લાપરવાહી ચરમસીમાએ છે.

### અપર્ણા રાજેની વોર્ડ-1 કાઉન્સિલમાં જીત, વોશિંગ્ટન ડીસીની ચૂંટણીમાં ભારતીયનો ડંકો

# વોશિંગ્ટનમાં ભારતીય અપર્ણા રાજે ચૂંટણી જીત્યા



(એજન્સી) વોશિંગ્ટન । તા. 23

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં રાજકીય ગલીઓમાં એક ગુજરાતી મૂળની ભારતીય દીકરીએ ઈતિહાસ રચ્યો છે. બિનનિવાસી ભારતીય પરિવારની પુત્રી અપર્ણા રાજેએ વોશિંગ્ટન ડીસીની પ્રતિષ્ઠિત વોર્ડ-૧ કાઉન્સિલ સીટ માટે યોજાયેલી ડેમોક્રેટિક પ્રાઈમરી ચૂંટણીમાં ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે. રાજકારણમાં પહેલીવાર ઝંપલાવનાર ૩૨ વર્ષીય અપર્ણા રાજેની આ જીતને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે આ વિજય સાથે તેઓ છેલ્લા ત્રણ દાયકામાં વોર્ડ-૧ ના પ્રતિનિધિ તરીકે પસંદ થનારા સૌથી યુવાન સભ્ય બનવાની તૈયારી કરી રહ્યા છે.

રેન્કડ ચોઈસ વોટિંગ સિસ્ટમ હેઠળ યોજાયેલી મતગણતરીમાં અપર્ણા રાજેએ શરૂઆતથી જ પોતાની પકડ મજબૂત બનાવી રાખી હતી. મતગણતરીના ચોથા રાઉન્ડના અંતે તેમને ૫૨ ટકા જેટલા નિર્ણાયક મત મળ્યા હતા. તેમણે આ ચૂંટણીમાં અન્ય પાંચ પ્રતિસ્પર્ધી ઉમેદવારોને પરાજય આપીને વોર્ડ-૧ ની કાઉન્સિલ સીટ પોતાના નામે કરી છે. આ વોર્ડમાં કોલંબિયા હાઈટ્સ, એડમ્સ મોર્ગન, માઉન્ટ પ્લેઝન્ટ, શો, યૂ સ્ટ્રીટ, પાર્ક વ્યૂ, કાલોરમા અને લેડ્રોઈટ પાર્ક જેવા જાણીતા વિસ્તારોનો સમાવેશ થાય છે, જે વોશિંગ્ટનના રાજકીય માળખામાં અત્યંત મહત્ત્વ ધરાવે છે.

અપર્ણા રાજે પોતે એક પ્રગતિશીલ નીતિ નિર્ધારક જૂથમાં સંચાર વ્યવસ્થાપક તરીકે કાર્યરત છે. તેમની રાજકીય સફરની શરૂઆત જ એક સામાન્ય આયોજક તરીકે ભાડૂઆતોના હકો માટે લડવાથી થઈ હતી. અપર્ણા સ્વયં ભાડાના મકાનમાં રહેતા હોવાથી સામાન્ય જનતા અને ભાડૂઆતોની મુશ્કેલીઓને નજીકથી અનુભવે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે વારંવાર ભાર મૂક્યો હતો કે સ્થાનિક સરકારમાં ભાડૂઆતોનું પ્રતિનિધિત્વ અત્યંત ન્યૂનતમ છે. તેમણે જણાવ્યું હતું કે, "વર્તમાન કાઉન્સિલમાં ખૂબ ઓછા સભ્યો ભાડૂઆત છે, જેથી ભાડૂઆતોની અસ્થિરતા અને તેમની દૈનિક તકલીફોને સમજવા વાળું કોઈ નથી."

પોતાના પ્રચાર અભિયાનમાં અપર્ણા રાજેએ મોંઘવારી, આવાસની સમસ્યા અને નોકરિયાત મધ્યમવર્ગીય પરિવારોને સમર્થન આપવાના મુદ્દાઓને કેન્દ્રમાં રાખ્યા હતા. તેમની મુખ્ય યોજનાઓમાં ભાડા પર યોગ્ય નિયંત્રણ, ફ્રી ચાઈલ્ડકેર (બાળકોની દેખભાળ) ની સુવિધા અને લઘુત્તમ વેતન વધારીને પ્રતિ કલાક ૨૫ ડોલર સુધી પહોંચાડવાનો સમાવેશ થાય છે. સામાન્ય માણસની સાથે જોડાયેલા આ મુદ્દાઓએ મતદારોના હૃદય જીતવામાં મોટી ભૂમિકા ભજવી છે.

મીડિયા અહેવાલ અનુસાર, વોર્ડ-૧ ના રહીશો લાંબા સમયથી એવા પ્રતિનિધિની શોધમાં હતા જે તેમની સ્થાનિક સમસ્યાઓને ઉકેલવામાં સક્ષમ હોય. અપર્ણા રાજેના વિજય બાદ હવે સ્થાનિક સ્તરે નીતિઓમાં મોટા ફેરફારોની આશા સેવાઈ રહી છે.

### તાઈવાન રક્ષણ માટે સજ્જ થયું

# તાઈવાનને ચીનની ઘેરાબંધીથી યુદ્ધનું જોખમ



(એજન્સી) તેઈપી । તા. 23

એશિયાના રાજકારણમાં ફરી એકવાર તણાવનો પારો ગરમ થયો છે. ટાપુ રાષ્ટ્ર તાઈવાનની ચારેબાજુ છેલ્લા કેટલાક મહિનાઓથી ચીનની વધતી જતી સૈન્ય ગતિવિધિઓએ વિશ્વભરમાં ચિંતાનું મોજું ફેલાવી દીધું છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે તેમના દેશની આસપાસ ચીનના ૮ યુદ્ધ જહાજો અને અન્ય સંખ્યાબંધ સરકારી તથા ખાનગી જહાજોએ ઘેરાબંધી કરી લીધી છે. આટલું જ નહીં, ચીનના અત્યાધુનિક યુદ્ધ વિમાનો સતત તાઈવાનની આકાશી સીમાનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

#### ઐતિહાસિક સંદર્ભ અને સંઘર્ષની જડ

આ સંઘર્ષની પૃષ્ઠભૂમિ ૨ ઓક્ટોબર ૧૯૪૯ના રોજ ચીનમાં થયેલી સામ્યવાદી ક્રાંતિ સાથે જોડાયેલી છે. જ્યારે માઓ-ત્સે-તુંગ અને તેમના સાથીઓએ સમગ્ર ચીન પર કબજો જમાવ્યો, ત્યારે તત્કાલીન શાસક 'ક્વોમિન્ટાંગ' પાર્ટીના નેતાઓ ડૉ. સોન-યાન-સેન અને ચ્યાંગ કાઈ-શેક ચીન છોડીને તાઈવાન ચાલ્યા ગયા હતા. ત્યારથી ત્યાં 'રિપબ્લિક ઓફ ચાઈના'ની સ્થાપના થઈ. તે સમયે અમેરિકી નૌકાદળની હાજરીને કારણે માઓ તાઈવાન પર કબજો જમાવી શક્યા નહોતા. ઈતિહાસ પર નજર કરીએ તો, ૧૮૯૬થી ૧૯૪૫ સુધી તાઈવાન જાપાનના કબજામાં હતું અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાનની હાર બાદ અમેરિકાએ તાઈવાનને ટેકો આપ્યો હતો. તાઈવાનના નાગરિકો પોતે હાન વંશી હોવા છતાં પોતાને ચીની કહેવાને બદલે ગર્વથી 'તાઈવાનીઝ' ઓળખ આપવાનું પસંદ કરે છે.

વિશ્વના મોટાભાગના દેશો 'વન ચાઈના પોલિસી'નું પાલન કરે છે, જેના કારણે ભારત સહિતના ઘણા દેશોના તાઈવાન સાથે સીધા રાજદ્વારી સંબંધો નથી.

#### ચીનનો આક્રમક ઈરાદો

ચીન દાયકાઓથી તાઈવાનને પોતાનો અભિન્ન હિસ્સો ગણાવતું આવ્યું છે, જ્યારે તાઈવાન પોતાને એક સ્વતંત્ર અને લોકશાહી દેશ માને છે. ચીનના વર્તમાન પ્રમુખ શી જિનપિંગના શાસન હેઠળ તાઈવાનને કોઈપણ ભોગે ચીન સાથે જોડી દેવાની નેમ વ્યક્ત કરવામાં આવી રહી છે. નિષ્ણાતોના મતે, શી જિનપિંગ પોતાના કદને માઓ-ત્સે-તુંગ કરતા પણ મહાન સાબિત કરવા માટે તાઈવાન પર કબજો મેળવવા આતુર છે. જોકે, તાઈવાનની સેના પણ ચીની હરકતો પર સતત બાજ નજર રાખી રહી છે અને કોઈપણ પ્રકારના આક્રમણનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર હોવાનો દાવો કર્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, આ દેશો તાઈવાનમાં પોતાના રાજદૂતો મોકલતા નથી કે ત્યાંના રાજદૂતોને સત્તાવાર રીતે સ્વીકારતા નથી. જોકે, વ્યાપારી અને શૈક્ષણિક જરૂરિયાતો માટે આ દેશો ઓફિસો ચલાવે છે. નવાઈની વાત એ છે કે, આ શૈક્ષણિક ઓફિસોમાં તહેનાત પ્રોફેસરો અને અર્થશાસ્ત્રીઓ વ્યવહારિક રીતે રાજદૂતોની ભૂમિકા ભજવીને બંને દેશો વચ્ચે સેતુ તરીકે કામ કરે છે. તાઈવાનની આસપાસ ચીનની આ સૈન્ય ઘેરાબંધી માત્ર એક કવાયત નથી, પરંતુ એક મોટું યુદ્ધનું જોખમ સૂચવે છે. ચીન સતત દબાણ બનાવીને તાઈવાનના આત્મવિશ્વાસને તોડવાનો પ્રયાસ કરી રહ્યું છે. તાઈવાનના સંરક્ષણ દળોનું કહેવું છે કે તેઓ કોઈ પણ ભોગે પોતાની આઝાદી અને સાર્વભૌમત્વની રક્ષા કરશે. હાલના સમયમાં સમગ્ર વિશ્વની નજર આ વિસ્તાર પર ટકેલી છે, કારણ કે તાઈવાનમાં જરા પણ અસ્થિરતા વૈશ્વિક અર્થતંત્ર અને ભૌગોલિક રાજનીતિ માટે મોટી આફત નોતરી શકે તેમ છે.

## ન્યૂઝ બ્રીફ

### વ્હોટ્સએપ ગ્લોબલ હેડ તરીકે કુણાલ શાહની ભવ્ય નિમણૂક



કેલિફોર્નિયા | ભારતીય સ્ટાર્ટઅપ જગત માટે એક અભૂતપૂર્વ ગૌરવપૂર્ણ ક્ષણ ત્યારે આવી જ્યારે સોશિયલ મીડિયા દિગ્ગજ મેટાએ ભારતીય ફિનટેક ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગસાહસિક કુણાલ શાહને વ્હોટ્સએપના નવા 'ગ્લોબલ હેડ' તરીકે નિયુક્ત કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. મેટા દ્વારા આ સાથે જ તેમની કંપનીમાં અંદાજે રૂ. ૮,૫૦૦ કરોડનું માતબર રોકાણ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ વ્યૂહાત્મક નિર્ણય બાદ કુણાલ શાહ હવે મેટાના વૈશ્વિક સંચાલનમાં મુખ્ય ભૂમિકા ભજવશે. મેટાના વડા માર્ક ઝકરબર્ગે તેમને 'બિલ્ડર મેન્ટાલિટી' ધરાવતા વિઝનરી નેતા ગણાવ્યા છે. મુંબઈના એક સામાન્ય ગુજરાતી પરિવારમાં જન્મેલા કુણાલ શાહની સફર અત્યંત સંઘર્ષમય રહી છે. આર્થિક સંકડામણ વચ્ચે મહેંદીના કોન વેચવાથી લઈને ટ્યુશન આપવા સુધીનું કામ તેમણે નાની વયે કર્યું હતું. એમબીએનો અભ્યાસ અધવચ્ચે છોડ્યા બાદ, તેમણે ટેકનોલોજી ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી.

### બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે આખરે પદ પરથી રાજીનામું આપ્યું



લંડન | બ્રિટનના રાજકીય ક્ષેત્રે આજે એક મોટો ધરતીકંપ આવ્યો છે, જ્યારે દેશના વડાપ્રધાન કીર સ્ટાર્મરે સત્તાવાર રીતે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. પોતાની જ પાર્ટી લેબર પાર્ટીમાં વધતા જતા આંતરિક દબાણને પગલે સ્ટાર્મરે વડાપ્રધાન પદની સાથે સાથે પાર્ટીના નેતા પદેથી પણ રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. તેમણે સોમવારે સવારે ૧૦, ડાઉનીંગ સ્ટ્રીટ ખાતેથી પોતાના રાજીનામાની પુષ્ટિ કરતા દેશના નાગરિકોને સંબોધ્યા હતા. પોતાના સંબોધનમાં સ્ટાર્મરે ખૂબ જ ભાવુક થઈને જણાવ્યું હતું કે, તેમણે જે પણ નિર્ણયો લીધા છે તે હંમેશા યુનાઈટેડ કિંગડમના હિતમાં જ લીધા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સોમવારે સવારે જ તેમણે કિંગ ચાર્લ્સ થર્ડને પોતાના આ આકસ્મિક નિર્ણય વિશે સત્તાવાર જાણ કરી દીધી છે. બ્રિટિશ વડાપ્રધાન બનવું એ તેમના જીવનની સૌથી ગૌરવપૂર્ણ ક્ષણ હતી, તેમ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે, તેઓ સત્તાનું સુવ્યવસ્થિત અને શાંતિપૂર્ણ હસ્તાંતરણ થાય તે સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે.

### કતાર ગેસ પ્લાન્ટ બ્લાસ્ટમાં ભારતીય નાગરિકો

# કતાર ગેસ પ્લાન્ટ બ્લાસ્ટમાં 12 ભારતીયોના મોત, રાસ લફાન દુર્ઘટનામાં 12 ભારતીય ગુમાવ્યા જીવ



(એજન્સી) દોહા । તા. 23

કતારના અત્યંત વ્યસ્ત અને મહત્વપૂર્ણ રાસ લફાન લિક્વિફાઈડ નેચરલ ગેસ સંકુલમાં આવેલી બારઝાન ગેસ સપ્લાય પ્લાન્ટમાં ગત રાત્રે એક અત્યંત ભીષણ વિસ્ફોટ થતાં સમગ્ર વિસ્તાર હચમચી ઉઠ્યો છે. આ કરુણ દુર્ઘટનામાં ૧૨ ભારતીય નાગરિકો સહિત કુલ ૧૩ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે ૬૬ જેટલા કર્મચારીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ વિસ્ફોટની તીવ્રતા એટલી પ્રચંડ હતી કે તેના આંચકા ૭૦ કિલોમીટર દૂર સુધી અનુભવાયા હતા, જેના કારણે રાજધાની દોહામાં પણ લોકો ફફડી ઉઠ્યા હતા.

આ ગમગીન ઘટના અંગે માહિતી આપતા કતારના ઊર્જા મંત્રી અને કતાર એનર્જીના મુખ્ય કારોબારી અધિકારી સાદ અલ-કાબીએ પત્રકાર પરિષદમાં દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે આ દુર્ઘટનાને એક ટેકનિકલ અકસ્માત ગણાવ્યો છે. મંત્રીએ અત્યંત ભાવુક સ્વરે જણાવ્યું હતું કે, "આજે મારા જીવનનો સૌથી કઠિન દિવસ છે. મારે ૧૩ નિર્દોષ જીવોના અવસાનની જાહેરાત કરવી પડી રહી છે, જેઓ ભારતીય અને પાકિસ્તાની મૂળના હતા. આ ઘટનામાં ૬૬ લોકો ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક તબીબી સહાય આપવામાં આવી રહી છે. સદનસીબે, હાલ કોઈની પણ સ્થિતિ જીવલેણ નથી." સરકારે આ સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપી દીધા છે.

#### દોહા સુધી અનુભવાયો વિસ્ફોટનો આંચકો

રાસ લફાન ઈન્ડસ્ટ્રિયલ સિટીમાં થયેલા આ બ્લાસ્ટની અસર ખૂબ જ દૂર સુધી જોવા મળી હતી. ૭૦ કિલોમીટર દૂર આવેલા દોહા શહેરમાં પણ મકાનોના બારી-બારણાં ધ્રૂજી ઉઠ્યા હતા, જેના કારણે નાગરિકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. જોકે, ઊર્જા મંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે આ અકસ્માતને કારણે પર્યાવરણને કોઈ પણ પ્રકારનું નુકસાન થયું નથી અને કતારની વૈશ્વિક ગેસ નિકાસ કામગીરી અબાધિત રહેશે.

#### ભારતીય દૂતાવાસ દ્વારા રાહત કામગીરી

દોહા સ્થિત ભારતીય દૂતાવાસે આ દુર્ઘટના પર ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. દૂતાવાસના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેઓ ઘટના સ્થળે સતત સંપર્કમાં છે અને અસરગ્રસ્ત ભારતીય પરિવારોને તમામ શક્ય મદદ પૂરી પાડવા માટે કાર્યરત છે. મીડિયા અહેવાલ મુજબ, મૃતકોના મૃતદેહોને સ્વદેશ લાવવાની પ્રક્રિયા અને ઈજાગ્રસ્તોની સારવાર માટે સરકાર વતી તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

#### યુદ્ધની અસરો અને પ્લાન્ટની સ્થિતિ

આ પ્લાન્ટ તાજેતરમાં જ ઈરાન સાથેના સંઘર્ષ દરમિયાન મિસાઈલ હુમલાનો શિકાર બન્યો હતો, જેના કારણે તેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખોરવાઈ ગયું હતું. યુદ્ધની અસરોમાંથી રિકવર થઈ રહેલા આ એકમને ડિસેમ્બર ૨૦૨૫થી સમારકામ અર્થે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યો હતો. આઘાતજનક બાબત એ છે કે, દુર્ઘટનાના માત્ર બે દિવસ પહેલા જ પ્લાન્ટનું કામકાજ ફરીથી શરૂ કરવામાં આવ્યું હતું, ત્યાં જ આ અણધારી આફત ત્રાટકી. મીડિયા અહેવાલ અનુસાર, તકનીકી ખામી કે માનવીય ભૂલ, તે દિશામાં હાલમાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

#### તપાસ અને સુરક્ષાના સવાલો

આ અકસ્માત બાદ સમગ્ર કતારમાં ઔદ્યોગિક સુરક્ષા અંગે મોટા પ્રશ્નો ઉભા થયા છે. જે પ્લાન્ટ પર વિશ્વના ઘણા દેશોની ઉર્જા સુરક્ષા નિર્ભર છે, ત્યાં આ પ્રકારની ખામી કેવી રીતે રહી ગઈ? તે તપાસનો વિષય છે. નિષ્ણાતો માની રહ્યા છે કે લાંબા સમય સુધી બંધ રહ્યા બાદ પ્લાન્ટ ફરી શરૂ કરતી વખતે કદાચ સુરક્ષાના માપદંડોમાં ક્યાંક ચૂક રહી ગઈ હોય શકે છે. હાલ તો મૃતકોના પરિવારજનોમાં ભારે આક્રંદ છવાયો છે અને સમગ્ર વિશ્વની નજર આ તપાસના અહેવાલ પર ટકેલી છે.

# એન્ટી-ડમ્પિંગ ડ્યુટી દ્વારા સ્થાનિક ઉદ્યોગોને નવું સંરક્ષણ, વિદેશી કેમિકલ આયાત પર અંકુશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ભારત સરકારે સ્થાનિક ઉદ્યોગોના હિતોનું રક્ષણ કરવા માટે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લેતા ચીન, અમેરિકા અને યુરોપિયન યુનિયન (EU) માંથી આયાત થતા ખાસ કેમિકલ 'સલ્ફેનામાઈડ્સ એક્સેલરેટર્સ' પર આગામી પાંચ વર્ષ માટે એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લાદી દીધી છે. રબર અને ટાયર ઉદ્યોગમાં મોટા પાયે વપરાતા આ કેમિકલને વિદેશી દેશો દ્વારા ભારતીય બજારમાં વાજબી કિંમત કરતા ઘણી ઓછી કિંમતે ઠાલવવામાં આવતું હતું, જેના કારણે ભારતીય ઉત્પાદકો ભારે સ્પર્ધાનો સામનો કરી રહ્યા હતા અને તેમને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું હતું.

વાણિજ્ય મંત્રાલયની શાખા 'ડાયરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ' (DGTR) ની ભલામણના આધારે નાણા મંત્રાલયે આ ડ્યુટી જાહેર કરી છે, જે $75 પ્રતિ ટનથી લઈને $1,748 પ્રતિ ટન સુધીની રહેશે. આટલું જ નહીં, સરકારે ચીનથી આવતા 'પોલીઈથિલિન ટેરેફ્થલેટ રેઝિન' પર પણ આગામી પાંચ વર્ષ માટે $200.66 પ્રતિ ટનની ડ્યુટી લગાવી છે. આ ઉપરાંત, ચીન, મલેશિયા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાથી આવતી એલ્યુમિનિયમ ફોઈલ પરની ડ્યુટી પણ ૧૫ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. સરકારના આ પગલાનો મુખ્ય હેતુ બજારમાં ન્યાયી વેપાર પ્રથાઓ સુનિશ્ચિત કરવાનો અને વિદેશી નિકાસકારો સામે સ્થાનિક ઉત્પાદકોને સમાન તકો પૂરી પાડવાનો છે. વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) ના બહુપક્ષીય નિયમોને આધીન રહીને આ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસનો ઉદ્દેશ્ય એ જાણવાનો હતો કે શું આ પ્રકારની સસ્તી આયાતમાં અચાનક થયેલો વધારો સ્થાનિક ઉદ્યોગ માટે ખતરો તો નથી બની રહ્યો ને? સરકારે સ્પષ્ટ કર્યું છે.

# કોંગો ઇબોલા સંક્રમણના કેસો 1000ને પાર, ૨૫૪ના મોત, બુંડી-બુગ્યો વિષાણુનો પ્રકોપ

(એજન્સી) લીયોપોલ્ડવિલ । તા. 23

કોંગોના પૂર્વ ક્ષેત્રમાં ઈબોલા વાયરસે અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, ઈબોલાથી સંક્રમિત થયેલા લોકોની સંખ્યા ૧૦૦૦ની મહત્વની સીમાને ઓળંગી ગઈ છે અને અત્યાર સુધીમાં ૨૫૪ લોકોએ આ જીવલેણ રોગને કારણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે. મંત્રાલયના તાજા આંકડાઓ મુજબ, ૧૫ મેના રોજ આ રોગનો પ્રથમ કેસ સામે આવ્યો હતો, ત્યારથી અત્યાર સુધીમાં માત્ર ૧૦૦ દર્દીઓ જ સાજા થઈ શક્યા છે, જ્યારે ૩૬૫ જેટલા દર્દીઓ હજુ પણ વિવિધ સરકારી આરોગ્ય કેન્દ્રોમાં સારવાર હેઠળ છે.



તબીબી નિષ્ણાતોના મતે, આ રોગ પાછળનું કારણ અત્યંત દુર્લભ ગણાતો 'બુંડી-બુગ્યો' વિષાણુ છે. આ વાયરસ સામે અત્યાર સુધી કોઈ પણ ચોક્કસ રસી કે અસરકારક દવા ઉપલબ્ધ નથી, જે વહીવટીતંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. સ્વાસ્થ્ય અધિકારીઓનું માનવું છે કે વાસ્તવિક સંક્રમિતોની સંખ્યા સત્તાવાર આંકડાઓ કરતા ઘણી વધારે હોઈ શકે છે. આ રોગના ફેલાવાને લઈને સૌથી મોટો ભય એ છે કે તે રોગીના શ્વાસ દ્વારા પણ એકબીજામાં સંક્રમિત થઈ શકે છે, જેના કારણે સીધા સંપર્કમાં ન હોવા છતાં નજીકમાં રહેલા વ્યક્તિઓ પણ ઝડપથી રોગનો શિકાર બની રહ્યા છે.

#### દુર્ગમ વિસ્તારોમાં પડકારરૂપ કામગીરી

કોંગોના વહીવટીતંત્ર માટે સૌથી મોટો પડકાર સંક્રમિતોના સંપર્કમાં આવેલા લોકોને શોધવાનો છે. ભૌગોલિક રીતે આ રોગગ્રસ્ત વિસ્તારો ખૂબ જ દુર્ગમ છે. બરફથી ઢંકાયેલા પર્વતો અને તેની ખીણોમાં આવેલા છૂટાછવાયા નાના-નાના ગામડાઓ સુધી પહોંચવું અને ત્યાં દરેક વ્યક્તિની તપાસ કરવી એ પ્રશાસન માટે અત્યંત મુશ્કેલ કામ છે. અધિકારીઓ શક્ય તમામ પ્રયાસો કરી રહ્યા છે, છતાં રોગનું મોજું ફરી આવવાની ભીતિ સેવાઈ રહી છે. હાલમાં સમગ્ર ક્ષેત્રમાં સ્વાસ્થ્ય ઈમરજન્સી જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ગંભીર તબીબી મદદની જરૂરિયાત ઊભી થઈ છે. તબીબી સૂત્રો દ્વારા સતત લોકોને સાવચેત રહેવા અને લક્ષણો દેખાતાની સાથે જ આરોગ્ય કેન્દ્ર પર જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**સાયબર હુમલો** | ઈમરજન્સી એલર્ટ હેક થતા હડકંપ, બ્રાઝિલમાં સાયબર હુમલાની ઘટના

# બ્રાઝિલમાં એલિયન એટેક મેસેજથી મચી હડકંપ

(એજન્સી) બ્રાઝિલ । તા. 23

બ્રાઝિલના અનેક રાજ્યોમાં શુક્રવારની રાત્રે અને શનિવારની વહેલી સવાર દરમિયાન હજારો નાગરિકોના મોબાઈલ પર એક રહસ્યમય અને ભયાનક મેસેજ આવતા સમગ્ર દેશમાં ભારે હડકંપ મચી ગયો હતો. સરકારી ઈમરજન્સી સિસ્ટમ પર આવેલા આ મેસેજમાં લોકોને એલિયનના હુમલા માટે તૈયાર રહેવાની ચેતવણી આપવામાં આવી હતી, જેણે લાખો લોકોની ઊંઘ ઉડાવી દીધી હતી. જોકે, બાદમાં બ્રાઝિલ સરકારે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારનો એલિયન હુમલો થયો નથી, પરંતુ સરકારી એલર્ટ પ્લેટફોર્મ સાથે સાયબર છેડછાડ કરવામાં આવી છે.



#### મધરાતે આવેલો આ ભયાનક સંદેશ

સામાન્ય રીતે કુદરતી આપત્તિઓ જેવી કે પૂર, ભૂસ્ખલન કે વાવાઝોડાની આગોતરી જાણ કરવા માટે વપરાતી સરકારી સિસ્ટમનો ઉપયોગ કરીને હેકર્સે લોકોમાં ભય ફેલાવ્યો હતો. મિનાસ ગેરેસ રાજ્યની રાજધાની બેલો હોરિઝોન્ટેના નિવાસીઓના મોબાઈલ પર 'એક્સ્ટ્રીમ એલર્ટ' તરીકે એક મેસેજ આવ્યો જેમાં લખ્યું હતું કે, "પોતાનો બચાવ કરો, એલિયનનો હુમલો થયો છે. માનવો, અમે આવી ગયા છીએ." આ સંદેશાએ લોકોમાં એટલો ગભરાટ પેદા કર્યો હતો કે ઘણા પરિવારો રાત્રિના સમયે પોતાનો જીવ બચાવવા સુરક્ષિત સ્થળોની શોધમાં નીકળી પડ્યા હતા. બ્રાઝિલના નેશનલ સિવિલ ડિફેન્સના જણાવ્યા અનુસાર, દેશની સત્તાવાર સિવિલ ડિફેન્સ એલર્ટ સિસ્ટમને કોઈ અજ્ઞાત ત્રીજા પક્ષ એટલે કે હેકર્સ દ્વારા દૂરથી એક્સેસ કરીને આ ફેક મેસેજ ફેલાવવામાં આવ્યા હતા. આ ગંભીર સાયબર સુરક્ષા ભંગના પગલે વહીવટી તંત્ર તાત્કાલિક દોડતું થયું હતું. શનિવારે તડકે ૧:૩૦ વાગ્યે આખી એલર્ટ સિસ્ટમને સાવચેતીના ભાગરૂપે ઓફલાઈન કરી દેવામાં આવી હતી. હાલ ફેડરલ પોલીસ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે અને હેકર્સના પગેરાં શોધવાનો પ્રયાસ કરી રહી છે.

#### અફવા અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત

મધરાતે અચાનક વાગેલી ફોનની ઘંટડીઓ અને આ ભયાનક મેસેજ જોઈને લોકો ડરી ગયા હતા. વાવાઝોડાના મેસેજને સાચો માનીને કેટલાય નાગરિકોએ કંટ્રોલ રૂમ, પોલીસ અને ફાયર બ્રિગેડની ઓફિસોમાં ફોન કરીને સત્ય જાણવાની કોશિશ કરી હતી. અધિકારીઓ માટે આ ફોન કોલ્સની લાઈન ગજવી મૂકવી એક મોટો પડકાર બની ગયો હતો. જોકે, કેટલાક જાગૃત નાગરિકોએ એલિયનની વાત વાંચતા જ તેને મજાક કે હેકિંગ હોવાની શંકા સેવી હતી, જે બાદમાં સત્ય સાબિત થઈ હતી.

# અમેરિકા-ઈરાન સમજૂતીથી ક્રૂડ ઓઈલ નિકાસનો માર્ગ મોકળો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 23

સ્વિટ્ઝરલેન્ડમાં આયોજિત અમેરિકા અને ઈરાન વચ્ચેની ઉચ્ચસ્તરીય મંત્રણામાં એક અત્યંત મહત્વની પ્રગતિ જોવા મળી છે. આ ઐતિહાસિક વાટાઘાટો બાદ અમેરિકાએ ઈરાનને આગામી ૬૦ દિવસ સુધી તેના ક્રૂડ ઓઈલની આંતરરાષ્ટ્રીય બજારમાં વેચાણ કરવા માટે મંજૂરી આપી છે. આ નિર્ણય માત્ર ઈરાન માટે જ નહીં, પરંતુ ભારત જેવા દેશો માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે, કારણ કે તેનાથી વૈશ્વિક ઊર્જા બજારમાં સ્થિરતા આવવાની શક્યતા છે. અમેરિકન ઉપપ્રમુખ જેડી વાન્સે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે બંને દેશો હોર્મુઝ જળમાર્ગને કોઈપણ સંજોગોમાં ખુલ્લો અને સુરક્ષિત રાખવા માટે સંમત થયા છે.

આ મંત્રણાનો વ્યાપ માત્ર પરમાણુ મુદ્દાઓ સુધી સીમિત નથી, પરંતુ તેનો ઉદ્દેશ્ય સમગ્ર પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ સ્થાપવાનો છે. ઈરાન હવે તેના પરમાણુ કાર્યક્રમોની ચકાસણી કરવા માટે આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને પ્રવેશ આપવા માટે તૈયાર થયું છે. આ ઉપરાંત, લેબનોન સંકટને ઉકેલવા અને હીઝબુલ્લાહ દ્વારા ઈઝરાયેલ પર થતા હુમલાઓને રોકવા માટે એક ખાસ 'ડી-એસ્કેલેશન મિકેનિઝમ' તૈયાર કરવામાં આવ્યું છે. વાન્સે સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા આ વાટાઘાટો દરમિયાન અત્યંત સખત વલણ અપનાવી રહ્યું છે અને કોઈપણ સમજૂતી ઈઝરાયેલની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવી રહી છે.

ઈરાનની ફ્રીઝ કરાયેલી સંપત્તિને અનફ્રીઝ કરવાના મુદ્દે સ્પષ્ટતા કરતા જણાવવામાં આવ્યું છે કે, આ નાણાંનો ઉપયોગ ઈરાની નાગરિકોના કલ્યાણ માટે જ કરવામાં આવશે.

## બેઠકોની વહેંચણી પર ભાજપ અને શિંદે સેના આમને-સામને

# ઉદ્ધવ ઠાકરેની પાર્ટી તોડ્યા બાદ શિંદેએ ફડણવીસનું જ ટેન્શન વધાર્યું! મંચ પરથી જ 2029 અંગે મોટી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા 23



મહારાષ્ટ્રના રાજકારણમાં 'ઓપરેશન ટાઈગર' પૂરું થતાંની સાથે જ હવે એ સવાલ તેજ બન્યો છે કે રાજ્યના અસલી ટાઈગર કોણ છે? એકનાથ શિંદેએ જોરદાર શક્તિપ્રદર્શન કરીને ઉદ્ધવ ઠાકરે જૂથના 6 સાંસદોને પોતાની પાર્ટીમાં સામેલ કરી દીધા છે, એટલું જ નહીં તેમના વધુ ત્રણ ધારાસભ્યો પણ શિંદેના સંપર્કમાં હોવાની ચર્ચા છે. જોકે, આ જ મંચ પરથી એકનાથ શિંદેએ એક એવી જાહેરાત કરી દીધી છે જેને દેવેન્દ્ર ફડણવીસ અને મહાયુતિ ગઠબંધન માટે મોટો પડકાર માનવામાં આવી રહ્યો છે. શિંદેએ આ તમામ 6 સાંસદોને પાર્ટીમાં સામેલ કરવાની સાથે જ આગામી ચૂંટણી માટે તેમની ટિકિટ પણ કન્ફર્મ કરી દીધી છે.

વાત માત્ર ટિકિટની નથી, પરંતુ ઓમરાજે નિમ્બાલકરની ધારાશિવ બેઠક, સંજય જાધવની પરભણી અને સંજય દીના પાટિલની ઉત્તર-પૂર્વ મુંબઈ બેઠક હાલ મહાયુતિમાં ભાજપ અને NCPના કબજામાં છે. આ બેઠકો પર ભાજપ મજબૂત હોવા છતાં, એકનાથ શિંદેએ પૂરા આત્મવિશ્વાસ સાથે જાહેરાત કરી છે કે 2029ની લોકસભા ચૂંટણીમાં આ તમામ નેતાઓ શિવસેનાની ટિકિટ પર જ ચૂંટણી લડશે. શિંદેના આ નિર્ણયથી સીધો ભાજપની બેઠકો પર દાવો કરાયો છે, જેના કારણે હવે એ સવાલ ઊભો થયો છે કે શું દેવેન્દ્ર ફડણવીસ આ બેઠકો શિંદે સેનાને આપવા તૈયાર થશે? બીજી તરફ, શિરડીના સાંસદ ભાઉસાહેબ વાકચૌરે શિંદે સેનામાં સામેલ થતાં અને આગામી ચૂંટણી લડવાની જાહેરાત થતાં હવે સદાશિવ લોખંડે શું કરશે તેવો મોટો સવાલ ઊભો થયો છે. હિંગોલીથી જીતેલા હેમંત પાટિલના કિસ્સામાં પણ આવી જ ગૂંચવણ ઊભી થઈ છે, કારણ કે શિંદેએ નાગેશ પાટિલ અષ્ટિકરને 2029 માટે ટિકિટ જાહેર કરીને હેમંત પાટિલ માટે મુશ્કેલીઓ વધારી દીધી છે.એકનાથ શિંદેએ NCPના કબજાવાળી ધારાશિવ બેઠક અને ભાજપના વર્ચસ્વવાળી પરભણી તથા ઉત્તર-પૂર્વ મુંબઈ લોકસભા બેઠક પર પોતાનો દાવો કરીને બંને પક્ષોની ચિંતા વધારી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે ભવિષ્યમાં આ બેઠકોની અદલાબદલી (સીટ શેરિંગ) થશે, કે પછી એકનાથ શિંદેએ માત્ર પક્ષમાં સામેલ થયેલા નવા સાંસદોનો ઉત્સાહ વધારવા માટે જ આ જાહેરાત કરી છે! આ તો આગામી સમય જ બતાવશે.

## અયોધ્યા રામ મંદિર દાન વિવાદ: અખિલેશ યાદવે ભાજપ પર સાધ્યું નિશાન

લખનૌ : અયોધ્યામાં આવેલા શ્રી રામ જન્મભૂમિ મંદિરના નિર્માણ માટે એકત્રિત કરવામાં આવેલા દાનમાં કથિત ગેરરીતિ અને નાણાંની ઉચાપતનો મામલો વધુ ગંભીર બન્યો છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આ અંગે ભાજપ પર તીખા પ્રહાર કરતા આક્ષેપ કર્યો છે કે, જેમ જેમ નવા પુરાવા સામે આવી રહ્યા છે, તેમ તેમ આ મામલાને દબાવવાના પ્રયાસો તેજ બની રહ્યા છે. અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, "બીજી એક પરત ખૂલી છે. જો ભાજપના સભ્યોના આવા 'મહાન પાપો'ની પરતો આ રીતે ઉઘડતી રહેશે, તો 'તપાસ'ને બદલે 'મામલાને દબાવવાનું' કામ વધુ ઝડપથી શરૂ થશે." આ ઉપરાંત, સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે આને 'મોટી લૂંટ' ગણાવીને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માંગ કરી છે. તેમણે કહ્યું કે ૧૫ દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી કોઈ એફઆઈઆર (FIR) નોંધવામાં આવી નથી.

# News Brief

## શિવસેના (UBT)ના ૬ સાંસદોના પક્ષપલટા બાદ મહારાષ્ટ્રમાં રાજકીય ગરમાવો

યવતમાળ : મહારાષ્ટ્રના રાજકારણમાં મોટા પલટા વચ્ચે શિવસેના (UBT) ના ૬ સાંસદોએ એકનાથ શિંદે જૂથની શિવસેનામાં જોડાવાનો નિર્ણય લીધો છે. યવતમાળ-વાશિમના સાંસદ સંજય ઉત્તમરાવ દેશમુખે મંગળવારે પત્રકારો સાથે વાત કરતા દાવો કર્યો હતો કે, તેમના જોડાણ બાદ વાશિમ અને યવતમાળના ૫૦ કોર્પોરેટરોએ પણ શિંદે જૂથમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે.સાંસદ સંજય દેશમુખે સ્પષ્ટતા કરી હતી કે પક્ષ બદલવા પાછળ કોઈ કેન્દ્રીય તપાસ એજન્સીઓનું દબાણ કે નાણાકીય લેવડ-દેવડ નથી. તેમણે કહ્યું કે, "અમે વિકાસના કામો માટે પક્ષ બદલ્યો છે. અમારા મતવિસ્તારમાં ભંડોળના અભાવે અનેક પ્રોજેક્ટ્સ અટકી પડ્યા હતા. ખેડૂતોની આત્મહત્યા જેવી ગંભીર સમસ્યાઓ અને વિકાસના કામો ન થતા હોવાથી લોકોમાં ભારે અસંતોષ હતો. સત્તામાં ન હોવાને કારણે અમે કોઈ પણ કામ કરી શકતા ન હતા, તેથી ૬ સાંસદોએ સામૂહિક નિર્ણય લઈને એકનાથ શિંદેના નેતૃત્વમાં જોડાવાનું નક્કી કર્યું છે."

શિવસેના (UBT) ના સાંસદ સંજય રાઉતે આ સાંસદો પર "૮૫ કરોડ રૂપિયા" લઈને પક્ષ બદલવાનો આક્ષેપ કર્યો હતો. આ આક્ષેપને નકારી કાઢતા દેશમુખે કહ્યું કે, "અમારી પાસે એવી કોઈ સંપત્તિ નથી. આ માત્ર પાયાવિહોણા આક્ષેપો છે. એનડીએ (NDA) પાસે પહેલેથી જ સંખ્યાબળ છે, તેમને અત્યારે કોઈ વધારાના સાંસદોની જરૂર નથી."આ પક્ષપલટામાં સંજય દેશમુખ ઉપરાંત સંજય હરિભાઉ જાધવ, ભાઉસાહેબ રાજારામ વાકચૌરે, ઓમપ્રકાશ ભૂપાલસિંહ નિમ્બાલકર, સંજય દીના પાટીલ અને નાગેશ બાપુરાવ પાટીલ અષ્ટિકર સત્તાવાર રીતે એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા છે.

## ઈન્દોરની ૨૦ વર્ષીય નીટ ઉમેદવારનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ, નર્મદા નદીમાંથી મળ્યો મૃતદેહ

ઈન્દોર : ઈન્દોરની રહેવાસી ૨૦ વર્ષીય નીટ (NEET) ઉમેદવાર નિક્કી યાદવ, જે ૨૧ જૂને પરીક્ષા આપવા ગયા બાદ લાપતા થઈ હતી, તેનો મૃતદેહ ખરગોન જિલ્લાની નર્મદા નદીમાંથી મળી આવતા ખળભળાટ મચી ગયો છે. બ્રિટિશ પાર્ક ફેઝ-૨માં રહેતી નિક્કીના મૃત્યુથી પરિવાર આઘાતમાં છે અને સમગ્ર મામલે તપાસ તેજ કરી દેવામાં આવી છે.નિક્કી યાદવ ૨૧ જૂને નીટની પુનઃપરીક્ષા આપવા માટે મ્હોવ (Mhow) ગઈ હતી. તે જ સાંજે તેણે પોતાના પરિવારને ફોન કરીને જણાવ્યું હતું કે તે ભવરકુઆં વિસ્તારમાં પહોંચી ગઈ છે અને થોડીવારમાં ઘરે પહોંચી જશે. જોકે, મોડી રાત સુધી તે ઘરે ન પહોંચતા પરિવારે ભવરકુઆં પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે નિક્કી મ્હોવથી ઈન્દોર પાછી ફરી ન હતી, પરંતુ તે સીધી ખરગોન જિલ્લાના બરવાહ વિસ્તાર તરફ ગઈ હોય તેવું જણાય છે.એડિશનલ ડીસીપી અમરેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, શરૂઆતમાં લાપતા થયાની ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે ખરગોન જિલ્લાના કરહી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતી નર્મદા નદીમાંથી એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો છે, જેની ઓળખ નિક્કી યાદવ તરીકે થઈ છે. પોલીસે નિક્કીના મોબાઈલ લોકેશનના આધારે પણ તપાસ શરૂ કરી છે. છેલ્લું લોકેશન ખરગોન જિલ્લાના બરવાહ વિસ્તારમાં ટ્રેસ થયું હતું.

## 'પીએમ મોદી પાસેથી બંધારણ શીખવાની જરૂર નથી': પ્રિયંક ખડગે

બેંગલુરુ : બંધારણના સન્માન અને તેના રક્ષણના મુદ્દે દેશના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. કર્ણાટકના મંત્રી અને કોંગ્રેસના નેતા પ્રિયંક ખડગેએ મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આરએસએસ (RSS) પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, કોંગ્રેસને વડાપ્રધાન મોદી પાસેથી બંધારણ વિશે શીખવાની કોઈ જરૂર નથી. પત્રકારો સાથેની વાતચીતમાં પ્રિયંક ખડગેએ દાવો કર્યો હતો કે વડાપ્રધાન મોદી જે વિચારધારામાંથી આવે છે, તેણે શરૂઆતથી જ બંધારણનો અનાદર કર્યો છે. તેમણે કહ્યું, "આરએસએસએ ૧૯૫૦માં બંધારણ સ્વીકારાયા બાદ તેનો વિરોધ કર્યો હતો. તેમના સંપાદકીયમાં સ્પષ્ટપણે લખ્યું હતું કે તેઓ બંધારણને સંપૂર્ણપણે નકારે છે." ખડગેએ વધુમાં આક્ષેપ કર્યો કે આરએસએસના લોકોએ તે સમયે રામલીલા મેદાનમાં અનેક વિરોધ પ્રદર્શનો કર્યા હતા અને માંગ કરી હતી કે દેશમાં બંધારણને બદલે 'મનુસ્મૃતિ' લાગુ કરવામાં આવે. આ નિવેદન પૂર્વે, સોમવારે રિપબ્લિક ટીવી સમિટમાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર તીખા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, "આજે જે લોકો બંધારણની વાતો કરે છે, તેઓ જ્યારે સત્તામાં હતા ત્યારે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં બંધારણનું નામ લેનારને ગોળી મારી દેવામાં આવતી હતી, છતાં તેઓ મૌન રહ્યા હતા." પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું હતું કે ૨૦૧૪ પછી તેમની સરકારે 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે સ્થિતિ બદલવા માટે કામ કર્યું છે. પ્રિયંક ખડગેએ પીએમ મોદીના સંસદની કામગીરી અને બંધારણ અંગેના વલણ પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે માત્ર મોદી જ નહીં, પણ આરએસએસને પણ આડે હાથ લેતા ફરી એકવાર સંસ્થાને સત્તાવાર રીતે નોંધણી કરાવીને તેના દસ્તાવેજો જાહેર કરવાની માંગ કરી હતી.

## ડોમેસ્ટિક ગ્રોથ અંગે પણ ચિંતા વ્યક્ત કરાઇ

# નબળા ચોમાસાથી મોંઘવારી ભડકે બળશે : આરબીઆઇ




મુંબઇ : નબળું દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ડોમેસ્ટિક ગ્રોથ અને મોંઘવારીનાં અંદાજ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે તેમ રિઝર્વ બેંકનાં બુલેટિનમાં સોમવારે જણાવવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે બીજી તરફ વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ હજુ પણ અનિશ્ચિત બનેલી છે. જૂનનાં બુલેટિનમાં અર્થતંત્રની સ્થિતિ પર છપાયેલા એક લેખમાં જણાવવામાં આવ્યું છે કે પશ્ચિમ એશિયામાં તાજેતરની વચગાળાની શાંતિ સમજૂતી છતાં જિયોપોલિટિકલ તંગદિલી અને વેપારમાં અવરોધો બનેલા છે.

આર્ટિકલમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા-ઈરાનની વચ્ચે વચગાળાની શાંતિ સમજૂતીથી થોડીક રાહત મળ્યા પછી પણ વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ નાજુક બનેલી છે. તેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે જો આ સમજૂતી તૂટશે તો મોંઘવારીમાં વધારો, જરૂરી એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અવરોધ, રોકાણ ખર્ચમાં વિલંબ, ફૂડ સિક્યુરિટીની ચિંતાઓ, નાણાકીય સ્થિરતા પર ખરાબ અસર જેવા મોટા જોખમ ફરીથી પેદા થઇ શકે છે. મુશ્કેલ વૈશ્વિક વાતાવરણની વચ્ચે ખાનગી ખર્ચ અને ફિક્સ્ડ રોકાણનાં જોરે ભારતીય અર્થતંત્ર ૨૦૨૫-૨૬નાં ચોથા કવાર્ટરમાં ૭.૮ ટકાનાં દરે વધ્યું છે. શરૂઆતનાં બે મહિનાનાં હાઈ ફ્રિકવન્સી ઈન્ડિકેટર ૨૦૨૬-૨૭માં પણ અર્થતંત્રની ઝડપ બની રહેવાનાં સંકેત આપે છે. મેમાં વધારો છતાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઇ) આધારિત ફુગાવો અંકુશમાં રહ્યો છે. એફડીઆઈનાં ઈનફ્લો અને પૂરતા વિદેશી મુદ્રા ભંડારનાં જોરે ભારતનું બાહ્ય સેક્ટર મજબૂત બની રહ્યું છે. ભારતીય અર્થતંત્રે આ અનિશ્ચિત વાતાવરણમાં પણ અન્ય દેશોની સરખામણીમાં સારો દેખાવ કર્યો છે અને મજબૂત ફંડામેન્ટલ્સને કારણે તે આંચકા સહન કરી શક્યું છે.

## CBSE બોર્ડની ઘોર બેદરકારી ઉઘાડી પડી

# પેપર ફરી ચેક થતાં જ વિદ્યાર્થિનીના 500માંથી 500 માર્ક્સ આવ્યા!

(એજન્સી) નવી દિલ્હી | તા 23



CBSE ધોરણ-12ની રિ-ઈવેલ્યુએશન પ્રક્રિયામાં ઝારખંડના રાંચીની વિદ્યાર્થીની અવની કેજરીવાલે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. મૂળ પરિણામમાં ઓછા ગુણ મળ્યા બાદ રિ-ઈવેલ્યુએશન માટે અરજી કરનાર અવનીના કુલ 24 ગુણ વધતા હવે તેને 500માંથી 500 ગુણ મળ્યા છે.100 માંથી 100 માર્ક મળ્યાંપ્રાપ્ત માહિતી અનુસાર, અવનીને પ્રારંભિક પરિણામમાં અંગ્રેજી વિષયમાં અપેક્ષા કરતાં 19 ગુણ ઓછા મળ્યા હતા. ઉપરાંત બિઝનેસ સ્ટડીઝમાં પણ 5 ગુણ ઓછા નોંધાયા હતા. અંગ્રેજી તેનો સૌથી મજબૂત અને પ્રિય વિષય હોવાથી તેણે ગુણ ચકાસણી માટે અરજી કરી હતી. રિ-ઈવેલ્યુએશન બાદ બંને વિષયોમાં ગુણ વધતા તેનો કુલ સ્કોર 100 ટકા પર પહોંચી ગયો છે. ધુર્વા સ્થિત DPS સેલ ટાઉનશિપ સ્કૂલમાં અભ્યાસ કરતી અવનીએ આ સફળતાનો શ્રેય પોતાના માતા-પિતા, શિક્ષકો અને માર્ગદર્શકને આપ્યો છે. તેના પિતા મિતેશ કેજરીવાલ વ્યવસાયી છે. જ્યારે માતા પૂનમ કેજરીવાલ ગૃહિણી છે. પરિવારના જણાવ્યા મુજબ અવની શરૂઆતથી જ અભ્યાસ પ્રત્યે ગંભીર અને મહેનતુ રહી છે.અવનીએ જણાવ્યું કે તે ભવિષ્યમાં બિઝનેસ મેનેજમેન્ટ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છે છે. આ માટે તેણે CUET UG 2026 પરીક્ષા પણ આપી છે. ઉલ્લેખનીય છે કે CBSEએ આ વર્ષે ધોરણ-12ની ઉત્તરવહીઓની તપાસ માટે ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. પરિણામ જાહેર થયા બાદ અનેક વિદ્યાર્થીઓએ ગુણાંકન અંગે રજૂઆતો કરતાં બોર્ડે રિ-ઈવેલ્યુએશનની સુવિધા ઉપલબ્ધ કરાવી હતી.

# કટિહાર-કુરેઠા અને કટિહાર-સોનાલી ડબલિંગ સેક્શનનું CRS નિરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ



માલીગાંવ | કોલકાતાના ઉત્તરપૂર્વ સરહદી સર્કલના રેલવે સલામતી કમિશનર (CRS), શ્રી સુમિત સિંઘલે, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) ના કટિહાર વિભાગ હેઠળ કટિહાર-કુરેઠા (11.06 કિમી) અને કટિહાર-સોનાલી (16.215 કિમી) વચ્ચે નવા બાંધવામાં આવેલા બ્રોડગેજ (BG) ડબલિંગ સેક્શનનું કાયદેસર નિરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. આ નિરીક્ષણ 17 જૂન થી 19 જૂન, 2026 દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું.કાયદેસર નિરીક્ષણના સફળ સમાપન પછી, રેલવે સલામતી કમિશનર (CRS) એ નવા બાંધવામાં આવેલા ડબલ-લાઈન સેક્શનની મુખ્ય લાઈન પર 110 કિમી પ્રતિ કલાકની મહત્તમ પરવાનગીવાળી ગતિએ પેસેન્જર અને માલવાહક ટ્રેનોના સંચાલનને મંજૂરી આપી છે. આ વિભાગોના કમિશનિંગથી ટ્રેનની ગતિમાં સુધારો થશે, લાઈન ક્ષમતામાં વધારો થશે અને નેટવર્કમાં વધુ કાર્યકારી સરળતા મળશે તેવી અપેક્ષા છે.આ વિભાગો, કટિહાર-કુમેદપુર અને કટિહાર-મુકુરિયા, નવા ડબલ-લાઈન પ્રોજેક્ટ્સનો ભાગ છે, જેનો ઉદ્દેશ્ય પ્રદેશમાં લાઈન ક્ષમતા વધારવા અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવાનો છે.આ ડબલ-લાઈન વિભાગોનું કમિશનિંગ ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના રેલ્વે માળખાને મજબૂત બનાવવા અને તેના મુસાફરો અને માલવાહક ગ્રાહકોને વધુ કાર્યક્ષમ, સલામત અને વિશ્વસનીય પરિવહન સેવાઓ પ્રદાન કરવાના સતત પ્રયાસોમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે સામાન્ય લોકોને રેલ્વે ટ્રેકની આસપાસ સતર્ક રહેવા અને અનધિકૃત સ્થળોએ ક્રોસિંગ અથવા અતિક્રમણ કરવાનું સખત રીતે ટાળવા અપીલ કરે છે. મુસાફરો અને સ્થાનિક રહેવાસીઓને ફક્ત નિયુક્ત ક્રોસિંગ પોઈન્ટનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે અનધિકૃત ક્રોસિંગ માત્ર રેલ્વે કાયદા હેઠળ સજાપાત્ર ગુનો નથી પરંતુ વ્યક્તિગત સલામતી અને ટ્રેન સંચાલન માટે ગંભીર ખતરો પણ છે.

## રાજ્યસભાની મુદત પૂર્ણ થઈ અને ભાજપે ફરી નોમિનેટ ન કર્યા

# મોદી કેબિનેટમાંથી દિગ્ગજ નેતાની વિદાય, રાજ્યસભાની ટર્મ પૂર્ણ થતાં મંત્રી પદથી રાજીનામું

(એજન્સી) નવી દિલ્હી | તા 23



ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા જ્યોર્જ કુરિયને મંગળવારે કેન્દ્રીય લઘુમતી બાબતો અને મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી (MoS)ના પદ પરથી સત્તાવાર રીતે રાજીનામું આપી દીધું છે. તેમની 6 વર્ષની રાજ્યસભાની મુદત પૂર્ણ થવાને કારણે તેમણે આ મંત્રી પદ છોડવું પડ્યું છે.રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદનમાં આ નિર્ણયની પુષ્ટિ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ કુરિયનનું રાજીનામું સ્વીકારી લીધું છે. 65 વર્ષીય જ્યોર્જ કુરિયન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ત્રીજી કેન્દ્રીય કેબિનેટમાં ઓગસ્ટ 2024થી રાજ્ય મંત્રી (MoS) તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓ ભાજપના વરિષ્ઠ નેતા છે, જેઓ વર્ષ 1980માં પક્ષની સ્થાપના થઈ ત્યારથી જ તેની સાથે જોડાયેલા છે. રાજકારણી હોવાની સાથે-સાથે તેઓ ભારતીય સર્વોચ્ચ અદાલતમાં વકીલ તરીકે પણ પ્રેક્ટિસ કરી ચૂક્યા છે. જ્યોર્જ કુરિયનની રાજ્યસભાની મુદત પૂરી થઈ ગઈ હોવાથી તેમણે કાયદાકીય રીતે આ પદ છોડવું પડ્યું છે. જો કે, રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચાઓ અને અહેવાલો મુજબ, કેરળ વિધાનસભા ચૂંટણીમાં પક્ષના નબળા પ્રદર્શનને કારણે તેમને પક્ષ દ્વારા ફરીથી રાજ્યસભામાં નોમિનેટ કરવામાં આવ્યા નહોતા. આથી મુદત પૂરી થતાં જ તેમણે પદ પરથી હટવું પડ્યું છે.

## ઓછા વરસાદને કારણે ખેડૂતો બદલી રહ્યા છે પાક

# અલ નીનો અને ઈથેનોલના કારણે ભારતમાં ખાંડનું સંકટ! મોટો નિર્ણય લેવાની તૈયારીમાં સરકાર

(એજન્સી) નવી દિલ્હી | તા 23

ભારત વિશ્વના અગ્રણી ખાંડ ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવે છે, પરંતુ આગામી વર્ષોમાં આ ચિત્ર બદલાઈ શકે છે. હવામાન નિષ્ણાતોના મતે, આ વર્ષે અલ-નીનોની અસરને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની આશંકા છે. આ સિવાય સરકારના ઈથેનોલ બ્લૅન્ડિંગ પ્રોગ્રામ પર વધતા ફોકસને લીધે પણ શેરડીનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે આ પરિસ્થિતિને જોતાં આગામી ઓછામાં ઓછા 3 વર્ષ સુધી ભારત પાસે મોટા પાયે નિકાસ કરવા માટે વધારાની ખાંડ ઉપલબ્ધ નહીં રહે.

ભારતમાં શેરડીની ખેતીનો મોટો આધાર ચોમાસા પર રહેલો છે. હવામાન વિભાગના અંદાજ પ્રમાણે આ વર્ષે વરસાદ ઓછો રહી શકે છે અને જૂન મહિનામાં પણ દેશના ઘણા વિસ્તારોમાં ઓછી વર્ષા થઈ છે. પાણીની અછતની ભીતિને કારણે હવે કેટલાક ખેડૂતો શેરડીને બદલે સોયાબીન, તુવેર અને અન્ય ઓછું પાણી માગતા પાકો તરફ વળી રહ્યા છે. જો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તો આગામી સીઝનમાં શેરડીના વાવેતર અને ઉત્પાદન બંને પર માઠી અસર પડી શકે છે.ઉદ્યોગ જગતના આંકડા અનુસાર, 2025-26ની સીઝનમાં ભારતનું ખાંડ ઉત્પાદન ઘટીને આશરે 2.79 કરોડ ટન રહેવાની ધારણા છે. તેની સામે દેશમાં દર વર્ષે ખાંડની ઘરઆંગણે વપરાશ લગભગ 2.85 કરોડ ટન જેટલી થાય છે. એટલે કે દેશમાં ખાંડની જરૂરિયાત તેના ઉત્પાદન કરતાં વધુ રહેશે. આ તફાવતને કારણે ખાંડ મિલો પાસે બચેલો સ્ટોક ઘટીને માત્ર 35 લાખ ટન આસપાસ રહી જશે, જે છેલ્લા કેટલાક દાયકાઓનું સૌથી નીચું સ્તર હશે.

સરકાર ક્રૂડ ઓઈલના આયાત બિલને ઘટાડવા માટે પેટ્રોલિયમમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા પર ખાસ ભાર મૂકી રહી છે. આ માટે શેરડી અને તેના બાય-પ્રોડક્ટ્સનો ઉપયોગ ઈથેનોલ બનાવવામાં મોટા પાયે થઈ રહ્યો છે. હાલમાં દેશમાં ઈથેનોલની માગ આશરે 12થી 13 અબજ લીટર છે, જે આગામી વર્ષોમાં વધીને 30 અબજ લીટર સુધી પહોંચી શકે છે. આ સંજોગોમાં શેરડીનો એક બહુ મોટો હિસ્સો ખાંડ બનાવવાના બદલે ઈથેનોલ ઉત્પાદન તરફ ડાયવર્ટ થઈ જશે.ભારત અગાઉ વૈશ્વિક ખાંડ બજારમાં 10% હિસ્સો ધરાવતો વિશ્વનો બીજો સૌથી મોટો ખાંડ નિકાસકાર દેશ હતો અને 2022-23 સુધીના 5 વર્ષોમાં દર વર્ષે સરેરાશ 68 લાખ ટન ખાંડ વિદેશોમાં વેચતો હતો. પરંતુ હવે સરકારની પ્રાથમિકતા દેશની સ્થાનિક સપ્લાય અને જરૂરિયાતો પૂરી કરવાની છે, જેથી આગામી સમયમાં નિકાસ પર કડક નિયંત્રણો ચાલુ રહેશે.નિષ્ણાતોના મતે, જો અલ-નીનોની અસર વધુ ઘાતક રહી, તો ભારતે વિદેશોમાંથી ખાંડ પણ આયાત કરવી પડી શકે છે. આ પૂર્વે ભારતે છેલ્લે 2016-17 અને 2017-18માં દુષ્કાળને કારણે ખાંડ આયાત કરી હતી. તે પહેલાં 2009 અને 2010માં ભારતે કરેલી ખાંડની જંગી ખરીદીને કારણે આખી દુનિયામાં ખાંડના ભાવો આસમાને પહોંચી ગયા હતા. ઓછો વરસાદ, ઈથેનોલની માગ અને શેરડીની ખેતી પરનું આ દબાણ હાલમાં ભારતના ખાંડ ઉદ્યોગ સામે સૌથી મોટો પડકાર છે.

### અમદાવાદમાં ગાડીમાંથી યુવકની લાશ મળી:દારૂની બોટલ પણ હતી

અમદાવાદ | અમદાવાદના નવરંગપુરામાં એક ગાડીમાંથી યુવકની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી છે. મેટ્રો બ્રિજ નીચે પાર્ક કરેલી ગાડીમાંથી યુવકની લાશ મળી છે. યુવકના શરીર પર ઈજાના કોઈ નિશાન જોવા મળ્યા નથી. જાણ થતા સ્થાનિક પોલીસની ટીમ સ્થળ પર પહોંચી છે સાથે જ FSLની ટીમ પણ પહોંચી છે. ગાડીમાંથી દારૂની બોટલ પણ મળી હતી. મૃતક યુવક પેટ્રોલ પુરું થતા કારમાં સૂઈ જતા મોત થયાની શંકા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે નવરંગપુરા પોલીસ સ્ટેશનથી 200 મીટરના અંતરે જ આ બનાવ બન્યો છે.


# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 24 JUNE-2026

AHMEDABAD


### અમદાવાદમાં ચાલતા નકલી બ્લડ પ્લાઝ્માના રેકેટનો પર્દાફાશ

અમદાવાદ | દર્દીઓને ચડાવવામાં આવતા અને કેન્સરની દવામાં ઉપયોગ થતા બ્લડ પ્લાઝમાને પણ હવે કૌભાંડીઓએ નથી છોડ્યા. અમદાવાદના ચાંગોદરમાં ધમધમતી એક લેબોરેટરીમાં બ્લડમાંથી અસલી પ્લાઝમા કાઢી તેની જગ્યાએ સ્લાઈન વોટર ઉમેરી અડધા ભાવે વેચી નાખતા હોવાનો ઘટસ્ફોટ થયો છે.મામૂલી રકમ માટે લોકોના આરોગ્યની ચિંતા કર્યા વગર ચાલતા આ રેકેટની સનસનીખેજ વિગતો સામે આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. નકલી પ્લાઝમાના કારણે કોઈ દર્દીની તબિયત લથડી છે કે નહીં તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.



## વાસણા બેરેજનો કાયાકલ્પ: માત્ર 35 દિવસમાં પૂર્ણ થઈ નવા દરવાજા નાખવાની કામગીરી

# અમદાવાદનું લાઈફલાઈન વાસણા બેરેજ હવે વધુ સુરક્ષિત









(એજન્સી) અમદાવાદ | તા. 23

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી પરના મહત્વપૂર્ણ એવા વાસણા-બેરેજના આધુનિકીકરણની કામગીરી માત્ર ૩૫ દિવસના રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યના જળસંપત્તિ વિભાગ હેઠળ કાર્યરત યાંત્રિક શાખા દ્વારા રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે ૧૯ નવા દરવાજા નાખવાનું અને ૧૦ ગેટનું રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સાથે જ સાબરમતી નદીમાં ફરી પાણી ભરવાનું શરૂ થઈ ચૂક્યું છે. ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને જળ સંપત્તિ-પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શન હેઠળ જળ સંપત્તિ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ડેમ સલામતીના કામોને અગ્રતા આપવામાં આવી રહી છે.પ્રિ-મોન્સુન નિરીક્ષણ બાદ ત્વરિત એક્શન: વર્ષ ૧૯૭૬માં નિર્માણ પામેલો વાસણા બેરેજ અમદાવાદ શહેર માટે પૂર નિયંત્રણ અને જળ વ્યવસ્થાપનનું મહત્વપૂર્ણ માળખું છે. વર્ષ ૨૦૨૫માં ડેમ-સેફ્ટી એક્ટ હેઠળ કરાયેલા પ્રિ-મોન્સુન નિરીક્ષણમાં યાંત્રિક શાખા દ્વારા બેરેજના દરવાજાઓનું નવીનીકરણ અને રીપેરીંગ માટે ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણોના આધારે બેરેજની લાંબાગાળાની સુરક્ષાને ધ્યાને રાખીને ગત તા. ૧૭ એપ્રિલ ૨૦૨૬થી બેરેજમાંથી પાણી સંપૂર્ણ ખાલી કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી. માત્ર ૩૫ દિવસમાં મિશન પૂર્ણ : જળ સંપત્તિ હેઠળની યાંત્રિક શાખા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને દરવાજાના વિવિધ ભાગોની ફેબ્રીકેશન કામગીરી ચાર માસમાં પૂર્ણ કરીને ડેમમાં પાણી ખાલી થયા બાદ માત્ર ૩૫ દિવસ જેવા ટૂંકા ગાળામાં અંદાજે રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે પાંચ હેવી ડ્યુટી મોબાઈલ ક્રેનની મદદથી ૧૯ દરવાજા બદલવાની તેમજ ૧૦ ગેટની રીપેરીંગ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. આ કામગીરીમાં કુલ ૪૬૦ મેટ્રીક ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે. યાંત્રિક કામગીરીની સાથે સાથે સિવિલ વિભાગ દ્વારા પણ હયાત સિવિલ સ્ટ્રકચરના મજબૂતીકરણ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી. સામાન્ય રીતે આ આ પ્રકારની કામગીરી પૂર્ણ કરવામાં ચાર- પાંચ મહિનાનો સમય લાગતો હોય છે. પરંતુ આ કામ માત્ર ૩૫ દિવસમાં જ પૂર્ણ કરવામાં આવ્યું. હવે, દરવાજાની ઉંચાઇ સુધી બેરેજમાં પાણી ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે.નોંધનીય છે કે, વાસણા બેરેજ ખાતે ૬૦ ફુટ X ૧૨ ફુટ સાઇઝના -૨૪ નંગ, ૬૦ ફુટ X ૧૪ ફુટ સાઇઝના -૨ નંગ તથા ૬૦ ફુટ X ૧૬ ફુટ સાઇઝના -૪ નંગ એમ કુલ ૩૦ દરવાજા લગાવવામાં આવ્યા છે. જેમાં વર્ષ-૨૦૧૦માં ત્રણ દરવાજા, ૨૦૧૧માં બે, વર્ષ-૨૦૧૩માં પાંચ દરવાજા તથા વર્ષ-૨૦૨૫માં એક એમ કુલ ૧૧ દરવાજા જરૂરીયાત મુજબ બદલવામાં આવ્યા હતા. આ કામગીરી પૂર્ણ થવાથી ચોમાસા દરમિયાન ડેમની સલામતીમાં વૃદ્ધિ થશે અને આગામી સમયમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ પૂરતું પાણી મળી રહેશે.

## પરિણીતાની સાસરિયાઓ સામે ફરિયાદ કરવામાં આવી

### થલતેજમાં ઘરમાંથી કાઢીને મકાન માટે 1 કરોડ અને પતિને મહિને 3 લાખના પગારની નોકરીની માગ કરવામાં આવી



અમદાવાદ | અમદાવાદના થલતેજમાં રહેતી 29 વર્ષીય પરિણીતાએ પોતાના પતિ અને અન્ય સાસરિયાઓ સામે શારીરિક-માનસિક ત્રાસ અને દહેજની માંગણી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.લગ્નના થોડા મહિનાઓ બાદ જ ઘરકામ બાબતે શરૂ થયેલા ઝઘડાઓએ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં સાસરિયાઓએ પરિણીતાના પિતા પાસે મકાન અથવા 1 કરોડ રૂપિયા રોકડા અને તેના પિતાની કંપનીમાં પતિને દર મહિને 3 લાખ રૂપિયાના પગારની માગ કરી હતી. સાસરિયાઓએ પરિણીતાના 105 તોલા સોનાના દાગીના પણ પરત આપ્યા નહોતા અને ઘરમાંથી કાઢી મૂકી હતી જે મામલે બોડકદેવ પોલીસે ફરિયાદ નોંધી છે.

થલતેજમાં રહેતી 29 વર્ષીય પરિણીતાએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તે હાલમાં પિતાના ઘરે રહે છે.પરિણીતા ઘરેથી જ એક કંપનીનું એકાઉન્ટ સંભાળી નોકરી કરે છે.યુવતીના લગ્ન ગત એપ્રિલ 2022ના રોજ સોલામાં રહેતા સચિન વિનોદકુમાર અખાણી સાથે થયા હતા. લગ્નના ચારેક મહિના સુધી બધું બરાબર ચાલ્યા બાદ સાસુ અને પતિ દ્વારા ઘરકામ બાબતે નાની-નાની વાતોમાં ઝઘડા શરૂ કરવામાં આવ્યા હતા. પતિ સચિને મારઝૂડ કરી હતી, અને સાસુ અલ્કાબેન, સસરા વિનોદકુમાર તેમજ નણંદ ભૂમિએ પણ પતિનો પક્ષ લઈને એકતાબેન અને તેમના માતા-પિતા વિશે અપશબ્દો બોલી સતત માનસિક ત્રાસ આપ્યો હતો.

13 સપ્ટેમ્બર 2023એ જ્યારે પરિણીતાના પિતા સામાજિક મિટિંગ માટે આવ્યા, ત્યારે સાસરિયાઓએ તેમની સાથે પણ ગેરવર્તન કર્યું હતું. પરિણીતા પિતાને મળવા ઘરની બહાર ગયા ત્યારે પતિ સચિને ફ્લેટનો દરવાજો બંધ કરી દીધો હતો.ત્યારબાદ પતિ અને સાસુ-સસરાએ સ્પષ્ટ કહ્યું હતું કે, તારા પિતા મકાન લેવડાવે અથવા મકાન પેટે 1 કરોડ રૂપિયા રોકડા આપે, અને તારા પિતા પતિને તેમની કંપનીમાં નોકરી પર રાખી દર મહિને 3 લાખ રૂપિયા પગાર આપે તો જ તને ઘરમાં રાખીશું.પતિ સચિને એમ પણ કહ્યું હતું કે તે તેમની સાથે કોઈ સંતાન પેદા નહીં કરે.

### નિવૃત્ત એસ.ટી. બસોને આધુનિક- સુસજ્જ મોબાઈલ ક્લાસરૂમમાં ફેરવીને રણશાળા વાહનો તૈયાર કરાયા

# ગુજરાત સરકારની અનોખી પહેલ: 'સ્કૂલ ઓન વ્હીલ્સ'- રણશાળા પ્રોજેક્ટનો પ્રારંભ



(એજન્સી) અમદાવાદ | તા. 23


રાજ્યમાં સર્વસમાવેશી શિક્ષણ સુનિશ્ચિત કરવાના એક મહત્વપૂર્ણ પગલા તરીકે, ગુજરાત સરકાર દ્વારા અંતરિયાળ રણ અને મીઠું પકવતા વિસ્તારોમાં રહેતા અગરિયા પરિવારોના બાળકોને અવિરત શિક્ષણ મળી રહે તે માટે નવીન 'સ્કૂલ ઓન વ્હીલ્સ' (School on Wheels) 'રણશાળા' પહેલ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં આ પ્રેરણાદાયી પહેલ શરૂ કરવામાં આવી છે. આજે જ્યારે રાજ્યભરમાં 'શાળા પ્રવેશોત્સવ'નો ભવ્ય પ્રારંભ થયો છે, ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી આ ૨૮ રણશાળાનું બસોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું.નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વડનગરથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવની જ્યારે શરૂઆત કરાવી છે ત્યારે ગુજરાત એસટી દ્વારા અગરિયા વિસ્તારમાં 'રણશાળા'ના એક ખૂબ જ નવા અભિગમ જોડે એસટીની જે વેસ્ટ બસો હતી એમાંથી કઈ રીતે તેનો બેસ્ટ ઉપયોગ થઈ શકે તેનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ૨૮ રણ શાળા આજે ગાંધીનગરથી સુરેન્દ્રનગર, પાટણ, કચ્છ અને મોરબી જિલ્લાના અગરિયા વિસ્તારો માટે પ્રયાણ કરશે. આ રણશાળા એ એક ખૂબ જ યુનિક મોડલ છે. બસની અંદર ૨૦ થી વધુ બાળકો માટે સોલર એનર્જીના માધ્યમથી ટીવી અને ડીશ ટીવીની વ્યવસ્થા છે જેથી ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનલાઈન ક્લાસીસનો પણ આ બધા જ બાળકો લાભ લઈ શકશે.

### રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા અર્થે વીડિયો કોન્ફરન્સ યોજાઈ

અમદાવાદ | મહોરમના તહેવાર નિમિત્તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને આજે પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી.આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે તમામ શહેર, જિલ્લા, રેન્જ અને યુનિટના વડાશ્રીઓને મહોરમના જુલૂસ, તાજીયાના રૂટ્સ પર ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે કડક 'બંદોબસ્ત સ્કીમ' તૈયાર કરવા સૂચના આપી હતી.

### સાયબર ઠગની નવી મોડસ ઓપરેન્ડી...

## પેન્શન કાર્ડ વેરિફિકેશન માટે વૃદ્ધને APK ફાઈલ મોકલી, ફોન હેક કરી 39.70 લાખ ટ્રાન્સફર કરી




અમદાવાદ | સાયબર ગઠીયાઓ અત્યાર સુધી RTO ચલણની APK ફાઈલ મોકલી ઠગાઈ કરતા હતા ત્યારે હવે નવી મોડસ ઓપરેન્ડી શરૂ કરી છે. જેમાં નિવૃત થયેલા વૃદ્ધને ટાર્ગેટ કરી પેન્શન વેરિફિકેશન માટેની APK ફાઈલ મોકલે છે જે ડાઉનલોડ કરાવી ફોન હેક કરાવી પૈસા પડાવે છે.અમદાવાદના એક વૃદ્ધને પણ APK ફાઈલ મોકલી હતી જે ડાઉનલોડ કરતા જ વૃદ્ધનો ફોન હેક કરી ખાતામાંથી 39.70 લાખ ટ્રાન્સફર કરી દીધા હતા.

ચાંદખેડામાં રહેતા 70 વર્ષીય વૃદ્ધ નિવૃત જીવન જીવે છે.વૃદ્ધને 18 જુને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો જેમાં ફોન કરનાર જણાવ્યું હતું કે તે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયામાંથી વાત કરે છે.પેન્શન કાર્ડ વેરિફિકેશન ફાઈલ મોકલી છે.

જે ડાઉનલોડ કરી તેમાં માહિતી ભરવાની રહેશે. જે બાદ APK ફાઈલ મોકલી હતી.વૃદ્ધે તેમના ફોનમાં APK ડાઉનલોડ કરી હતી.ફાઈલ ડાઉનલોડ કરતા જ વૃદ્ધના ખાતામાંથી પૈસા ડેબિટ થવાના અને ઓટીપીના મેસેજ આવવાના શરૂ થઈ ગયા હતા.

વૃદ્ધે તાત્કાલિક તેમના બેન્ક ઓફ ઈન્ડિયાના કસ્ટમર કેર ટોલ ફ્રી નંબર પર વાતચીત કરી તેમનું બેંક એકાઉન્ટ બ્લોક કરાવ્યું હતું.

વૃદ્ધ જ્યારે બેન્ક સ્ટેટમેન્ટની તપાસ કરી ત્યારે તેમના બેંકમાંથી ટુકડે ટુકડે 39.70 લાખ રૂપિયા બીજા ખાતામાં ટ્રાન્સફર થયા હતા.વૃદ્ધને જાણ થઈ કે તેમનો ફોન હેક કરીને અજાણ્યા વ્યક્તિએ તેમના ખાતામાંથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરી દીધા છે. વૃદ્ધે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### માણસા પોલીસ મથકના યુવા પોલીસકર્મીએ

## ફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લીધી

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લાના પોલીસ બેડામાં ફરી એકવાર ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે. માણસા પોલીસ મથકમાં ફરજ બજાવતા આશરે 28 વર્ષીય યુવા પોલીસકર્મી પર્વ વિનોદભારતી ગોસ્વામીએ એકલતાનો લાભ લઈ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર પોલીસ આલમ સ્તબ્ધ થઈ ગયો છે. ઘટનાની જાણ થતાં જ માણસા પોલીસનો ઉચ્ચ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં આ આત્મહત્યા પાછળ પારિવારિક વિખવાદ કે ગૃહ કંકાસ જવાબદાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે, જોકે આપઘાતનું સાચું કારણ પોલીસની સઘન તપાસ બાદ જ બહાર આવશે. છેલ્લા 2 વર્ષથી માણસા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા યુવા પોલીસકર્મી પર્વ ગોસ્વામી મૂળ મહેસાણાના વતની હતા. તેઓ ગાંધીનગરના ગ્રામ ભારતી ચોકડી પાસે આવેલી સ્વપ્નશીલ સોસાયટીમાં પોતાના પરિવાર સાથે રહેતા હતા. તેમના પરિવારમાં પત્ની અને સંતાનમાં એક નાનો પુત્ર છે. ગઈકાલે રાત્રે પર્વભાઈના પત્ની કોઈ કામસર થોડા સમય માટે ઘરની બહાર ગયા હતા,

આ જ ટૂંકા ગાળા દરમિયાન તેમણે ઘરમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. પત્ની જ્યારે પરત ઘરે ફર્યા ત્યારે પતિને આ હાલતમાં જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવાની કઠિન ડ્યુટી વચ્ચે કાયદાના રક્ષકો જ જે રીતે ડિપ્રેશન અને પારિવારિક વિખવાદનો ભોગ બની રહ્યા છે, તેણે ગૃહ વિભાગની ચિંતામાં મોટો વધારો કર્યો છે. વીઆઈપી ગણાતા ગાંધીનગર જિલ્લામાં જ છેલ્લા કેટલાક સમયમાં અડધો ડઝનથી વધુ સક્રિય પોલીસકર્મીઓ આપઘાત કરી ચૂક્યા છે.

### અમદાવાદની શાળાઓમાં પ્રવેશોત્સવ

## અધિકારીઓ મોડા પહોંચતા વિદ્યાર્થીઓએ ગેટ પર 45 મિનિટ રાહ જોઈ; 65,458 બાળકોને પ્રવેશ

અમદાવાદ | અમદાવાદ શહેર અને જિલ્લામાં ત્રિદિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ 2026 ની ભવ્ય શરૂઆત થઈ ચૂકી છે. આજથી 25 જૂન સુધી ચાલનારા આ મહોત્સવ અંતર્ગત બાલવાટિકા, ધોરણ 1 અને ધોરણ 9માં પ્રવેશ મેળવતા કુલ 65,458 બાળકોને ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવામાં આવશે. અમદાવાદની કૂલ 775 શાળાઓમાં આયોજિત આ કાર્યક્રમોમાં મંત્રીઓથી લઈને IAS અને IPS અધિકારીઓ હાજર રહ્યા હતા.

જોકે, આ ઉત્સવ વચ્ચે કડવો અનુભવ પણ સામે આવ્યો છે, જ્યાં કેટલાક અધિકારીઓ શાળાએ મોડા પહોંચતા નાના ભૂલકાંઓએ ગેટ પર સ્વાગત માટે 45 મિનિટથી વધુ સમય સુધી રાહ જોવી પડી હતી. આ સાથે જ સરકારી શાળાઓના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે ગ્રેડેશન અંગે પણ ઉચ્ચ સ્તરેથી કડક આદેશો આપવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આ પ્રવેશોત્સવ દરમિયાન સરકારી બાલવાટિકામાં 16,401, ધોરણ 1માં 16,777, ધોરણ 9માં 19,911 અને ધોરણ 11માં 14,470 બાળકોને પ્રવેશ અપાશે. શાળાઓમાં દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, વૃક્ષારોપણ, અને દિવ્યાંગ બાળકોના પ્રવેશ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત NMMS, PSE, SSE, CET અને જ્ઞાન સાધના પરીક્ષામાં ઉત્તર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને વિદ્યાલક્ષ્મી બોન્ડ, શૈક્ષણિક કિટ અને ગણવેશ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળામાં 6થી 14 વર્ષના તમામ બાળકોનું 100 ટકા નામાંકન થાય તે માટે ખાસ કમિટી પણ કાર્યરત કરાઈ છે.

બીજી તરફ, શીલજ ગામમાં આવેલી શીલજ પ્રાથમિક શાળામાં એક વિવાદાસ્પદ દૃશ્ય જોવા મળ્યું હતું. અહીં IAS મુકેશ કુમાર આવવાના હોવાથી વિદ્યાર્થીઓને સવારે 8 વાગ્યે જ સ્વાગત માટે ગેટ પર ઊભા રાખી દેવાયા હતા. પરંતુ અધિકારી અંદાજે 45 મિનિટ મોડા પડતાં ગરમીમાં બાળકો થાકીને નીચે બેસી ગયા હતા. જે બાદ અધિકારી આવ્યા ત્યારે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ બાળકોને શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. મુકેશ કુમાર દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ની બેઠક યોજાઈ હતી. જેમાં શાળાનો શૈક્ષણિક ગ્રેડ અગાઉ 'A' હતો તે ઘટીને 'B' થઈ જતાં અધિક સચિવ મુકેશ કુમારે ભારે ચિંતા અને નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આ ગ્રેડ કેમ ઘટ્યો તેના ચોક્કસ કારણો સાથેનો રિપોર્ટ રજૂ કરવા પ્રિન્સિપાલને કડક સૂચના આપી છે.

## ખેંચ આવતા હેરિયરચાલકે 6 લોકોને ઉડાવ્યા, યુવતીનું મોત : અમદાવાદમાં રિક્ષા બાદ 3 મોપેડને અડફેટે લઈ કાર દુકાનમાં ઘૂસી; અકસ્માતના ભયાનક CCTV



અમદાવાદ | અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલા અજિત મિલ બ્રિજથી ગરીબનગર તરફ આવતા રોડ પર 22 જૂનની મોડીરાત્રે એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની. ચાલુ કારે ચાલકને અચાનક આંચકી (ખેંચ) આવતા બેકાબૂ બનેલી કારે છ જેટલા લોકોની સાથે હોટેલની ટેબલ-ખુરશીને પણ ઉડાવ્યાં હતાં. આ ભયાનક દુર્ઘટનામાં એક એક્ટિવા સવાર યુવતીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું, જ્યારે અન્ય 6 જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતાં.

પોલીસ તપાસમાંથી મળતી વિગતો અનુસાર, ઓઢવના વિરાટનગર રોડ પર આવેલા શ્રદ્ધા બંગલોમાં રહેતા 40 વર્ષીય મયંકકુમાર દીપકભાઈ પટેલ પોતાની સફેદ રંગની ટાટા હેરિયર કાર લઈને પસાર થઈ રહ્યા હતા. કારમાં તેમની સાથે પત્ની ડિમ્પલબેન અને દીકરો કર્મ પણ સવાર હતા. રાત્રે અંદાજે 9:40 વાગ્યે અજિત મિલ બ્રિજ ઉતરતી વખતે મયંકકુમારને અચાનક આંચકી (ખેંચ) આવી જતાં તેમણે વાહન પરનો કાબૂ સંપૂર્ણપણે ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી આ કારે ગરીબનગર ચાર રસ્તા પાસે સૌપ્રથમ એક ઓટોરિક્ષાને જોરદાર ટક્કર મારી હતી અને ત્યારબાદ રસ્તા પરથી પસાર થઈ રહેલ ત્રણ એક્ટિવા અને એક બાઈક ચાલકને અડફેટે લીધા હતા. લોકોને કચડ્યા બાદ આ કાર નજીકની એક દુકાનમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ ભયાનક અકસ્માત સર્જાતા જ સમગ્ર વિસ્તારમાં ભારે નાસભાગ અને ચીસાચીસ મચી ગઈ હતી. જોતજોતામાં ઘટનાસ્થળે 500થી વધુ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા, જેને પગલે પરિસ્થિતિ ભારે તંગ બની ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતા જ સ્થાનિક ધારાસભ્ય દિનેશ કુશવાહ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તે માટે 2 એસીપી અને પીઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ભારે જહેમત બાદ અકસ્માત સ્થળેથી ટોળાને દૂર કરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. તમામ ઈજાગ્રસ્તોની સાથે કારચાલક પણ સારવારમાં: ટ્રાફિક PI 'H' ડિવિઝન ટ્રાફિક પીઆઈ એચ. વી. ધંધુકિયાએ ઘટના અંગે જણાવ્યું કે, અકસ્માતમાં ભોગ બનેલા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## વસ્ત્રાલ તળાવ ગાર્ડનમાં અસંખ્ય માછલીઓના મોત:AMCની બેદરકારીના કારણે સ્થિતિ સર્જાઈ



અમદાવાદ | શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલ તળાવ ગાર્ડનમાં અસંખ્ય માછલીઓના મોતનો બનાવ સામે આવ્યો છે. તળાવમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ જોવા મળતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. તળાવમાં ઓક્સિજન જાળવી રાખવા માટે આશરે 6 ઓક્સિજન મશીનો ઉપલબ્ધ હોવા છતાં એક પણ મશીન ચાલુ ન હોવાનું જણાવાઈ રહ્યું છે. જેના કારણે પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતા માછલીઓના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે આ ઓક્સિજન મશીનો માટે AMC દ્વારા કોન્ટ્રાક્ટરને ભાડું પણ ચૂકવવામાં આવે છે છતાં મશીનો કાર્યરત કેમ ન હતા તે અંગે અનેક સવાલો ઉભા થયા છે.

અગાઉ પણ સાબરમતી નદીમાં ઓક્સિજનની અછત અને પાણીની સ્થિતિને કારણે મોટી સંખ્યામાં માછલીઓના મોતની ઘટના સામે આવી હતી. ત્યારે પણ તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા હતા. હાલ વસ્ત્રાલ તળાવ ગાર્ડનની ઘટનાને લઈને સ્થાનિકો જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને તળાવની યોગ્ય દેખરેખની માંગ કરી રહ્યા છે. વસ્ત્રાલ તળાવમાં માછલીઓના મોત બાદ AMCની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ઓક્સિજન મશીનો બંધ હોવાના આક્ષેપ પણ કરવામાં આવી રહ્યો છે.

વસ્ત્રાલ તળાવમાં માછલીઓના મોત મામલે પૂર્વ ઝોનના એડિશનલ સિટી ઈજનેર રાખીબેન ત્રિવેદીએ


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...